પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૦૭-૨૦૨૫- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બિહારમાં ચૂંટણી પૂર્વે ૧૨૫ યુનિટ વિજળી મફત જાહેર

## મુખ્યમંત્રી નીતીશ કુમારની મફત વિજળીની યોજનાથી બિહારના ૧.૬૮ કરોડ પરિવારોને સીધો લાભ મળશે

પટના, તા. ૧૭

વિધાનસભા ચૂંટણી પહેલા, મુખ્યમંત્રી નીતિશ કુમારે બિહારના લોકોને મોટી ભેટ આપી છે. ૧ ઓગસ્ટથી રાજ્યના ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધી મફત વીજળી આપવામાં આવશે.



સીએમ નીતિશે 'C' પર લખ્યું, 'અમે શરૂઆતથી જ દરેકને સસ્તા દરે વીજળી પૂરી પાડી રહ્યા છીએ. હવે અમે નિર્ણય લીધો છે કે ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી, એટલે કે જુલાઈ મહિનાના બિલમાંથી, રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધીની વીજળી માટે કોઈ પૈસા ચૂકવવા પડશે નહીં. આનાથી રાજ્યના કુલ ૧ કરોડ ૬૭ લાખ પરિવારોને ફાયદો થશે. તેમણે લખ્યું, 'અમે એ પણ નક્કી કર્યું છે કે આગામી ત્રણ વર્ષમાં, આ બધા ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમના ઘરની છત પર અથવા નજીકના જાહેર સ્થળે સૌર ઉર્જા પ્લાન્ટ લગાવીને લાભ આપવામાં આવશે.

કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઉર્જા પ્લાન્ટ લગાવવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે. બાકીના માટે પણ સરકાર પૂરતો સહયોગ આપશે.'અંતે સીએમ નીતીશે લખ્યું, 'આ સાથે, ઘરેલુ ગ્રાહકોને હવે ૧૨૫ યુનિટ સુધી વીજળી ખર્ચવી પડશે નહી, અને એક અંદાજ મુજબ, આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦ હજાર મેગાવોટ સુધીની સૌર ઉર્જા ઉપલબ્ધ થશે.'

## દલ્હીની સ્કૂલમાં બોમ્બની ધમકી અંગે સગીર વિદ્યાર્થીની અટક

### સ્કૂલે જવાનો કંટાળો આવતા ૧૨ વર્ષના છોકરાએ ઈ-મેઈલ કર્યા હતા

નવી દિલ્હી, તા. ૧૭

દ્વારકા જિલ્લા પોલીસે પશ્ચિમ દિલ્હીમાં શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવા બદલ ૧૨ વર્ષના બાળકની અટક કરી છે. બાળકએ આવું એટલા માટે કર્યું કારણ કે તે શાળાએ જવા માંગતો ન હતો અને શાળાઓ બંધ રાખવા માંગતો હતો.પોલીસે બાળકની અટક કરી અને તેના માતાપિતાની હાજરીમાં તેનું કાઉન્સેલિંગ કર્યું અને બાદમાં તેને છોડી દીધો. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.દ્વારકા જિલ્લા પોલીસે છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીની શાળાઓ અને કોલેજોમાં વહેલી સવારે ઈ-મેલ દ્વારા મોકલવામાં આવતી બોમ્બ ધમકીઓના સંબંધમાં ૧૨ વર્ષના છોકરાની ધરપકડ કરી છે.બાળકે ઈમેઈલ મોકલ્યો કારણ કે તે શાળાએ જવા માંગતો ન હતો, પરંતુ આ ત્યારે જ થાત જ્યારે શાળા બંધ હોય. તેણે ઈમેઈલ મોકલ્યો જેથી શાળા બંધ થાય. જ્યારે તેના માતાપિતા ઘરે ન હોય ત્યારે તેને ઈમેઈલ મોકલવાની તક મળી.પોલીસે સ્પષ્ટ કર્યું નથી કે, ૧૨ વર્ષના બાળકે કઈ શાળાઓને

અનુસંધાન પાના ૭ પર

## વિદ્યાર્થીનીના આત્મદાહ કેસમાં ઓડિશા 'બંધ'માં તંગ પરિસ્થિતિ

### ઠેર-ઠેર ટ્રેનો તથા બસો રોકી દેવાઈ : રસ્તાઓ પર ટાયરો સળગાવાયા

નવી દિલ્હી, તા. ૧૭

જાતીય સતામણીના ભોગ બનેલી વિદ્યાર્થિનીના મૃત્યુના વિરોધમાં ગુરુવારે ઓડિશામાં વિપક્ષે બંધનું એલાન આપ્યું હતું. ભદ્રકમાં પ્રદર્શનકારીઓએ ટ્રેન રોકી હતી. ભુવનેશ્વરમાં બસો રોકી દેવામાં આવી હતી. મુસાફરોને ઘરે પગપાળા જવું પડ્યું હતું.

ભદ્રક જિલ્લામાં ચેન્નાઈ-કોલકાતા હાઈવે પર ટાયરો સળગાવવામાં આવ્યા હતા. તેના કારણે ટ્રકોની લાંબી લાઈન લાગી ગઈ હતી. આસપાસની ઘણી દુકાનો બંધ રાખવામાં આવી હતી. બજારમાં શાંતિ છવાઈ ગઈ હતી. મયુરભંજમાં પણ લોકો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા.




આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસ સહિત ૮ વિપક્ષી પક્ષોએ ભાગ લીધો હતો. આ વિરોધ પ્રદર્શનમાં બીજૂ જનતા દળ, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી માર્ક્સવાદી સીપીઆઈ(એમ), સમાજવાદી એકતા કેન્દ્ર (એસયુસીઆઈ) ના નેતાઓ અને કાર્યકરો પણ જોવા મળ્યા હતા.૧૨ જુલાઈના રોજ ઓડિશાના બાલાસોરમાં ફકીર મોહન ઓટોનોમસ કોલેજની એક વિદ્યાર્થીનીએ ઉત્પીડનથી કંટાળીને પોતાને આગ લગાવી દીધી. તેણે તાત્કાલિક એઈમ્સમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીનું ૧૪ જુલાઈના રોજ મૃત્યુ થયું હતું.

## ૩૬ કલાકથી સતત ભારે વરસાદ પડતા અમરનાથ યાત્રા સ્થગિત

### બાલતાલ અને પહેલગામના બન્ને રસ્તા બંધ કરી દેવાયા

જમ્મુ, તા. ૧૭

ખીણમાં ૩૬ કલાકથી થઈ રહેલા ભારે વરસાદને કારણે આજે અમરનાથ યાત્રા રોકી દેવાઈ છે. હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરનાં કેટલાંક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી અપાઈ છે.આ ચેતવણી ગાંદરબલ જીલ્લામાં યાત્રાના બાલતાલ માર્ગ પર થયેલા ભુસ્ખલનમાં એક મહિલા તીર્થયાત્રીનાં મોત અને અન્ય ત્રણ તીર્થયાત્રીના ઘાયલ થયાની ઘટના બાદ જાહેર થઈ છે.કાશ્મીરનાં સંભાગીય આયુકત વિજયકુમાર ભિદુરીએ જણાવ્યું હતું કે, પહેલગામ અને બાલતાલ બન્ને આધાર શિબીરોથી અમરનાથ યાત્રા ૧૭ જુલાઈ સુધી સ્થગીત કરાઈ છે. છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદના કારણે બન્ને માર્ગો પર રીપેરીગ કાર્ય કરવુ જરૂરી થઈ ગયુ છે.

મણે જણાવ્યુ હતું કે, જોકે ગઈકાલે રાત્રે પંજતમી શિબીરમાં રોકાયેલા યાત્રીઓને બીઆરઓ અને પર્વતીય બચાવ દળોની પર્યાપ્ત તેનાતીની સાથે બાલતાલ જવાની મંજુરી આપવામાં આવી રહી છે.

ભિદુરીએ જણાવ્યું હતું કે, સીમા

અનુસંધાન પાના ૭ પર

## બેલ્જિયમમાં ટુમોરોલેન્ડના મુખ્ય સ્ટેજ પર ભીષણ આગ લાગી

### વિશ્વ વિખ્યાત ડીજે મ્યુઝિક ફેસ્ટિવલના એક દિવસ પૂર્વે આગની દુર્ઘટના

બ્રસેલ્સ, તા. ૧૭

વિશ્વના સૌથી મોટા ઈલેક્ટ્રોનિક સંગીત ઉત્સવોમાંના એક, ટુમોરોલેન્ડના મુખ્ય મંચ પર, આ કાર્યક્રમ શરૂ થવાના એક દિવસ પહેલા જ ભીષણ આગ લાગી ગઈ. આ ઘટના બેલ્જિયમના બ્રસેલ્સ પાસે આવેલ બૂમમાં ઉત્સવના મેદાનમાં બની હતી, જ્યાં વાર્ષિક કાર્યક્રમમાં



વિશ્વભરના લાખો સંગીત પ્રેમીઓ આવે છે.

સોશિયલ મીડિયા પર ફરતા ઘણા ફોટા અને વિડીયોમાં મુખ્ય સ્ટેજ વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળે છે, જે આગથી ગંભીર રીતે નુકસાન થયું હોય તેવું લાગે છે. આગ લાગવાનું કારણ હાલમાં અજ્ઞાત છે, અને અધિકારીઓએ હજુ સુધી પુષ્ટિ કરી નથી કે કોઈ ઈજા થઈ

અનુસંધાન પાના ૭ પર

## બીજી પત્નિને પણ ભરણ પોષણનો અધિકારી છે : દિલ્હી હાઈકોર્ટ

### કાયદો પહેલા કે બીજા લગ્નમાં અંતર નથી કરતોઃ કોર્ટ

નવી દિલ્હી, તા. ૧૭

હાઈકોર્ટે જણાવ્યુ હતું કે અલગ રહેતી જીવન સાથીને ભરણ-પોષણ આપવાના મામલામાં ઘરેલુ હિંસા કાયદો પ્રથમ લગ્ન અને બીજા લગ્નમાં કોઈ અંતર નથી કરતો.ન્યાયમુર્તિ સ્વર્ણકાંતા શર્માની બેન્ચે જણાવ્યું હતું કે એકવાર જ્યારે કોઈ પુરૂષ સ્વેચ્છાથી બીજા લગ્ન કરી લે છે તો તે બીજી પત્નિ અને બાળકોને ભરણ-પોષણ ભથ્થુ આપવાનો ઈન્કાર ન કરી શકે.ખરેખર તો એક વ્યકિતએ અલગ રહેતી પત્નિને ભરણ-પોષણ આપવા સામે હાઈકોર્ટમાં કહ્યું હતું કે આ તેના બીજા લગ્ન છે.

આદેશમાં કહેવામાં આવ્યુ કે, એકવાર જ્યારે અરજદારે સ્વેચ્છાથી વિવાહ કરી લીધા અને પ્રતિવાદી અને તેના બાળકોએ સ્વીકારી લીધા તો હવે તે પોતાની કાનુની જવાબદારીનો વિરોધ કરવા માટે તેનો બચાવ તરીકે ઉપયોગ ન કરી શકે.

મહિલાએ જણાવ્યું હતું કે ૧૯૮૭ માં પોતાના પહેલા પતિના

અનુસંધાન પાના ૭ પર

## ચાંગુર બાબા કેસમાં મુંબઈ સહિત ૧૪ સ્થળો પર ઈડીના સામૂહિક દરોડા

### બલરામપુરામાં ૧૨ અને મુંબઈના ૨ સ્થળો પર વહેલી સવારથી છાપા મરાયા

નવી દિલ્હી, તા. ૧૭

ધર્માંતરણ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ જમાલુદ્દીન ઉર્ફે ચાંગુર બાબા સામે મોટી કાર્યવાહી કરી છે. ગુરુવારે ઉત્તર પ્રદેશના બલરામપુર અને મહારાષ્ટ્રના મુંબઈમાં ૧૪ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. ધર્માંતરણ અને મની લોન્ડરિંગ સંબંધિત ગંભીર આરોપો હેઠળ સવારે ૫ વાગ્યાથી આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. બલરામપુરના ઉત્તરૌલા વિસ્તારમાં ૧૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમોએ મુંબઈમાં બે સ્થળો (બાંદ્રા અને માહિમમાં રિઝવી હાઈટ્સ) પર દરોડા પાડ્યા હતા. માહિમ સ્થિત આ ઠેકાણું શહજાદ શેખનું નિવાસસ્થાન હોવાનું કહેવાય છે, જેને આ કેસમાં મુખ્ય આરોપી ચાંગુર બાબાનો નજીકનો સાથી માનવામાં આવે છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ ૨ કરોડ રૂપિયાની રકમ એક આરોપીના બેંક ખાતામાંથી શહજાદ શેખના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આમાંથી ચાંગુર બાબાના ખાતામાંથી એક કરોડથી વધુ રૂપિયા શેખના ખાતામાં ગયા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને શંકા છે કે આ પૈસા ગેરકાયદેસર ધર્માંતરણ પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાયા હતા.

એવો દાવો કરવામાં આવે છે કે ચાંગુર બાબાને લગભગ ૧૦૦ કરોડ રૂપિયા ભંડોળ તરીકે મળ્યા હતા જેથી આ પૈસાનો ઉપયોગ ધર્માંતરણમાં થઈ શકે. તેમણે આ પૈસાથી ઘણા વૈભવી બંગલા પણ બનાવ્યા હતા, જ્યાં અન્ય સમુદાયોની છોકરીઓને લાવીને ધર્માંતરણની સમગ્ર પ્રક્રિયા કરવામાં આવી હતી. મની લોન્ડરિંગનો કેસ બન્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કેસમાં તપાસ શરૂ કરી હતી.હાલમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમો સંબંધિત સ્થળોએ દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની તપાસમાં રોકાયેલી છે.

અનુસંધાન પાના ૭ પર

## સીરિયામાં ટીવી ચેનલ પર ઈઝરાયેલનો બમ્બથી હુમલો

### ચેનલ પર એન્કર ન્યુઝ વાંચતી હતી ત્યાંજ બોમ્બ હુમલો થયો

તહેરાન, તા. ૧૭

ઈરાન પછી, હવે ઈઝરાયલે સીરિયા સામે યુદ્ધ જાહેર કર્યું છે. ઈઝરાયલી સેનાએ બુધવારે (૧૬ જુલાઈ ૨૦૨૫) સીરિયાની રાજધાની દમાસ્કસમાં સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય અને રાષ્ટ્રપતિ મહેલ નજીક ડ્રોન હુમલા કર્યા હતા.

આ હુમલાનો એક વીડિયો સામે આવ્યો છે. જ્યારે આ હુમલો કરવામાં આવ્યો ત્યારે નજીકની ઈમારતમાં એક ટીવી એન્કર લાઈવ પ્રસારણ કરી રહી હતી. તે જ સમયે, એક જોરદાર વિસ્ફોટ થયો, જેના કારણે તે ડરી ગઈ અને સ્ટુડીયોમાંથી ભાગી ગઈ હતી.

ઈઝરાયલી સંરક્ષણ પ્રધાન કાત્ઝે ડ પર આ વીડિયો શેર કરીને હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે દમાસ્કસમાં સીરિયન લશ્કરી મુખ્યાલયના પ્રવેશદ્વારને નિશાન બનાવવામાં આવ્યો છે.સીરિયન સૈન્યને સુવૈદાથી પીછેહઠ કરવાની ચેતવણી આપ્યા બાદ ઈઝરાયલી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી

અનુસંધાન પાના ૭ પર

## ઈઝરાયેલમાં નેતન્યાહુ સરકારને આપેલો ટેકો બે પક્ષોએ ખેંચી લીધો

### ધાર્મિક વિદ્યાર્થીઓને લશ્કરી સેવામાંથી મુક્તિ આપવા અંગેના વિવાદમાં ઈઝરાયલની સરકાર ડામાડોળ

નવી દિલ્હી, તા. ૧૭

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સરકાર લઘુમતીમાં આવી ગઈ છે. અલ્ટ્રા-ઓર્થોડોક્સ શાસ પાર્ટીએ બુધવારે જાહેરાત કરી હતી કે તે સરકારમાંથી ટેકો પાછો ખેંચી લેશે. એક દિવસ પહેલા, યુનાઈટેડ ટોરા જુડાઈઝમ (UTJ) પાર્ટી પણ સરકાર છોડી ગઈ હતી.

ઈઝરાયલની ૧૨૦ બેઠકોવાળી સંસદ (નેસેટ - નીચલા ગૃહ)માં સરકાર બનાવવા માટે ૬૧ બેઠકોની જરૂર છે. આ બે પક્ષોના અલગ થવાને કારણે, શાસક ગઠબંધન પાસે ફક્ત ૫૦ બેઠકો બાકી છે.

ગઠબંધન છોડવાના મુદ્દા પર, શાસ પાર્ટીએ કહ્યું- ભારે હૃદયથી આપણે સ્વીકારવું પડશે કે આપણે સરકારનો ભાગ રહી શકીશું નહી. જો કે, અમે આ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરીશું નહીં અને કેટલાક કાયદાઓ પર ગઠબંધનને સમર્થન આપી શકીએ છીએ.આ વિવાદનું મુખ્ય કારણ રૂઢિચુસ્ત ધાર્મિક વિદ્યાર્થીઓને લશ્કરી સેવામાંથી આપવામાં આવેલી મુક્તિ છે. આ વિદ્યાર્થીઓ લાંબાસમયથી ફરજિયાત લશ્કરી સેવામાંથી મુક્તિનો આનંદ માણી રહ્યા છે. નેતન્યાહૂ સરકારે તાજેતરમાં આ મુક્તિને મર્યાદિત કરવા માટે એક બિલ લાવ્યું હતું, જેના કારણે શાસ પાર્ટી અને યુટીજેએ સરકાર છોડવાનો નિર્ણય લીધો

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તરાખંડની શાળાઓમા ગીતા પાઠ, શ્લોક બોલવા ફરજીયાત

### અભ્યાસક્રમની બહારનું જ્ઞાન બાળકોને આપવું જરૂરી હોવાનો તર્ક

નવી દિલ્હી, તા. ૧૭

શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ તથા પૌરાણીક જ્ઞાન પર ફોકસ વધારવામાં આવી રહ્યું છે. ત્યારે ઉતરાખંડમાં નવી પહેલ શરૂ થઈ છે. સ્કુલોની પ્રાર્થના સભાઓમાં ભગવદ ગીતાના પાઠ-શ્લોક બોલવાનું ફરજીયાત બનાવાયું છે.

ઉતરાખંડનાં શિક્ષણ વિભાગનાં સુત્રોએ કહ્યું કે કલાસરૂમની બહાર વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિથી વાકેફ કરીને જ્ઞાન આપવાનો ઉદેશ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભારતીય સંસ્કૃતિ, વારસા તથા પરંપરા વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવા કહેવામાં આવ્યું જ છે.અભ્યાસક્રમની બહારનું જ્ઞાન પણ જરૂરી છે. ખુદ મુખ્યમંત્રીએ શાળાઓમાં આ સિસ્ટમ શરૂ કરવા સુચના આપી હતી. જે અંતર્ગત સ્કુલોમાં સવારની પ્રાર્થના સભામાં ભગવદ ગીતાના પાઠ ફરજીયાત કરાયા છે. દરરોજ અમુક શ્લોક બોલાવવામાં આવશે.આ પહેલ કરનાર ઉતરાખંડ પ્રથમ રાજય બન્યુ છે. ગુજરાત સહીતનાં રાજયોએ પણ આવી જાહેરાત કરી હતી. પરંતુ અમલ કર્યો નથી. ગુજરાત સરકારે ૨૦૨૨ માં

અનુસંધાન પાના ૭ પર

## બિહરાના જુદા-જુદા જિલ્લામાં વિજળી પડતા ૨૦ લોકોનાં મોત

### ફાલ્ગુ નદીનું જળસ્તર વધતા નાલંદામાં પૂરની સ્થિતિ

નવી દિલ્હી, તા. ૧૭

બિહારના નાલંદા જિલ્લાના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ છે. ઝારખંડથી નદીમાં આવતા વરસાદી પાણીને કારણે ફાલ્ગુ નદીનું પાણીનું સ્તર સતત વધી રહ્યું છે.

બુધવારે રાજયના વિવિધ જિલ્લાઓમાં વીજળી પડવાથી ૨૦ લોકોનાં મોત થયા હતા. જોકે, રાજ્યમાં આ સિઝનમાં અત્યાર સુધી સરેરાશ કરતા ૪૬% ઓછો વરસાદ પડ્યો છે.

હિમાચલ પ્રદેશમાં ૨૦ જૂનથી અત્યાર સુધીમાં ૧૦૬ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત ભારે વરસાદ અને વાદળ ફાટવા જેવી ઘટનાઓને કારણે ૮૧૮ કરોડ રૂપિયાની સરકારી અને ખાનગી સંપત્તિને નુકસાન થયું છે.

દિલ્હી-એનસીઆરમાં છેલ્લા એક અઠવાડિયાથી ભારે વરસાદ ચાલુ છે. છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. ખરાબ હવામાનને કારણે બુધવારે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થતી ૬ ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવી પડી હતી.

આસામના દિમાહાસાઓમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના નિર્માણ દરમિયાન ભૂસ્ખલનમાં ૨ લોકોનાં મોત થયા છે અને ૫ ઘાયલ થયા છે. જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદની ચેતવણીને કારણે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

બુધવાર રાત્રે અને ગુરુવારે ભારે વરસાદને કારણે કર્ણાટકના મેંગલુરુમાં ભૂસ્ખલન થયું હતું. પથ્થરો અને માટી પડવાના કારણે બીજે રોડ અને કેપીટી રોડ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે, એક તરફી ટ્રાફિક શરૂ કરવામાં આવ્યો છે અને રસ્તો સાફ કરવામાં આવી રહ્યો છે.

# એએમ-એનએસ ઇંડિયાના હજીરા પ્લાન્ટમાં અત્યાધુનિક સીજીએલની શરૂઆત કરાઈ

## ઓટોમોટિવ સેક્ટર માટે સૌથી મજબૂત સ્ટીલ તૈયાર કરશે



સુરત, તા.૧૭

હજીરા – સુરત, જુલાઈ ૧૬, ૨૦૨૫: આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા (AM/NS India)એ આજે પોતાના હજીરા (ગુજરાત) સ્થિત મુખ્ય પ્લાન્ટમાં નવી અને આધુનિક કન્ટિન્યુઅસ ગેલ્વેનાઈઝિંગ લાઈન (CGL) શરૂ કરી છે. આ સાથે જ AM/NS Indiaએ ભારતમાં એકમાત્ર એવી કંપની બની છે જે ૧૧૮૦ મેગા પાસ્કલ (MPa) સુધીની મજબૂત એડવાન્સ હાઈ-સ્ટ્રેન્થ સ્ટીલ (AHSS) બનાવી રહ્યું છે — જે ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે સંપૂર્ણ સુરક્ષિત, ટકાઉ અને ઈંધણની બચત પૂરું પાડનારું છે.

આ શરૂઆત કંપનીની એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. કંપની રૂ.૬૦,૦૦૦ કરોડના વિશાળ વિસ્તરણ પ્રોજેક્ટ પર વ્યૂહાત્મક રીતે કામ કરી રહી છે, જેમાં અપસ્ટ્રીમ, ડાઉનસ્ટ્રીમ અને અન્ય જરૂરી સુવિધાઓનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલી આ વિસ્તરણ યોજના હજીરાના ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટમાં વિવિધ પ્રકારના સ્ટીલ ગ્રેડ્સનું ઉત્પાદન વધારવાના હેતુસર અમલમાં મુકવામાં આવી છે, જેથી બજારની બદલાતી માંગ અને ભાવિ જરૂરિયાતોને સારી રીતે પહોંચી શકાય. નવું CGL યુનિટ તેની પેરેન્ટ કંપનીઓ — આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના વૈશ્વિક અનુભવ અને ટેક્નોલોજી પર આધારિત છે. તે ઓટોમોટિવ સેક્ટરમાં મોટા ફેરફાર લાવશે, કારણ કે અત્યાર સુધી આ પ્રકારના હાઈ-ગ્રેડ સ્ટીલ માટે ભારતે આયાત પર નિર્ભર રહેવું પડતું હતું. અહીં ગેલ્વેનાઈઝ્ડ (GI) અને ગેલ્વેનિઅલ્ડ (GA) કોટેડ ફ્લેટ સ્ટીલનું ઉત્પાદન થશે, જેમાં આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના લાઈસન્સવાળા ખાસ પ્રકારના ઉત્પાદનોનો પણ સમાવેશ થાય છે.

# ત્રીજી શ્રેણી ક્લાર્કની ભરતી કરવા મેયર સમક્ષ યુનિયનની રજૂઆત

## ક્લાર્કની ૫૩૦ જગા ખાલી હોવાથી કામનું ભારણ વધ્યું: મો.ઈકબાલ શેખ

સુરત, તા.૧૭

સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળના પ્રમુખશ્રી મોહંમદ ઈકબાલ શેખ, મહામંત્રી શ્રી દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખશ્રી ભરતભાઈ ઠાકુર, મંત્રીશ્રી રવિ એન., ઠક્કર , કારોબારી સભ્ય શ્રી રોશની મોદી દ્વારા માનનીય મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સુરત મહાનગરપાલિકાને રૂબરૂ મળી ત્રીજી શ્રેણી ક્લાર્કની ૫૩૦ જેટલી ખાલી જગ્યાઓ પ્રમોશનથી ભરવા રજૂઆત કરેલ છે. વધુમાં આટલી બધી જગ્યાઓ ખાલી હોવાથી કર્મચારીઓને કામગીરીમાં ભારણ પણ વધેલ હોય અને ઘણું મોટું આર્થિક નુકસાન પણ થતું હોય એ બાબતે જાણકારી આપેલ છે.તેમજ આરોગ્ય કેડરની CSI અને SI ની ખાલી જગ્યાઓ પણ તાકીદે પ્રમોશનથી ભરવા રજૂઆત કરેલ છે.જે અંગે માનનીય મેયરશ્રી દ્વારા સમગ્ર બાબતો અંગે ખૂબ જ તાકીદે કાર્યવાહી કરવામાં આવશે,તેવી હૈયા ધરપત આપેલ છે.વધુમાં ડેપ્યુટી કમિશનર શ્રી દિનેશ ગુરવ સાથે પણ રૂબરૂ મિટિંગ કરી VBDC તેમજ સેનિટેશન વિભાગના સાધનો,જંતુનાશક દવાઓ તથા CSI ,SI ના પ્રમોશન તેમજ તમામ ખાલી જગ્યાઓ તાકીદે ભરવા જેવા પ્રશ્નોનોનુ નિરાકરણ તાકીદે લાવવા રજૂઆત કરેલ હતી.જે અંગે પણ ડેપ્યુટી કમિશનર શ્રી દિનેશ ગુરવ દ્વારા ખૂબ જ હકારાત્મક વલણથી બાકી રહેલ તમામ પ્રશ્નો આવનાર ટૂંક દિવસમાં પૂર્ણ કરવા હૈયાધરપત આપેલ છે.




## દિકરીઓ પર અસામાજીક તત્વોનો ત્રાસ

# કતારગામમાં કેન્ડલ માર્ચમાં જનમેદની ઉમટી

## ૨૦ હજારથી વધુ જાગૃત નાગરિકોએ કેન્ડલ માર્ચમાં જોડાઈ, દિકરીને શ્રદ્ધાંજલિ આપી

સુરત, તા.૧૭

કતારગામમાં રહેતી ટ્યુશન શિક્ષિકા ૧૯ વર્ષીય સ્વ. નેનુ રજનીભાઇ વાવડિયાએ ૧૩ જુલાઈના રોજ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ગંભીર ઘટનામાં એક દીકરીએ દુષપ્રેરણાના કારણે આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. આવા ગંભીર મુદ્દાઓને પ્રકાશમાં લાવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા તથા ભયમુક્ત રીતે પોલીસ ફરિયાદ સુધી પહોંચી શકાય તે માટે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સર્વ સમાજના આગેવાનો, મહિલાઓ અને યુવાનો મળીને ૨૦ હજારથી જાગુત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્ડલમાર્ચનું આયોજન કરનાર અભિન કળથિયા, ઉમેશ ઝડફિયા, વિજય માંગુકિયા જેવા સામાજિક યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે જણાવ્યું હતું કે, આવા દુષણ સામે એકતાથી અવાજ ઊભો કરવો જરૂરી છે. આવી દુઃખદ ઘટનાઓ ફરી ન બને એ માટે સામૂહિક જાગૃતિ જરૂરિયાત બની ગઈ છે, આ કેન્ડલ માર્ચનો હેતુ એ છે કે સમાજના દરેક વર્ગે એક સાથે એકત્ર થઈને આવી ગંભીર ઘટનાઓનો વિરોધ વ્યક્ત કરે અને ભવિષ્યમાં આવું ફરી ન બને તે માટે સામૂહિક જાગૃતિ ઉભી થાય, કેન્ડલ માર્ચના આયોજન અંગે અમને પોલીસ પરવાનગી મળેલ છે.

કતારગામમાં ચાલી રહેલા લુખ્ખા તત્વોનો ત્રાસ હવે સમાજ માટે ચિંતાનો વિષય છે. આવા તત્વો સામે કડક કાર્યવાહી થાય, દિકરીઓને સુરક્ષા અને ન્યાય મળે એ માટે આ માધ્યમથી મજબૂત સંદેશ આપવામાં આવ્યો. એટલી હદે આંતક મચ્યો છે કે દિકરા-દિકરીઓને આપઘાત સુધીના પગલા ભરવા પડે છે, તે અંગે દરેક સમાજના લોકો જાગુત થઈ સૌ સાથે મળીને આ દુષણ ને ડામવા માટે બુધવારની સાંજે ૮ કલાકે ડભોલી ચારરસ્તાથી પ્રમુખ ચોક પાસેથી પસાર થઈને આંબાતલાવડી ટેન્ક સર્કલ સુધી મૌનરેલી કાઢીને કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ''આરોપીનું સરઘસ કાઢો'', ''આરોપીને કડક સજા આપો'', ''હે નારી તું કદી ન હારી'' , ''દીકરી રડે નહિ, હવે સમાજ બોલશે'', જે અંગેના બેનરો સાથે મૌનપાળીને સ્વ. નેનુબેન વાવડિયાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમાં સર્વ સમાજના આગેવાનો, મહિલાઓ, ભાઈઓ અને યુવાનો ૨૦ હજારથી વધુ જાગુત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે, સમગ્ર યાત્રા મૌન અને શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી, જેમાં અહિંસક રીતે એકતાના દર્શન થયા. સ્વ. નેનુબેન માટે શ્રદ્ધાંજલિ તથા આવું પુનઃ ન બને એ માટે સમાજનો સંકલ્પ સાકારરૂપે અહીં જોવાયો.



# કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરતા યુનિ.ની જમીન ભાડે આપવાનો નિર્ણય રદ

## સમગ્ર પ્રકરણમાં કુલપતિની ભૂમિકા શંકાસ્પદ હોવાનો કોંગ્રેસનો આરોપ

સુરત, તા.૧૭

આજરોજ સુરત શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી વિપુલભાઈ ઉધનાવાલાના અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે રાખવામાં આવ્યો હતો આ તબ્બકે પ્રમુખ શ્રી વિપુલ ઉધનાવાળા દ્વારા જણાવામાં આવ્યું હતું કેદક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા યુનિવર્સિટીની જમીન ભાડાપટ્ટે આપવાનું નક્કી કરેલ હતું અને તે બાબતે યુનિવર્સિટી સાથે સંકળાયેલ શિક્ષણવિદો અને સુરત શહેર ના વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા આ બાબત ની માહિતી મળેલ હતીઅને તેની વિગતવાર માહિતી મુજબ કુલપતિશ્રી, દ્વારા ગેરબંધારણીય પ્રકિયા અનુસરીને કોઈ મોટા માથાના દબાણને વશ થઈને અને યુનિવર્સિટીની આ જમીન આવનાર દિવસોમાં મફતના ભાવે ભાડાપટ્ટે આપવાનું નક્કી કરેલ હતું અને તેના નિયમો ને અવગણીને તે બાબતના ઠરાવ પણ પસાર કરવામાં આવ્યા હતા માટે સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ યુનિવર્સિટી ખાતે વિરોધ પ્રદર્શન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો અને આ કાર્યક્રમની કુલપતિશ્રી ને જાણ થતાં યુનિવર્સિટીની આ જમીન ભાડે આપવાનું ઠરાવ કરીને રદ કરવામાં આવ્યો હતો પરંતુ કુલપતિશ્રી જેની ભૂમિકા સમગ્ર ઘટનાક્રમમાં શંકાસ્પદ હોય તેમને આવનાર દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા તાત્કાલિક બરખાસ્ત કરવા કુલાધિપતિ ને રજુઆત કરવા મા આવશે.સુરત શહેર કોંગ્રેસ સમિતિ હંમેશા અન્યાય સામે લડત આપવા માટે

અનુસંધાન પાના ૭ પર

# ઉમરગામમાં બનેલી પાણીની ટાંકી ૨૦ વર્ષથી માત્ર શોભાની

## જર્જરીત બની ગયેલી પાણીની ટાંકી પ્રત્યે પાલિકા તંત્ર બેદરકાર

ઉમરગામ, તા.૧૭


ઉંમરગામ તાલુકા માં આજ થી વિસ વર્ષ પહેલા બનેલી પાણી ની ટાંકી માં આજ દિન સુધી પાણી આવ્યું નથી. પાલિકા દ્વારા એના ફિટનેશ સર્ટિફિકેટ બાબતે પણ કોઈ જાણકારી આપેલ નથી. પાણી ની ટાંકી ની મરમત બાબતે પણ લાપરવાહી જોવા મળી છે. ના કરે નારાયણ અને ટાંકી તૂટી પડે? તો આસપાસ ના વિસ્તારો પ્રભાવિત થઈ શકે, લોકો માટે જોખમ રૂપ બનેલ પાણી ની ટાંકી માટે પાણી પુરવઠા ખાતા ની શુ જવાબદારી હોય એ પણ તપાસ નો વિષય છે.



પાલિકા તેમજ પાણી પુરવઠા વિભાગ આવી ગંભીર અને વિકટ સમસ્યા બાબતે યોગ્ય કાર્યવાહી કરે એ જરૂરી બન્યું છે.ગ્રામ પંચાયત ના સમયે બનેલ પાણી ની ટાંકી હાલ પાલિકા ની દેખરેખ હેઠળ હોય તો? જવાબદાર અધિકારી દ્વારા સમસ્યા ને ધ્યાન માં લઈ યોગ્ય કાર્યવાહી કરે એવી લોક લાગણી જોવા મળી છે. સ્થાનિકો એ આપેલી જાણકારી ના આધારે પાણી ની ટાંકી લોક ઉપયોગી બને એવી લાગણી વ્યક્ત કરી હતી.

# ગુરુવર્ય પ.પૂજ્ય સત્ય સંકલ્પદાસજી સ્વામીના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ

## એસએમવીએસ તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધર ખાતે કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૧૭

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા SMVS તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધર ખાતે પરબ્રહ્મ પુરુષોત્તમની મુર્તિમાં અખંડ રહેનારા અને ભગવાન સ્વામિનારાયણે સ્વયં સ્વ હસ્તે જેમને દિક્ષા આપી છે એવા સ્વ સિદ્ધ અનાદિમુકત સત્પુરુષ એટલે ગુરુવર્ય પ.પૂ.સત્ય સંકલ્પદાસજી સ્વામીશ્રી.સદગુરુ સાચા રે,સેવો શુધ્ધ ભાવે શું રે,જેથી ટળે મનના વિવિધ વિકાર રે.આવા સમર્થ સદગુરુના દિવ્યભાવે દર્શન,પુજન અને સમાગમથી ધન્ય થઈ ગુરુપૂર્ણિમા ૨૦૨૫ નો ભવ્ય પ્રતિક ઉત્સવ તારીખ ૧૩ મી જુલાઈ ૨૦૨૫ ને રવિવારના રોજ યોજાયો હતો.આંબલીયાત ચોકડીથી ભવ્ય રીતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પ.પૂ.સત્ય સંકલ્પદાસજી સ્વામીશ્રીના સામૈયાનો કાર્યક્રમ યોજાયો હતો.ભકતો ખુબ જ મોટી સંખ્યામાં ભવ્ય રીતે ઉત્સાહભેર જોડાયા હતા.પુરુષ સભામંડપ અને મહિલા સભામંડપમાં ખુબ જ મોટી સંખ્યામાં ઉત્સાહભેર મુક્તોએ ગુરુપૂર્ણિમાના પ્રતિક સમા દિવ્ય

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્ન કેસમાં મેહુલ કલારથીને એક વર્ષની સજા ફટકારતી અદાલત

## ચિત્રા કોર્પોરેશનના માલિકને સજા ઉપરાંત રૂપિયા ૨૦.૫૦ લાખ ફરિયાદીને ચૂકવી દેવાના હુકમ સાથે ૫૦,૦૦૦નો દંડ

સુરત, તા.૧૭

માલના બદલામાં લખી આપેલા ચેક રીર્ટન થવાના કેસમાં સુરત ની અદાલત દ્વારા આરોપી ચિત્રા કોર્પોરેશનના માલિકને મુદ્દલ ઉપરાંત ની રકમ ચૂકવી દેવા સાથે એક વર્ષની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. ફરિયાદી કલ્યાણ ક્રાફ્ટ પેપરમીલ પાસેથી આરોપી ચિત્રા કોર્પોરેશનના માલિક મેહુલ રમણલાલ કલારથીએ ૨૦ લાખ રૂપિયા નો માલ ખરીદી પેમેન્ટ પેટે રૂ.૨૦ લાખના ચેક લખી આપ્યા હતા. ચિત્રા કોર્પોરેશને લખેલા ચેક રિટર્ન થતા કલ્યાણ ક્રાફ્ટ મીલ્સ દ્વારા સુરતની કોર્ટમાં નીગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ કર્યો હતો. ચેક રિટર્નનો કેસ ચાલી જતા સેકન્ડ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મનીષ વી ચૌહાણ સાહેબ દ્વારા પુરાવાને આધીન આરોપી મેહુલ કલારથી ને ૨૦.૫૦ લાખ રૂપિયા ફરિયાદીને ચૂકવી દેવા સાથે રૂપિયા ૫૦ હજારનો દંડ ઉપરાંત એક વર્ષની સજા નો હુકમ કર્યો હતો. તેમજ રૂપિયા નહી ચૂકવે તો આરોપીને વધુ ત્રણ માસની સજા ફરમાવી હતી. ફરિયાદી તરીકે કોર્ટમાં એડવોકેટ આત્મારામ ત્રિપાઠી,એડવોકેટ જ્યોતિબેન સારંગ તથા એડવોકેટ સેજલબેન રાણા દ્વારા દલીલો કરવામાં આવી હતી.



# લંગડી ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ગજેરા વિદ્યાલયનો શ્રેષ્ઠ દેખાવ

સુરત, તા.૧૭

ગત તા.૯ જુલાઈ ૨૦૨૫ દરમિયાન યોજાયેલ ''ઈન્ટરનેશનલ લંગડી સ્પર્ધા, નેપાળ" નાં (પોખરા) મુકામે યોજાય હતી. જેમાં બે વિભાગ રાખવામાં આવ્યા હતા. બોયસ અને ગર્લ્સ. આ સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન શાળાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ ખુબ જ ઉત્સાહપૂર્વક રમત રમી વિજેતા થયા છે. સૌથી મહત્વની અને શાળાને ગૌરવ અપાવનાર વાત તો એ છે કે ઈન્ડિયાના બોયસ ટીમના કેપ્ટન તરીકે શાળાનો વિદ્યાર્થી પટેલ આયુષ જે ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. તેમનું પ્રભુત્વ આખી મેચ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ સાથે અન્ય વિદ્યાર્થીઓ જેમ કે વિરડીયા વાસુ, ચાંદપરા પરી, પીપલીયા મનસ્વી, વસ્તરપરા દ્રષ્ટી, મિયાણી ક્રિષા જે ગજેરા વિદ્યાભવનનાં વિદ્યાર્થીઓ શાળાના જ ગૌરવંતા વિદ્યાર્થીઓ છે. આ તમામ વિદ્યાર્થીઓએ શાળા ઉપરાંત ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ તમામને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા શાળાના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા ધ્વારા એમનું બહુમાન કરવામાં આવ્યું. આ તમામને તૈયારી કરાવનાર ,. શિક્ષકશ્રી કલ્પનાબેન બ્રહ્મભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા. સમગ્ર ટીમને ટ્રોફી અર્પણ કરી નવાજવામાં આવ્યા.

# બામસેફ-ઈન્સાફ-બીએમજી દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ સહાયતા



સુરત, તા.૧૭

બામસેફ-ઈન્સાફ - બી.એમ.જી સંગઠન તથા ફિલાટેક્ષ ઈન્ડિયા લિમિટેડ સૌજન્ય તથા અધિકારીઓ ના સહયોગ થી દ્વારા ગરીબ વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક કાર્ય માં મદદરૂપ થવા કિસનાડ ગામ માં વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક સામગ્રી વિતરણ કરવામાં આવી હતી જેમાં સ્કૂલ વિદ્યાર્થીની દ્વારા સ્વાગત ગીત કાર્યક્રમ ની શરૂઆત કરી હતી તેમજ આ પ્રસંગે મા. મોહનભાઈ પરમાર રાષ્ટ્રીય અધ્યક્ષ ઈન્સાફ, મા. બહેચરભાઈ રાઠોડ બામસેફ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, મા. સુનિલભાઈ પટેલ કિસનાડ ગામ ના આગેવાન, અશોકભાઈ પાટણવાડિયા ઉપસરપંચ કિસનાડ, વિઠ્ઠલભાઈ પરમાર, અશોકભાઈ પરમાર, વિશ્રામભાઈ સોલંકી, વિનયભાઈ સોલંકી, મગનભાઈ પરમાર, પ્રાથમિક શાળા આચાર્ય પ્રિતીબેન રાણા.

# સુરત મહાનગર પાલિકાની AI આધારિત માર્ગ વ્યવસ્થાપનનું સ્માર્ટ મોડેલ પ્રેરણારૂપ

## સ્માર્ટ માર્ગ વ્યવસ્થાપન થકી સુરતના રસ્તાઓ પર ટેકનોલોજીથી "રિયલ ટાઈમ" નજર

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકા હસ્તકના સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ દ્વારા શહેરના મહત્વના માર્ગો પર નવીનતમ ટેકનોલોજી આધારિત AI CCTV કેમેરા અને સેન્સર લગાવવામાં આવ્યા છે. આ સિસ્ટમ દ્વારા હવે ૨૪૭ શહેરમાં ખાડા, પાણી ભરાવ કે ટ્રાફિક જામ જેવી સમસ્યાઓનો ''રિયલ ટાઈમ'' અંદાજ મેળવીને, સંબંધિત વિભાગોને તરત જાણ કરવામાં આવે છે જેથી સમયસર કાર્યવાહી થકી શહેરી પ્રજાજનોની સુખાકારીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આ કામગીરી સુરત સ્માર્ટ સિટી મિશન અંતર્ગત અમલમાં મૂકવામાં આવી છે છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત આ આધુનિક ટેકનોલોજી માર્ગ વ્યવસ્થાપનને વધુ સ્માર્ટ અને અસરકારક બનાવી રહી છે.

સુરત મહાનગરપાલિકા કમિશનર શાલિની અગ્રવાલની રાહબરી હેઠળ શહેરની જનતાની સુખાકારી માટે મહત્વની મોનીટરીગ સિસ્ટમ ડેવલપ કરી છે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વરસાદના કારણે રસ્તાની મરામત યુદ્ધના ધોરણે શરૂ કરવા સુચના આપી છે. મહાનગરપાલિકામાં ખાડા રીપેરીંગ મરામત માટે છૈં ટેકનોલોજી ઉપયોગી નીવડી છે

આ અંગે માહિતી આપતાં મહાનગરપાલિકાના સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના IT ડાયરેક્ટર શ્રી જીગરભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''સુરત મહાનગરપાલિકાનું વેસુ સ્થિત ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) શહેરની વિવિધ સેવાઓનું મોનિટરિંગ કરે છે. છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદને કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં માર્ગોને નુકસાન પહોંચ્યું છે. આવા વિસ્તારમાં કમાન્ડ સેન્ટર દ્વારા સતત નજર રાખી કામ ચાલુ કરવામાં આવ્યું છે.'' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ''સુરત શહેરમાં મહાનગરપાલિકા

અનુસંધાન પાના ૭ પર

# ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિન્ડસી શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો



સુરત, તા.૧૭

ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં તારીખ ૧૫/૦૭/૨૦૨૫ અને તા ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ સ્કૂલ લેવલ વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જુદા જુદા વિભાગમાં વહેંચાયેલા આ વિજ્ઞાનમેળામાં તારીખ ૧૫/૦૭/૨૦૨૫ ના રોજ અંગ્રેજી માધ્યમના પ્રસ્તુત પ્રોજેક્ટ્સમાં અને કુલ ૮૯ પ્રોજેક્ટ સાથે ૨૯૦ વિદ્યાર્થીઓ તથા તારીખ ૧૭/૦૭/૨૦૨૫ના રોજ પ્રસ્તુત પ્રોજેક્ટ્સમાં ગુજરાતી માધ્યમના કુલ ૫૦ પ્રોજેક્ટ્સ સાથે ૧૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓના વાલીઓએ પણ ખૂબ જ પ્રેરણા આપી ખૂબ સુંદર અને ઈનોવેટિવ પ્રોજેક્ટ પ્રસ્તુત કર્યા છે. વિજ્ઞાન શિક્ષકોએ સમગ્ર આયોજન માટે ખૂબ જહેમત ઉઠાવી વિદ્યાર્થીઓને ખૂબ પ્રોત્સાહન પૂરું પાડ્યું

અનુસંધાન પાના ૭ પર

# એનર્જી બેન્કીંગના નવા નિયમ સામે હાઈકોર્ટનો મનાઈ હુકમ

## આગામી તા.૩૦મી સપ્ટેમ્બરે કોર્ટમાં વધુ સુનાવણી

સુરત, તા.૧૭

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ જાહેર કરેલ એનર્જી બેન્કીગના નિયમમાં વધુમાં વધુ ૩૦ ટકા બેન્કીગના ઓર્ડર પર ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ઈન્ટરીમ સ્ટે અપાયો સુરતઃ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજથી રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે એનર્જી બેન્કીગમાં ગ્રાહકના કુલ વપરાશમાંથી વધુમાં વધુ ૩૦ ટકા બેન્કીગની સુવિધા મળી રહે તેવો ઓર્ડર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો આ ઓર્ડર કેન્દ્ર સરકાર દ્વારા જારી કરેલ Electricity (Promoting Renewable Energy Through Green Energy Open Access) Rules, ૨૦૨૨ ના રૂલ ૮ ના પ્રાવધાનના વિરૂદ્ધ છે એવો મત તમામ ઉદ્યોગકારોનો હતો. આ ઓર્ડરને કારણે ઘણા ઉદ્યોગકારો જેમાં ખાસ કરીને રોકાણકારો આર્થિક મુશ્કેલીમાં આવી ગયા હતા. આ ઓર્ડરના કારણે જે કઇ પણ ઔદ્યોગિક ગ્રાહકો દ્વારા ગ્રીન એનર્જી ઓપન એક્સેસ રૂલ્સ ૨૦૨૨ હેઠળ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ પહેલા નોંધણી થયેલા તેમજ સ્થપાયેલા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ ઘણી મોટી આર્થિક મુશ્કેલીમાં આવી ગયા હતા, આથી આ સંદર્ભે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા ઘણી વખત રાજ્ય સરકારને રજૂઆતો કરાઇ હતી. ઉપરોકત બાબતે વિશાલ ફાઉન્ડ્રી નામના એક ઔદ્યોગિક ગ્રાહકે ગુજરાત હાઇ કોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર ૯૭૩૦ ઓફ ૨૦૨૫ મુજબ અપીલ કરી હતી. જે અપીલ સંદર્ભે નામદાર ગુજરાત હાઇ કોર્ટ દ્વારા તા. ૧૯

અનુસંધાન પાના ૭ પર

# અસરાની આ નામ સાંભળતા જ આપણા ચેહરા પર એક સ્મિત આવી જાય છે



અસરાની આ નામ સાંભળતા જ આપણા ચેહરા પર એક સ્મિત આવી જાય છે. અસરાની જાણીતા ગુજરાતી અને હિંદી ફિલ્મોના જાણીતા હાસ્ય કલાકાર હતાં તેમનું સાચું નામ ગોવર્ધન અસરાની હતું તેમના પત્ની પણ એક અભિનેત્રી છે જેમનું નામ મંજુ બંસલ છે એક પુત્ર નવીન છે જે અમદાવાદમાં દાંતના ડોક્ટર છે અસરાની એ મુખ્ય હીરો તરીકે સહાયક અભિનેતા ચરિત્ર અભિનેતા હાસ્ય કલાકાર તરીકે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે

અસરાની પાંચ દસક સુધી ફિલ્મોમાં કામ કરતા રહ્યા ૧: જાન્યુઆરી ૧૯૪૧ માં જયપુરમાં જન્મેલા અસરાની તેમની નાની પણ યાદગાર ભુમિકા માટે યાદ રહેશે.

અસરાની એ તેમની ફિલ્મી કારકિર્દીની શરૂઆત ૧૯૬૭ હરે કાચ કી ચૂડિયા ફિલ્મથી કરી હતી. તે પછી ૧૯૭૧ માં આવેલી ફિલ્મ મેરે અપનેથી અસરાનીની નોંધ લેવાઈ .

૧૯૭૩ માં ઋષિકેશ મુખર્જીની અભિમાનમાં અમિતાભના દોસ્તની ભુમિકામાં અસરાની એ દમદાર અભિનય કર્યો હતો.૧૯૭૫ માં રમેશ સિપ્પીની યાદગાર ફિલ્મ શોલેમાં અસરાની એ એક જેલરની ભુમિકા નિભાવી હતી. ફિલ્મનો અસરાનીનો એક સંવાદ સિનેપ્રેમી આજે પણ ભૂલ્યા નથી " હમ અંગ્રેજ કે જમાને કે જેલર હૈ હજી લોકોને યાદ છે ૧૯૭૭ માં અસરાની એ "ચલા મુરારી હીરો બનને" ફિલ્મ નિર્દેશક તરીકે કરી ફિલ્મમાં અસરાનીની હિરોઈન બિંદિયા ગોસ્વામી હતી ફિલ્મ હિટ ગઈ હતી તે પછી અસરાની એ " સલામ મેમસાબ" ' હમ નહી સુધરેગે " " ઉડાન " " દિલ હિ તો હે " વિગેરે ફિલ્મોનું નિર્દેશન કર્યું અસરાની બે વખત શ્રેષ્ઠ હાસ્ય કલાકાર તરીકે ફિલ્મ ફેર એવોર્ડ જીત્યા હતા અસરાની અમિતાભ રાજેશ સહિત તમામ દિગ્ગજ કલાકારો સાથે કામ કરી ચુક્યા છે .અસરાની ૪૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કરી ચુક્યા છે.અસરાનીએ ગુજરાતી ફિલ્મો પણ અરુણા ઈરાની સાથે ધૂમ મચાવી હતી સાવ સીધા સાદા મિલનસાર અસરાનીને વિનમ્ર

**શ્રદ્ધાંજલિ.**
**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

# દોસ્ત દોસ્ત ના રહા હવે પુતિન વર્સીસ ટ્રમ્પ !

એક બહુ જાણીતી અને વારંવાર ખરી ઠરેલી ઉક્તિ છે કે 'રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે દુશ્મન નથી. ફક્ત કાયમી સ્વાર્થ છે.'

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના સર્વેસર્વા એવા વ્લાદિમીર પુતિનનું પણ એવું જ છે. પુતિને ૨૦૧૭માં ટ્રમ્પને પ્રમુખપદની ચૂંટણી જીતવામાં મદદ કરી હતી. આ જ દોસ્તીના આધારે ટ્રમ્પ માનતા હતા કે હાં બીજી મુદતમાં પ્રમુખ બનીશ કે તરત જ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકાવી દઈશ. ટ્રમ્પે મિત્ર પુતિનના શબ્દ પર વિશ્વાસ રાખીને યુક્રેનને સહાય કરવાનું બંધ કરી દીધું. જોકે પુતિને એવો દગો દીધો કે ટ્રમ્પની આંખ ખુલી ગઈ. ટ્રમ્પ હવે પુતિનને અલ્ટિમેટમ આપે છે કે જો રશિયા ૫૦ દિવસમાં યુદ્ધ નહીં અટકાવે તો હું રશિયા સાથે વેપાર કરનાર દેશ પર ૧૦૦ ટકા ટૅરિફ ફટકારી દઈશ.. !



આવી જ દોસ્તી દુશ્મની ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છે. આ બે દેશ એક સમયે દોસ્ત હતા. બન્ને વચ્ચે રોટી-બેટીનો સંબંધ હતો. ઈઝરાયલમાં ઈસ્લામિક ક્રાંતિ આવ્યા બાદ બધું બદલાઈ ગયું. બન્ને વચ્ચે બાર દિવસ યુદ્ધ ચાલ્યું. ઈઝરાયલને બચાવવા ટ્રમ્પે જબરદસ્તીથી સીઝફાયર કરાવ્યો. હવે એ જ ઈઝરાયલ- ઈરાને બે મહિનાનું અલ્ટિમેટમ આપ્યું છે.

આજે વિશ્વભરમાં 'એક સાંધો ને તેર તૂટે ' એવી સ્થિતિ છે. મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ અને યમનના બળવાખોરો હિત વચ્ચે નવો મોરચો ખૂલી ગયો છે. યમને ઈઝરાયલ જતાં બે જહાજનો ખાતમો બોલાવી

દીધો છે. ઈઝરાયલે આનો બદલો લેવા યમનના બંદરો પર હવાઈ હુમલા કર્યા હતા. જોકે હુથી એનાથી જરા પણ વિચલિત થયું નથી. હુથીએ ઈઝરાયલ પર હાઈપરસોનિક મિસાઈલથી હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે. આનાથી હતપ્રભ થયેલા ઈઝરાયલ હાથ જોડીને અમેરિકાને કરકરી રહ્યું છે કે યમનના બળવાખોરોને વારો. નહીં તો અમે પાયમાલ થઈ જઈશુંપ હવે સવાલ એ છે કે જે અમેરિકાએ હુથી સામે હવાઈ હુમલા કર્યા બાદ ગુપ્ત સમજૂતી કરે છે એ ઈઝરાયલને કઈ રીતે બચાવી શકે ?

અમેરિકાએ હુથીને નિયંત્રણમાં લાવવા એક યુદ્ધવાહક જહાજ રાતા સમુદ્રમાં યમનની નજીક તૈનાત કરીને જોરદાર હવાઈ હુમલા કર્યા, પરંતુ હુથીએ અમેરિકાના જહાજને મિસાઈલ હુમલા વડે નુકસાન પહોંચાડયુંપ પેન્ટાગોને ટ્રમ્પને સમજાવ્યું કે જો હુથી સામે આટલા બધા હથિયારો ઉપયોગમાં લેવામાં આવશે તો અમેરિકા પાસે ચીન સામે યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે હથિયારો જ નહીં રહેપ! આ વાત સમજીને અમેરિકાએ હુથી સામે ગુપ્ત સમજુતી કરીને ઈઝરાયલને તેના હાલ પર છોડી દીધું.

સૌથી દુઃખની વાત તો એ છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર થાય એવા સંકેતો મળતા હતા, પરંતુ આમાં હજી નક્કર પ્રગતિ થઈ નથી. કતારમાં વાતચીત ચાલુ જ છે. ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટી પર અમાનવીય હુમલા ચાલુ જ છે. દરરોજ પચાસથી વધારે નિરાશ્રિતોને બોમ્બ ફેંકીને મારી નાખવામાં આવે છે. આના વીડિયો હૃદયદ્રાવક છે. એક રીતે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેત્યાનાહુ પેલેસ્ટાઈનમાં રિવેરા બનાવાની ટ્રમ્પની યોજનાને સફળ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. જે ઈરાને ઈઝરાયલ સાથે સીઝ ફાયર કરવાની ફરજ પાડી એ જ દેશ હવે ઈરાનને બે મહિનાનું અલ્ટિમેટમ આપે છે. ઈઝરાયલ કહે છે કે જો ઈરાન તેના અણુ કાર્યક્રમ અંગે અમેરિકા સાથે ડીલ નહીં કરે તો અમે ફરી ઈરાન પર આક્રમણ કરીશું.

ટ્રમ્પ પાક્કા બિઝનેસમેન છે. તે આ શો સીધા યુક્રેનને નહીં પરંતુ નાટો અને યુરોપિયન યુનિયનને આપશે. પુતિને એમને બરાબરના શીશામાં ઉતારી દીધા છે. જ્યારે પુતિન સમાધાન માટે તૈયાર હતા ત્યારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી તૈયાર થયા નહોતા. ત્યાર બાદ જોકર ઝેલન્સ્કીએ રશિયાના હવાઈ મથક પર હુમલો કરીને તેના બૉમ્બરનો નાશ કર્યો હતો આને લીધે રશિયાને આઠ અબજ ડૉલરનું નુકસાન થયું હતું. આથી કોપાયમાન થયેલા પુતિને યુક્રેનને ખતમ કરવાના જ આદેશ આપી દીધા છે. રશિયા દરરોજ એક હજારની આસપાસ મિસાઈલ અને ડ્રોનથી યુક્રેન પર હુમલો કરે છે. અડધું યુક્રેન ખતમ થવાની અણી પર છે. રશિયાનું ભૂદળ યુક્રેનમાં પગપેસારો કરી રહ્યું છે જેથી અડધું યુક્રેન હડપ કરી જવાય. ટ્રમ્પે પુતિનના ક્રોધને જોઈને થોડા દિવસ રશિયાને ફ્રી હેન્ડ આપ્યો હતો. તાજેતરમાં પુતિન જોડે ટ્રમ્પે વાતચીત કરી તો પુતિને કહી દીધું કે જ્યાં સુધી અમારા લક્ષ્ય સિદ્ધ નહી થાય ત્યાં સુધી રશિયા યુદ્ધ નહીં અટકાવે. અકળાયેલા ટ્રમ્પે જાણીબૂઝીને ચૂંટણી પ્રચાર વખતનો એક વીડિયો વાઈરલ કર્યો છે. જેમાં ટ્રમ્પ દાવો કરે છે કે મેં પુતિન અને શી જિનપિંગ સાથે વાતચીત કરીને તેમના પર બૉમ્બ ફેંકવાની ધમકી આપી છે. પહેલાં તો એ માન્યા નહીં, પરંતુ પછી એ ગંભીર થયા. ટ્રમ્પ જે યુદ્ધ માટે યુક્રેનને પણ ૫૦ ટકા જવાબદાર માનતા હતા. હવે ટ્રમ્પ કહે છે કે પુતિન સવારે સારી વાતો કરે છે, પરંતુ સાંજે યુક્રેન પર ભયંકર બૉમ્બમારો કરે છે!

નવી રણનીતિ પ્રમાણે 'નાટો' કે યુરોપિયન યુનિયનના દેશો અમેરિકા પાસેથી હથિયાર ખરીદશે. ટ્રમ્પે રશિયા પર વધુ પ્રતિબંધ લાદવાની પણ વાત કરી છે. રશિયાના ભીષણ હુમલાથી યુક્રેન સરેન્ડર કરે એવા ડરથી પ્રેરાઈને યુરોપ અને અમેરિકા તેની વહારે આવ્યું છે. અમેરિકા તેની પેટ્રિયટ એર ડિફેન્સ સિસ્ટમ યુક્રેનને આપવા તૈયાર થઈ રહ્યું છે. યુક્રેનને હથિયારો આપવાનું બંધ કરનાર ટ્રમ્પે યુ ટર્ન લીધો છે. ટ્રમ્પે ડિપ્લોમસી છોડીને યુદ્ધનો માર્ગ અપનાવ્યો છે. ચીન ઈચ્છતું નથી કે અમેરિકા અને યુરોપના દેશો મળીને રશિયાને હરાવી દે. જો આમ થાય તો અમેરિકા પછી ચીનનો વારો કાઢે. બીજી બાજુ યુરોપના દેશો યુક્રેન રશિયા સામે હારી જાય એમ ઈચ્છતા નથી. જો યુક્રેન હારી જાય તો પુતિન યુરોપના બીજા દેશોને ટાર્ગેટ કરશે. ફ્રાન્સ અને ઈંગ્લેન્ડના લશ્કરના વડા કહે છે કે યુરોપને રશિયાથી ખતરો છે. રશિયામાં હથિયારનું મોટા પ્રમાણમાં ઉત્પાદન ચાલુ છે તો બીજી બાજુ નાટો દેશ પાસે લોન્ગ રેન્જ મિસાઈલ જ નથી. અમેરિકા યુદ્ધમાં સીધું ઉતરવા માગતું નથી, પરંતુ બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીને યુદ્ધમાં ઉતારશે. પુતિનને ખબર છે કે નાટો અને યુરોપિયન યુનિયનના દેશો સામે રશિયા લડી શકે નહીં. આથી તેઓએ એટમ બૉમ્બનો સિદ્ધાંત બનાવ્યો છે. પુતિન કહે છે કે મોસ્કોને બચાવવા હું અણુબૉમ્બનો ઉપયોગ કરતા પણ અચકાઈશ નહીં. એટોમિક વૉર હવે દૂર લાગતું નથી.

**અમેરિકાએ હુથીને નિયંત્રણમાં લાવવા એક યુદ્ધવાહક જહાજ રાતા સમુદ્રમાં યમનની નજીક તૈનાત કરીને જોરદાર હવાઈ હુમલા કર્યા, પરંતુ હુથીએ અમેરિકાના જહાજને મિસાઈલ હુમલા વડે નુકસાન પહોંચાડયુંપ પેન્ટાગોને ટ્રમ્પને સમજાવ્યું કે જો હુથી સામે આટલા બધા હથિયારો ઉપયોગમાં લેવામાં આવશે તો અમેરિકા પાસે ચીન સામે યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે હથિયારો જ નહીં રહેપ! આ વાત સમજીને અમેરિકાએ હુથી સામે ગુપ્ત સમજુતી કરીને ઈઝરાયલને તેના હાલ પર છોડી દીધું.**

# તુમ રક્ષક કાહુકો ડરના..



**શબ્દ કુંજન લેખ**
**દિલીપ વી ઘાસવાળા**

સુરત વરાછારોડ સ્થિત વંડરફુલ એકેડેમીના ઉપક્રમે શાળાના ટ્રસ્ટી મંડળ દ્વારા બાળકોને હનુમાન ચાલીસાનું વિતરણ કરવાનો એક સંતર્પક કાર્યક્રમ થઈ ગયો. આ કાર્યક્રમ કરવા પાછળનો હેતુ એ હતો કે આજના સતત માનસિક તણાવયુક્ત વાતાવરણમાં અને બાળકોમાં ખૂબ જ નાની ઉંમરે આવતા અવનવા વિચારોને સ્થિરતા આપવા માટે શિક્ષણ સાથે ધાર્મિકતા જોડવી ખૂબ જ જરૂરી હોય અને તેના પ્રયાસરૂપે શાળા પરિવાર ધ્વાર દરેક બાળકોને હનુમાન ચાલીસા આપવાનું પુણ્ય કાર્ય કર્યું હતું. જે ખૂબ જ સરાહનીય છે.

**હનુમાન ચાલીસાનું ધાર્મિક મહત્વ બહુ જ છે.**

હનુમાન ચાલીસા હિન્દુ ધર્મમાં સૌથી લોકપ્રિય અને શક્તિશાળી સ્તોત્રોમાંનું એક છે. તુલસીદાસજીએ રચેલું આ ચાલીસ શ્લોકનું સ્તોત્ર છે, જે ભગવાન હનુમાનની મહિમા, શક્તિ અને ભક્તિનું પ્રતિબિંબ છે. તેનું પઠન કરતી વખતે ભક્તોના અંતરમાં શ્રદ્ધા, ધૈર્ય અને સંકલ્પ શક્તિ ઉત્પન્ન થાય છે.

**હનુમાનજીની કૃપા પ્રાપ્ત થાય છે.**

હનુમાન ચાલીસા પઠનથી ભક્ત પર હનુમાનજીની અપાર કૃપા રહે છે. તે ભક્તના જીવનમાંથી ભય, ભ્રમ અને નિરાશા દૂર કરે છે.

**ભુત પિશાચ નિકટ નહીં આવે હનુમાન જબ નામ સુનાવે..**

શ્લોક જણાવે છે કે હનુમાન ચાલીસા પઠન કરનાર પાસે કોઈ નકારાત્મક શક્તિ આવી શકતી નથી.

**બુદ્ધિ અને વિદ્યા મળે છે.**

હનુમાનજીને જ્ઞાન અને બુદ્ધિના દાતા માનવામાં આવે છે. 'વિદ્યાવાન ગુણી અતિ ચાતુર' શ્લોક દર્શાવે છે કે તેમના ચરણોમાં શરણ લેનાર ભક્તને જ્ઞાન અને સમજણ મળે છે.

શારીરિક અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે.

હનુમાન ચાલીસાના પઠનથી ચિંતાઓ ઓછી થાય છે અને મન શાંત બને છે. હનુમાનજીનું સ્મરણ કરવાથી આત્મવિશ્વાસ વધે છે અને જીવનમાં ધૈર્ય જાગે છે.

**રોગ દુઃખ નાશ પામે છે.**

'નાસૈ રોગ હરૈ સબ પીરા' પ્રમાણે હનુમાન ચાલીસાનો નિયમિત પાઠ રોગ, દુઃખ અને જીવનની વિવિધ તકલીફો દૂર કરે છે.

**કર્મમાં સફળતા મળે છે.**

હનુમાન ચાલીસામાં બતાવ્યા મુજબ હનુમાનજી ભક્તના તમામ કાર્યો સરળતા પૂર્વક પૂર્ણ કરે છે. 'સંકટથી હનુમાન છુડાવે, મન ક્રમ વચન ધ્યાન જો લાવે' શ્લોક દર્શાવે છે કે મનથી ભક્તિ અને પવિત્ર હૃદયથી પઠન કરનાર પર હનુમાનજી સંકટ ટાળી સફળતા આપે છે.

આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત થાય છે. હનુમાન ચાલીસાનું પઠન ભક્તને આધ્યાત્મિક રીતે ઊંચા સ્થાને પહોંચાડે છે. આ પઠન મન, શરીર અને આત્માને પવિત્ર બનાવે છે.

**દૈનિક જીવનમાં સકારાત્મકતા પ્રાપ્ત થાય છે.**

નિયમિત હનુમાન ચાલીસાનું પઠનથી જીવનમાં સકારાત્મક ઉર્જા પ્રાપ્ત થાય છે. ભય, શંકા અને નકારાત્મકતાથી મુક્તિ મળી જીવન માર્ગ સરળ બને છે.

હનુમાન ચાલીસા માત્ર શ્લોક નહી, પણ જીવનનું માર્ગદર્શન છે. તે ભક્તને શૌર્ય, ભક્તિ, જ્ઞાન, શાંતિ અને શક્તિનું શક્તિશાળી સાધન આપે છે. દરરોજ સ્નાન કરીને શાંતિપૂર્વક હનુમાન ચાલીસા પઠન કરવાથી જીવનમાં દરેક ક્ષેત્રે ઉન્નતિ અને હનુમાનજીની અનુકંપા પ્રાપ્ત થાય છે.

**હનુમાન ચાલીસાનું વૈજ્ઞાનિક મહત્વ પણ આગવું છે.**

હનુમાન ચાલીસા માત્ર ધાર્મિક જ નહીં, પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ ખૂબ ગુણકારી માનવામાં આવે છે. જો આપણે તેના પઠન, ધ્વનિ અને શબ્દોની ઊંડાણપૂર્વક છણાવટ કરીએ તો અનેક વૈજ્ઞાનિક કારણો ફલિત થાય છે.

**ધ્વનિ અને કંપન શક્તિ લાભદાયી છે.**

હનુમાન ચાલીસાના શ્લોકો જાપ કરવાથી મૌખિક ધ્વનિ અને તેના આલાપથી ઉત્પન્ન થતી તરંગિણી (vibration) શરીરના કોષો અને મગજની તંત્રિકાંઓ પર સકારાત્મક અસર કરે છે. મંત્રોની આવૃત્તિsitive waves ઉત્પન્ન કરે છે, જે મનને શાંત અને સ્ફૂર્તિભર્યું બનાવે છે.

**શ્વાસની નિયમિતતા પ્રાપ્ત થાય છે.**

ચાલીસાનું નિયમિત પઠન કરતી વખતે શ્વાસનું અવલંબન નિયંત્રિત થાય છે, જેના કારણે શ્વાસતંત્ર મજબૂત બને છે. યોગ્ય શ્વાસો લેવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ સદાય સંતુલિત રહે છે, જે આરોગ્ય માટે ફાયદાકારક છે.

**મનોબળ અને આત્મવિશ્વાસ વધારે છે.**

શ્લોકોમાં પુનરાવર્તિત આવર્તનો ના ઉચ્ચારણથી હનુમાનજીની શક્તિ, ધૈર્ય અને અડગતા પ્રાપ્ત થાય છે. જ્યારે માનવી તેનો અવાજ ઊંચો કરીને શ્રદ્ધા સાથે પાઠ કરે છે, ત્યારે મગજમાં endrophin અને serotonin જેવા હોર્મોન્સ ઉત્પન્ન થાય છે, જે મનોબળ અને આત્મવિશ્વાસ વધારવામાં મદદરૂપ છે.

**સ્ટ્રેસ અને ડિપ્રેશન ઘટાડે છે.**

ગંભીર અવાજે અને એકાગ્રતાથી પઠન કરવાથી મગજમાં મેડિટેટિવ સ્ટેટ સર્જાય છે, જેના પરિણામે તણાવ ઘટે છે, ડિપ્રેશનના લક્ષણો હળવા પડે છે અને overall mental well-being સુધરે છે.

**મેમોરી અને કોનન્સન ટ્રેશન પાવર વધે છે.**

હનુમાન ચાલીસામાં repeatedly આવતાં શબ્દો અને છંદો મગજની મેમોરી ક્ષમતા તથા એકાગ્રતા સુધારે છે. સાયકલિક પઠનથી મગજનું ન્યુરોનલ કનેક્શન મજબૂત બને છે.

**બાઈનોરલ ફ્રિક્વન્સી અને એલ્ફા સ્ટેટ બને છે.**

શાસ્ત્રો કહે છે કે મંત્રો ખાસ પ્રકારની ફ્રિક્વન્સી પર ઉત્પન્ન થાય છે. જો હનુમાન ચાલીસાનું પઠન યોગ્ય લયમાં થાય તો તે મગજને એલ્ફા સ્ટેટમાં પહોંચાડે છે, જે રિલેક્સેશન અને ક્રિએટિવિટી માટે ઉત્તમ છે.

**સુક્ષ્મ રીતે શરીર પર અસર અસર કરે છે.**

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ માનવામાં આવે છે કે માનવીનું શરીર ફક્ત ભૌતિક તત્વોનો નહીં પણ ઊર્જાત્મક તત્વો બનેલું છે. ચાલીસાનું પઠન કરીને શરીરથી નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને છેક્તિ (પ્રભામંડલ) શુદ્ધ થાય છે.

હનુમાન ચાલીસાનું પઠન ફક્ત ભક્તિ પૂરતું ન રહીને વૈજ્ઞાનિક રીતે શરીર, મગજ અને માનસિક સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી સાબિત થાય છે. તેથી દરરોજ ૫-૧૦ મિનિટની શાંતિમાં તેનું પાઠ કરવો જીવનમાં શાંતિ, તંદુરસ્તી અને સકારાત્મકતાનું પૂર લાવે છે.

અસ્તુ

# પોષણ-મૂલ્યોથી સમૃદ્ધ સૌથી વજનદાર ફળ ફણસ

ફણસનું નામ સાંભળતાં આપણી બારાખડીની યાદ અચૂક આવી જાય ૫. કેમ કે બાળપણથી આપણે 'ફપફણસનોપફ' સાંભળતાં આવ્યા છીએ. ફણસના ફળને વિશ્ર્વનું સૌથી વજનદાર ફળ ગણવામાં આવે છે. કેમ કે એક ફળનું વજન સરેરાશ ૫૫ કિલોની આસપાસ જોવા મળે છે. એશિયામાં ફણસનો વપરાશ તથા ખેતી મોટા પ્રમાણમાં થાય છે. ઉષ્ણકટિબંધીય ફળ તરીકે તે જાણીતું છે. ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા તથા ફિલિપાઈન્સમાં ફણસની ખેતી તથા ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. ભારતનું તમિળનાડુમાં આવેલું પનરુતિ ગામ રસમધુરાં ફણસની રાજધાની ગણાય છે. અન્ય રાજ્યોમાં ઓરિસ્સા, કેરળ, આસામ, પશ્ર્ચિમ બંગાળ તથા મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. ફણસનાં પોષણમૂલ્યોની વાત કરીએ તો તેમાં વિટામિન સી, વિટામિન બી-૬, ફાયબર, પોટેશ્યિમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. તેથી પાચન સુધારવાની સાથે રોગપ્રતિકારક શક્તિ વધારનાર ફળમાં ફણસનો સમાવેશ થાય છે. હૃદયની તંદુરસ્તીની સાથે ઍન્ટિ-ઑક્સિડન્ટનું પ્રમાણ હોવાથી તે ત્વચાનું કોમળપણું જાળવી રાખવામાં મદદ કરે છે.

ફણસને અંગ્રેજીમાં જૅકફ્રૂટ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં ફણસની ખેતી હજારો વર્ષથી થતી આવી છે. તેના વૃક્ષને તેમજ ફળને પવિત્ર માનવામાં આવે છે. તાજેતરમાં મૅંગ્લોરપ બૅંગલૂરુમાં 'જૅકફ્રૂટ ફેસ્ટિવલ' ઊજવવામાં આવ્યો હતો. જેમાં ફણસમાંથી બનતાં વિવિધ પદાર્થની સજાવટ કરવામાં આવી હતી. જેમ કે ફણસની જલેબી, ફણસનો આઈસક્રીમ, ફણસનો મિલ્કશૅક, ફણસના માલપુઆ, ફણસના ભજિયાં, ફણસની વેફર.. એકલાં ફણસની જ વાનગીઓ નિહાળીએ તો ફણસ ન ભાવતું હોય તેમને પણ અવશ્ય પસંદ પડવા લાગે. ફણસ માનવ-જીવનના આરોગ્ય માટે કેટલું સમૃદ્ધ છે તે વિષે ખાસ માહિતી આપવામાં આવે છે. ફણસના વૃક્ષના લાકડાનો ઉપયોગ ધાર્મિક વિધિમાં તથા ફર્નિચર બનાવવામાં કરવામાં આવે છે. સંગીતનાં સાધનો બનાવવામાં ફણસના વૃક્ષનું લાકડું ઉપયોગી ગણાય છે.?





ફણસના સ્વાદની વાત કરીએ તો પાઈનેપલ તથા કેળાને ભેગા કરીને ખાતા હોઈએ તેવો લાગે છે. પાકેલું ફણસ સ્વાદમાં અત્યંત મીઠું મધુરું લાગે છે. વળી રસદાર ફળને કાપવામાં આવે ત્યારે અત્યંત મીઠી સુગંધ પ્રસરે છે. ફણસને કાચું તથા પોકલું તેમ બંને રીતથી ખાઈ શકાય છે. કાચા ફણસનું શાક, અથાણું, વેફર કે કરી બનાવવામાં આવે છે. જ્યારે પાકા ફણસમાંથી જલેબી, આઈસક્રીમ, સ્મૂધી, માલપુઆ, મિલ્કશૅક, બીરિયાની, કબાબ, ટિક્કી જેવી અનેક વાનગી બનાવી શકાય છે.

ફણસના સ્વાસ્થ્યવર્ધક લાભ

પોષક તત્ત્વોથી ભરપૂરઃ પાકા ફણસમાં વિટામિન સી, વિટામિન એ, પોટેશ્યિમ, ડાયેટરી ફાઈબર જેવા પોષક ગુણો સમાયેલાં છે. ફણસમાં કૅલ્શિયમ, થાઈમીન, રાઈબોફ્લેવિન, આયર્ન, નિયાસિન, ઝિંક જેવાં સત્ત્વો સમોયલાં છે. જે શરીરને માટે લાભકારક ગણાય છે. વળી ફણસમાં કૅલરીનું પ્રમાણ ઓછું હોય છે. જેથી ફણસ ખાવાથી વજન વધી જવાની ચિંતા રહેતી નથી. નાસ્તામાં ફણસનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે. કેમ કે ફણસમાં રેસવેરેટ્રોલ નામક ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે. વળી ઍન્ટિ-ઈન્ફેલેમેટરી ગુણ હોવાને કારણે વધતાં વજનને રોકવામાં મદદ કરે છે.

આંખો માટે ફાયદાકારકઃ ફણસમાં વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર છે. વળી આ બંને પોષક તત્ત્વો આંખો માટે ફાયદાકારક ગણાય છે. આંખોની કાળજી યોગ્ય રીતે લેવા માટે આહારમાં વિટામિન સી તથા વિટામિન એની સાથે બિટાકેરોટીનનો સમાવેશ કરવો જોઈએ.

હાડકાંને મજબૂત બનાવવામાં ગુણકારીઃ હાડકાંની મજબૂતાઈ જળવાઈ રહે તે માટે કૅલ્શિયમ, ફોસ્ફરસ, કૉપર, ઝિંક વગેરેની આવશ્યક્તા શરીરને પડે છે. ફણસમાં ઉપરોક્ત બધા જ ન્યૂટ્રિઅન્ટસ્ સમાયેલાં છે. જે હાડકાંની મજબૂતાઈ માટે જરૂરી છે. તેથી ફણસનું સેવન સ્વાસ્થ્ય માટે લાભકારક છે.

કૅન્સરનો ખતરો ઘટાડે છેઃ ફણસમાં અનેક પ્રકારના ફાઈટોન્યૂટ્રિઅન્ટસ્ જોવા મળે છે. ફણસમાં ઍન્ટિહાઈપરટેંસિવ, ઍન્ટિકૅન્સર, ઍન્ટિ-ઍજિંગ, ઍન્ટિ-અલ્સર તત્ત્વ સમાયેલાં હોય છે. જે શરીરમાં કૅન્સર સેલને બનતાં રોકે છે. તથા પેટના અલ્સરમાં ગુણકારી ગણાય છે.

ત્વચા માટે ગુણકારીઃ ફણસમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની સાથે વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી છે. જેથી બંને પોષક તત્ત્વો ત્વચાને તંદુરસ્ત રાખવા માટે ગુણકારી ગણાય છે. ફણસ માટે એવું કહેવાય છે કે તેના સેવનથી વધતી વયની અસરોથી બચી શકાય છે.

ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ ફણસમાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જે પાચનને ધીમું કરવામાં મદદ કરે છે. લોહીમાં શર્કરાની માત્રાને વધતી રોકે છે. ફણસનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જેથી ડાયાબિટીસના દર્દીઓ માટે ફણસનો ઉપયોગ કરી શકાય છે.

પાચનક્રિયા સુધારે છેઃ ફણસમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી ફણસનું પ્રમાણભાન રાખીને સેવન કરવાથી સારા બૅક્ટેરિયાની માત્રા શરીરમાં વધે છે. પાચનક્રિયાને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

ફણસ કેસરી

સામગ્રી :૧૦ નંગ બી કાઢેલાં ફણસ, ૮ નંગ આખા કાજુ, ૧ મોટી ચમચી સૂકી દ્રાક્ષ, અડધો કપ રવો, ૪ ચમચી ચોખ્ખું ઘી, ૪-૫ તાંતણા કેસરના દૂધમાં પલાળેલાં, ૧ વાટકી ખાંડ, બદામ-પિસ્તાની કતરણ ૧ ચમચી.

બનાવવાની રીત : સૌ પ્રથમ ફણસના બી કાઢી લેવાં. ૨ ફણસના નાના ટુકડાં કરી લેવાં. બાકીના ફણસનો મિક્સરમાં માવો બનાવી લેવો. એક કડાઈમાં ૨ ચમચી ઘી ગરમ કરવું. તેમાં કાજુ સાંતળી લેવાં. સૂકી દ્રાક્ષ સાંતળી લેવી. તેને એક વાટકીમાં કાઢી લેવી. તેમાં અડધો કપ રવો શેકવો. રવો સોનેરી થાય તથા સુગંધ આવવા લાગે એટલે તેમાં ફણસનો માવો ભેળવવો. કેસરના તાંતણાને ઉમેરવાં. જરૂર જણાય તો થોડું ગરમ દૂધ ઉમેરવું. ફણસના ટુકડાં ઉમેરીને બરાબર ભેળવવું. થોડું સિઝવા લાગે ત્યારબાદ ખાંડ ઉમેરવી. ધીમી આંચ ઉપર રાખવું. કાજુ-સૂકી દ્રાક્ષ ભેળવવાં. બદામ-પિસ્તાની કતરણથી સજાવીને ગરમા-ગરમ પિરસવો. ફણસનો રંગ શિરામાં કેસરી રંગ મનમોહક લાગશે. તથા સ્વાદ પણ મનભાવન લાગે છે. ફણસની મોસમમાં અચૂક બનાવવા જેવો છે ફણસ કેસરી.

## તંત્રી લેખ...-

ગુરૂવાર, તા.૧૭ જુલાઈ ૨૦૨૫

# શુભાંશુ શુક્લા ભાવિ અંતરિક્ષ મિશનો માટે શુભ

ભારતના નાગરિકો અને વૈજ્ઞાનિકો માટે અવકાશને સર કરવાની મહેચ્છા દાયકાઓથી રહી છે.ભારતીય અંતિરક્ષ સંશોધન કેન્દ્ર (ઈસરો)એ ઉપગ્રહને અવકાશમાં મોકલવામાં વિશ્વભરમાં નામના મેળવી છે. હવે ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા તેમની ૧૮ દિવસની અંતરિક્ષયાત્રા સફળતા સાથે આટોપીને ધરતી પર પરત આવ્યા છે. તેમની આ અવકાશી સફળતાએ ભારતના સમાનવ અંતરિક્ષ મિશનોની માટે મજબૂત તખતો તૈયાર કર્યો છે. ભારત પોતાનું આગવું અંતરિક્ષ સ્ટેશન તૈયાર કરવાની યોજના ઘડી રહ્યંઅ છે. આવામાં શભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (આઈએસએસ)માં રહીને ત્યાંનો જે અનુભવ મેળવી આવ્યા છે તેનાથી ભારતીય યોજનામાં ભારે મદદ મળશે એ વાત નક્કી છે. ઈસરો અવકાશમાં ભારતનો દબદબો વધારવાના સંખ્યાબંધ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યંઅ છે. આમાં ૨૦૨૭માં સ્વદેશી રોકેટ અને ક્રૂ કેપ્સ્યૂલ સાથે સમાનવ ગગનયાનને અવકાશમાં મોકલવાનો ભારતનો ઈરાદો છે. શુક્લાનો આ સફળ અંતરિક્ષ પ્રવાસ આ ગગનયાન યોજના માટે ચાવીરૂપ બની રહેશે. ગગનયાનની સાથોસાથ ભારત ૨૦૨૮ સુધી પોતાના આગવા અંતરિક્ષ મથકના પ્રથમ મોડયુલને અવકાશમાં મોકલવા ધારે છે. ૨૦૩૫ સુધી ભારતની પોતાની અંતરિક્ષ પ્રયેગશાળા તૈયાર થઈ જાય તેમ છે. એક્સઓમ ૪ વાટે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન ગયેલા શુક્લા સહિતના અંતરિક્ષયાત્રીઓએ ૬૦ જેટલા પ્રયોગ કર્યા, આમાંથી સાત પ્રયોગ ઈસરોએ ભારતીય સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને સાથે રાખીને તૈયાર કર્યા હતા. આ પ્રયોગોએ અંતરિક્ષમાં કૃષિ ઉપરાંત આરોગ્ય, પદાર્થ વિજ્ઞાન અને એઆઈ સંદર્ભિત નવતર વાતોથી આપણા વૈજ્ઞાનિકોને માહિતગાર કર્યા છે. આ અનુભવો પરથી આપણને અંતરિક્ષયાત્રીઓની તાલીમ અને ભાવિ આયોજન અંગે નવી દ્રષ્ટિ મળશે. સાથોસાથ અંતરિક્ષમાં રહીને પૃથ્વી સાથેના સંપર્ક અને સંકલનની બારીકાઈભરી બાબતોની માહિતી ઈસરોને મળી શકશે. ૨૦૪૦ સુધી ચંદ્ર પર સમાનવ યાન મોકલવાના ભારતના ઈરાદા વધુ નક્કર બની રહ્યા છે. શુક્લા આઈએસએસમાંથી પરત આવીને સાથે ખાસ બિયારણના નમૂના સાથે અમૂલ્ય કહી શકાય એવો અનુભવનો ખજાનો પણ લાવ્યા છે. ૧૯૮૪માં પ્રથમ ભારતીય રાકેશ શર્માએ રશિયાના અંતરિક્ષ યાનમાં અવકાશની સફર કરી હતી,પણ આઈએસએસમાં રહીને ચાવીરૂપ પ્રયોગ કરનારા શુક્લા પ્રથમ ભારતીય બન્યા છે. તેમની આ સફળતા ભારતના અંતરિક્ષ સપનાંને સાકાર કરવામાં ચાવીરૂપ બની રહેશે.આવનારા સમયમાં તેમની સક્રિય ભૂમિકા ભારતના આ ભાવિ આયોજનોને સફળ બનાવવામાં ભારે મદદરૂપ બનશે એમાં કોઈ શંકા નથી. શુક્લાએ ઈસરોની આંતરિક્ષ યોજનાઓનાં તાળાં એકઝાટકે ખોલી નાખ્યા હોય એવી આશાભરી સ્થિતિ સર્જાઈ છે.

# અમેરિકામાં વ્યાપક છટણી

વિશ્વની સૌથી જૂની અને મજબૂત લોકશાહી ધરાવતા અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વહીવટતંત્રમાં મોટાપાયે છટણી શરૂ કરી છે, તેની સાથોસાથ પોતાના ટેકેદારોની સામેના કેસ પરત લેવાનું શરૂ કર્યું છે. અમેરિકાના રાજકારણ અને વહીવટતંત્ર માટે રાષ્ટ્રપતિનાં આ પગલાંએ ભારે ચર્ચા અને ચકચાર જગાવ્યા છે. ટ્રમ્પે પોતાના ટીકાકારોને નિશાન બનાવવાનું પણ શરૂ કરીને ભલભલાના શ્વાસ અદ્ધર કરી મૂક્યા છે. રાજકીય બદલાની જણાતી આ કાર્યવાહીમાં સંખ્યાબંધ લોકોએ તેમની સરકારી નોકરી ગુમાવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ જે રીતે વિદેશ વિભાગ અને ન્યાયતંત્રના કર્મચારીઓની સામે વ્યાપક છટણીનાં પગલાં લેવાં શરૂ કર્યાં છે તેનાથી સરકારી માળખાંમાં ભારે ફફડાટ ફેલાયો છે. ગયા સપ્તાહે વિદેશ વિભાગના ૧૩૦૦ કર્મચારીને એકસાથે પાણીચું આપી દેવાયું હતું. આ વિભાગમાંથી હાંકી કઢાયેલા કર્મચારીઓની સંખ્યા ૩૦૦૦ કરતાં વધી ગઈ છે. આવી જ હાલત ન્યાયપાલિકાની છે.ત્યાં છટણી કરાયેલા કર્મચારીઓની સંખ્યામાં લગભગ ૨૦ કર્મીનો ઉમેરો થયો છે. ન્યાયતંત્રના હાંકી કઢાયેલા કર્મચારીઓમાં વકીલો, સલામતી કર્મીઓ અને અન્યોનો સમાવેશ થાય છે. કર્મચારીઓને હાંકી કાઢવાનાં પગલાં ઉપરાંત ટ્રમ્પે ૨૦૨૧માં અમેરિકાના કેપિટલ હિલ પર હુમલામાં સંડોવાયેલા પોતાના ૧૫૦૦થી વધુ ટેકેદારન માફી બક્ષી દીધી છે. ૨૦૨૦ની ચૂંટણીમાં ટ્રમ્પના પરાજયથી તેમના ટેકેદારોએ આ ધમાલ મચાવીને અમેરિકા અને દુનિયાને આંચકો આપ્યો હતો. હવે આ તોફાનને રાજકીય વિરોધ ગણાવીને તેમણે તોફાનીઓને માફી આપી દેતાં ભારે નારાજગી જાગી છે. આ ઓછું હોય તેમ ટ્રમ્પે તોફાનીઓની સામે તપાસ કરનાર કે તેમની સામે પગલાં લેનારા અધિકારીઓને સજા કરીને પોતાની સત્તાનો વરવો પરચો આપ્યો છે. હાલત એવી છે કે, ટ્રમ્પ પોતાની ટીકા કે નિર્ણયમાં અસંમતિની કોઈ પણ શક્યતાને સ્વીકારી શકે તેમ નથી. આવી અસંમતિ વ્યક્ત કરતાં કે ટીકા કરતાં તેમના વિરોધી રાજકીય પક્ષ ડેમોક્રેટિક પાર્ટી શાસિત રાજ્યોમાં હવે ટ્રમ્પે કાર્યવાહી શરૂ કરી છે. મીનેસોટા પ્રાંતમાં કરાયેલી ભરતીની પ્રક્રિયા સામે તપાસ શરૂ કરાઈ છે. ટ્રમ્પ વહીવટતંત્ર આ રાજ્યની પાછળ પડી ગયું હોય એ સ્પષ્ટ જણાય છે. મૂળ કારણ એમ કહેવાય છે કે, ગયાં વર્ષે ચૂંટણીમાં મીનેસોટાના ગવર્નર ટીમ વાલ્ઝ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ડેમોક્રેટિક પાર્ટીના દાવેદાર હતા અને ખાસ તો ટ્રમ્પના આકરા ટીકાકાર રહ્યા છે. આ ઓછું હોય તેમ ટ્રમ્પ વહીવટતંત્રે હાર્વર્ડ જેવી વિશ્વવિખ્યાત યુનિવર્સિટીની સામે નિયંત્રણોની હારમાળા લાદીને આ સંસ્થાને પોતાના કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો છે. આ પગલાંથી દુનિયાભરમાં અમેરિકા અને ટ્રમ્પ બન્નેની નામના બગડી છે. હાલે અમેરિકાની પાયાની નીતિઓની સામે મોરચો ખોલીને વ્યાપક પગલાં લઈ રહેલા ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટનાં નામે જે રીતે આડેધડ નિર્ણયો લેવા શરૂ કર્યા છે તે અમેકાને પાછળ ધકેલી શકે તેવા બની શકે છે.

### બાપુએ સાતમા નંબરે બેટિંગમાં આવીને ટીમને ઉગારી પણ જીતાડી ગયા હોત તો એક કાયમનું સંભારણું બની ગયું હોત

# લોર્ડ્સમાં હાર: યુવા ટીમે ભૂતકાળની ભૂલ દોહરાવી

## લોર્ડ્સમાં બોલરોના જોરદાર પ્રદર્શન પછી ભારત માટે ઐતિહાસિક જીતની તક હતી

લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટમાં હાર પછી એજબેસ્ટનની બીજી ટેસ્ટમાં ભારતે શાનદાર જીત મેળવી ત્યારે લાગેલું કે, શુભમન ગિલની યુવા ભારતીય ટીમ ભૂતકાળની ટીમો કરતાં અલગ ટેમ્પરામેન્ટ ધરાવે છે. લોર્ડ્સ પર રમાયેલી ત્રીજી ટેસ્ટમાં હાર પછી લાગે છે કે, આ ટીમ પાસે ટેમ્પરામેન્ટ છે પણ આ ટેમ્પરામેન્ટનો ઉપયોગ ભૂતકાળની ભૂલોને નહી દોહરાવવા માટે કરવાની સમજ નથી.

લોર્ડ્સમાં બોલરોના જોરદાર પ્રદર્શન પછી ભારત માટે ઐતિહાસિક જીતની તક હતી પણ ભારતીય ટીમના કહેવાતા ધુરંધરોએ બેજવાબદારીભરી બેટિંગ કરીને એ તક વેડફી નાંખી. ભૂતકાળમાં ભારતીય બેટ્સમેન ધીરજથી પિચ પર ટકી રહેવાના બદલે હીરોગીરી કરવાના ચક્કરમાં આઉટ થતા. આપણે ઘણી મેચો એ રીતે હારેલા. લોર્ડ્સમાં પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થયું ને ૧૯૩ રન જેવો મામૂલી સ્કોર આપણી ટીમ ચેઝ ના કરી શકી. ઈંગ્લેન્ડના બોલરોએ અસામાન્ય બોલિંગ નથી કરી પણ આપણે સામાન્ય બેટિંગ પણ ના કરી શક્યા તેમાં હારી ગયા.

આપણા ગુજરાતી બાપુ રવિન્દ્ર જાડેજાએ ૪ કલાક કરતાં વધારે સમય પિચ પર ઊભા રહીને ઈંગ્લેન્ડના બોલરોના આક્રમણને ખાળીને ક્લાસિક ઈનિંગ રમી બતાવી. બાપુએ ૧૮૧ બોલમાં અણનમ ૬૧ રન કરીને સાબિત કર્યું કે, ધીરજ અને મક્કમતા હોય તો પિચ પર ઊભા રહી શકાય છે અને રન પણ કરી શકાય છે. કમનસીબે, કે. એલ. રાહુલને બાદ કરતાં બીજો કોઈ ધુરંધર બેટ્સમેન એવો ટેમ્પરામેન્ટ ના બતાવી શક્યો. આપણા ટોપ ઓર્ડરમાંથી બીજા બે બેટ્સમેને જ બાપુ જેવો ટેમ્પરામેન્ટ બતાવ્યો હોત ને કલાક-કલાક ઊભા રહીને પચાસેક રનની એક જ સારી પાર્ટનરશિપ કરી હોત તો લોર્ડ્સ ટેસ્ટ ભારતના નામે લખાઈ ગઈ હોત.ભારતના ટોપ ઓર્ડરમાં યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ અને રિષભ પંત ત્રણેય જબરદસ્ત ફોર્મમાં રમે છે એ જોતાં ત્રણેય પાસેથી વધારે નહીં તો વીસ-પચ્ચીસ રનની આશા તો રખાય જ. તેના બદલે ત્રણેયે મળીને ૧૫ રન કર્યા. યશસ્વી જયસ્વાલ સાવ ખરાબ શોટ રમીને આઉટ થયો. ભારતે ૧૯૩ રનનો સ્કોર જ ચેઝ કરવાનો હતો એ જોતાં કોઈ ઉતાવળ કરવાની જરૂર જ નહોતી. નવા બોલ પર પુલ શોટ મારવા જાઓ એટલે બોલ પિચની આસપાસ ઉછળી જ જાય એ વાત દરેક ઓપનિંગ બેટ્સમેન જાણતો જ હોય છે છતાં જયસ્વાલ આ શોટ રમ્યો એ તેની અપરિપક્વતા કહેવાય. જયસ્વાલ ગયો પછી ગિલ, કરૂણ નાયર અને પંતે પણ મક્કમતા બતાવી હોત તો કદાચ બીજા કોઈએ બેટિંગમાં આવવાની જરૂર જ ના પડી હોત. રાહુલ એક છેડો સાચવીને રમતો જ હતો તેથી બીજા છેડે તેને સાથ આપવાની જ જરૂર હતી.આપણા ટોપ ઓર્ડરના બેટ્સમેન કરતાં તો સાવ પૂંછડિયા નીતિશ કુમાર રેડ્ડી, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ વધારે દૃઢ મનોબળવાળા સાબિત થયા. રેડ્ડીએ સવા કલાક ખેંચી કાઢેલા ને ૧૪ રન કર્યા જ્યારે જસપ્રિત બુમરાહ પૂરી ૧૦૪ મિનિટ અને સિરાજ ૬૪ મિનિટ ઊભો રહ્યો. રેડ્ડી તો ઓલરાઉન્ડર છે એટલે એ ટક્યો તેનું બહુ આશ્ર્ચર્ય નથી પણ બુમરાહ અને સિરાજે બતાવેલા ટેમ્પરામેન્ટને સલામ મારવી જોઈએ.ભારતે ૧૧૨ રનમાં ૮ વિકેટ ખોઈ દીધેલી એટલે સવાસો રનમાં તો પડીકું થઈ જશે એવું લાગતું હતું પણ જાડેજા બાપુ બુમરાહ અને સિરાજની મદદથી છેક ૧૭૦ રન લગી ખેંચી ગયા. લંચ પછી પતી જાય એવી લાગતી મેચ ટી બ્રેક પછી પણ ખેંચાઈ ગઈ ને એક તબક્કે તો એવું લાગવા માંડેલું કે, ભારત આ મેચ જીતી શકે છે. સિરાજ જે રીતે ડગ્યા વિના બેટિંગ કરતો હતો ને જાડેજા બાપુ ઠંડે કલેજે જામેલા હતા તેના કારણે મેચ પાછી ભારતના હાથમાં આવી ગયેલી લાગતી હતી.કમનસીબે સિરાજ આઉટ થઈ ગયો ને તક જતી રહી. સિરાજ પાછો સારા બોલમાં આઉટ થયો નથી પણ કમનસીબીભરી રીતે નજર હટી તો દુર્ઘટના ઘટીની જેમ જરાક આઉટ થયો તેથી આ હારનો વધારે અફસોસ થાય. વધારે અફસોસ એ વાતનો થાય કે, રવિન્દ્ર જાડેજાની મહેનત પર પાણી ફરી વળ્યું. રવિન્દ્ર જાડેજા બેટિંગમાં આવ્યો ત્યારે ભારતની ૫ વિકેટો ૭૧ રનમાં જતી રહેલી ને ઈંગ્લેન્ડની ટીમ જોશમાં હતી પણ બાપુએ એકલા હાથે ઈંગ્લેન્ડના જોશ પર પાણી ફેરવી દીધું એમ કહીએ તો ચાલે.

બાપુએ સાતમા નંબરે બેટિંગમાં આવીને ટીમને ઉગારી પણ જીતાડી ગયા હોત તો એક કાયમનું સંભારણું બની ગયું હોત. બાપુને લોકો કિંગ ઓફ લોર્ડ્સ તરીકે યાદ કરત પણ જાડેજાના નસીબમાં એ જશ નહીં લખાયેલો હોય. જાડેજાએ ૨૦૧૯ના વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે આવી જ જબરદસ્ત ઈનિંગ રમીને ભારતને જીતના આરે લાવી દીધેલું પણ મહેન્દ્રસિંહ ધોની આઉટ થયો ને ભારત હારી ગયેલું. આ વખતે તો જાડેજાએ પોતે કોઈ ભૂલ ના કરી પણ બીજાની ભૂલોના કારણે ઈતિહાસ રચવાની તક છિનવાઈ ગઈ.

યોગાનુયોગ લોર્ડ્સ પર આપણે ૧૪ જુલાઈએ હાર્યા ને ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આ હારને નેટવેસ્ટ ટ્રોફીની ફાઈનલમાં ઈંગ્લેન્ડની હાર સાથે જોડીને આપણને ચીટિયો ભરી લીધો. ૧૩ જુલાઈ ૨૦૦૨ના રોજ લોર્ડ્સ મેદાન પર મોહમ્મદ કૈફ અને યુવરાજ સિંહની જાદુઈ ઈનિંગની મદદથી ભારતે ફાઈનલમાં ૩૨૫ રનનો તોતિંગ સ્કોર ચેઝ કરીને ઈંગ્લેન્ડને હરાવીને નેટવેસ્ટ સિરીઝ પર કબજો જમાવ્યો હતો. એ વખતે લોર્ડ્સની બાલ્કનીમાં ઊભા રહીને ગાંગુલીએ પોતાનું ટી-શર્ટ ઉતારીને હવામાં લહેરાવીને ઈંગ્લેન્ડના એન્ડ્રુ ફ્લિનટોફને જવાબ આપ્યો હતો. ફ્લિનટોફે ૩ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારતને હરાવીને પોતાનું ટી-શર્ટ કાઢીને મેદાનમાં દોડ લગાવી હતી. લોર્ડ્સની બાલ્કનીમાંથી ટી-શર્ટ લહેરાવીને ગાંગુલીએ જવાબ આપેલો.

બેન સ્ટોકે મેચ પત્યા પછી કહ્યું કે, પાંચમા દિવસની રમત શરૂ થઈ એ પહેલાં પોતે જોફ્રા આર્ચર સહિતના ટીમના ખેલાડીઓને આ મેચના ક્લિપિંગ બતાવીને કહેલું કે, ૨૩ વર્ષ પહેલાં ભારતે લોર્ડ્સ પર જીત મેળવીને કરેલા જશ્નનું પુનરાવર્તન ના થવું જોઈએ. પોતાની ટીમે આ વાતને ગંભીરતાથી લઈને ભારતને ના જીતવા દીધું. ગાંગુલીએ પોતે સ્વીકારેલું કે, લોર્ડ્સમાં જીત્યા પછી ટી-શર્ટ ઉતારીને સેલિબ્રેટ કરવું યોગ્ય નહોતું પણ ફાઈનલમાં ઝહીર ખાને વિનિંગ શોટ મારતાં જ હું મારી જાતને રોકી શક્યો નહોતો.લોર્ડ્સ પર ભારત જીત્યું હોત તો કદાચ ફરી એ જ સેલિબ્રેશન જોવા મળી શક્યું હોત.

### લાઇફસ્ટાઇલમાં થોડાક ફેરફાર કરી હીટ સ્ટ્રોકનો સામનો કરી શકાય

# તીવ્ર ગરમીમાં લુ બિમાર કરી શકે

- આમાં લાપરવાહી ખતરનાક સાબિત થઇ શકે છે. જમતી વેળા વધુ પ્રમાણમાં પાણી પીનાર લોકો માટે કેટલીક નવી ચેતવણી જારી કરવામાં આવી છે. આધુનિક સમયમાં મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો પણ જમતી વેળા પુરતા પ્રમાણમાં પાણી પીવે છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે દર વર્ષે તાપમાનનો ગ્રાફ સતત વધી રહ્યો છે. આ વધતા જતા તાપમાનના ગ્રાફને તો રોકી શકાય નહી પરંતુ પોતાના આરોગ્યની કાળજી ચોક્કસપણે લઇ શકાય છે. આના કારણે હીટ સ્ટ્રોકથી બચી શકાય છે. તીવ્ર તાપ અને ગરમ પવનને લઇને સહેજ પણ જો લાપરવાહી કરવામાં આવે તો તે ખુબ ભારે પડી શકે છે. આના કારણે આરોગ્ય પર ખતરો સર્જાઇ શકે છે. વધારે સમય સુધી તીવ્ર તાપ અને ગરમીના વચ્ચે રહેવાની સ્થિતીમાં શરીરના તાપમાનને નિયંત્રણમાં રાખનાર તંત્ર ફ્લોપ થઇ જાય છે. આના કારણે શરીરનુ તાપમાન સામાન્ય રહી શકતુ નથી. આ અવસ્થાને સન સ્ટ્રોક અથવા તો લુ લાગવાની બાબત કહેવામાં આવે છે. શરીરમાં પાણીની કમી હોવાની સ્થિતીમાં સન સ્ટ્રોક અથવા તો લુ લાગવાનો ખતરો અનેક ગણો વધી જાય છે. તરત તેની સારવાર ન લેવાની સ્થિતીમાં શરીરનુ તાપમાન એટલુ વધારે વધી જાય છે કે કિડની, લીવર, હાર્ટ અને દિમાંગ પર તેની પ્રતિકુળ અસર થાય છે. ગરમીમાં વધી ગયેલા તાપમાનને કમ કરવા માટે અમારા શરીરમાં બ્લડ પ્રેશર વધવા, પરસેવો થવો શ્વાસ મારફતે ગરમ પવન બહાર નિકળવા જેવી કેટલીક ક્રિયાઓ થાય છે. બ્લડનુ તાપમાન સામાન્ય કરતા વધારે થઇ જવાની સ્થિતીમાં મસ્તિષ્કના મધ્યમાં સ્થિત હાઇપોથેલેમસ ભાગ સંચાર તત્રને બ્લડ પ્રવાહ વધારી દેવા અને રક્ત વાહિની ખાસ કરીને ત્વચા પર સ્થિત વાહિનીને ફેલાવવાનો સંકેત આપે છે. તેટલી જ ગતિથી લોહીનુ તાપમાન ઘટે છે. આવુ ન થવાની સ્થિતીમાં સ્વેદ ગ્રથી સક્રિય થઇ જાય છે. જેથી પરસેવા મારફતે શરીરનુ તાપમાન નિયંત્રિત કરે છે. છતાં પણ લોહીનુ તાપમાન કમ નહી થવાની સ્થિતીમાં લુ લાગવાના લક્ષણ દેખાવવા લાગી જાય છે. લુ લાગી ગયા બાદ સામાન્ય રીતે ત્રણ અવસ્થા નજરે પડે છે. પહેલી અવસ્થામાં રોગીના શરીરમાંથી પરસેવો નિકળતો નથી. ચામડી સુખાવવા લાગી જાય છે. ધીમે ધીમે તેની રંગત ઉડી જાય છે. રોગી બેહોશી , થાક અને કમજોરી અનુભ કરવા લાગી જાય છે. ધબકારાની ગતિ ધીમી થઇ જાય છે. બીજી અવસ્થામાં માથામાં તીવ્ર દુખાવો રહે છે. ત્વચા લીલી પડી જાય છે. શ્વાસની ગતિ પણ ધીમી થઇ જાય છે. શરીર પણ લીલુ પડી જાય છે. આ ખુબ જ ઘાતક સ્થિતી હોય છે. લુ લાગી જવાની સ્થિતીમાં શરીરનુ બહારનુ તાપમાન જે રહે છે તેની તુલનામાં આંતરિક તાપમાન વધારે રહે છે. આને જાણવા માટે થર્માીમીટરનો ઉપયોગ કરવામાં આવે છે. થર્માીમીટર પણ અનેક પ્રકારના હોય છે. લુ લાગવાની સ્થિતીમાં રોગીને લિમ્બુ પાણી, ઓઆરએસ અથવા તો ગ્લુકોઝ થોડાત થોડાક સમયના અંતર પર આપવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત નારિયળ પાણી અને અન્ય પ્રવાહી ચીજો પણ આપવી જોઇએ. જેથી ભરપુર પ્રમાણમાં પાણી આપવુ જોઇએ. પાણીવાળી

શાકભાજી, તરબુજ અને કાકડી જેવી ચીજ વસ્તઓનો વધારે ઉપયોગ કરવો જોઇએ. લુ લાગી જવાની સ્થિતીમાં સૌથી પહેલા તો શરીરના તાપમાનને કમ કરવાની જરૂર રહે છે. આના માટે માથા અને સમગ્ર શરીરને ભીના કપડા સાથે ઢાકીને રાખવાની જરૂર હોય છે. હાથ અને પગ પર બરફ ઘસવાની પણ જરૂર રહે છે. હાથ અને પગમાં મસાજ કરવામાં આવે તો તેનાથી ફાયદો થાય છે. આના કારણે કમ તાપમાનવાળા લોહીનુ સર્ક્યુલેશન મસ્તિષ્ક અને શરીરના અન્ય ભાગોમાં સારી રીતે થાય છે. જો દર્દી ભાનમાં રહે તો તેને ટુંકા ગાળામાં જ ઠંડુ પાણી પિવડાવવુ જોઇએ. ગરમીને પછડાટ આપવા માટેનો સૌથી સારો તરીકો એ છે કે શરીરમાં પાણીની કમી હોવી જોઇએ નહી. જેટલુ શક્ય બને તેટલુ ઠોસ ડાઇટના બદલે લિક્વિડ ડાઇટ પર આધાર રાખવામાં આવે તે જરૂરી છે. લુ લાગી જવાની સ્થિતીમાં પ્રાથમિક ઉપચારમાં કુદરતી ઉપચારને જ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. વધારે તકલીફ હોવાની સ્થિતીમાં તરત જ તબીબોનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે.

આમાં લાપરવાહી ખતરનાક સાબિત થઇ શકે છે. જમતી વેળા વધુ પ્રમાણમાં પાણી પીનાર લોકો માટે કેટલીક નવી ચેતવણી જારી કરવામાં આવી છે. આધુનિક સમયમાં મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો પણ જમતી વેળા પુરતા પ્રમાણમાં પાણી પીવે છે. પરંતુ નવા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જમતી વેળા અથવા તો ભોજન વચ્ચે પાણીનો ઉપયોગ કરવો જોઈએ નહીં. આનાથી પાચન શક્તિને માઠી અસર થાય છે.

ભોજન દરમિયાન પાણી પીવાથી પેટની પાચન શક્તિમાં ઘટાડો થાય છે. સાથે સાથે ઈન્સ્યુલીનના પ્રમાણમાં પણ ફેરફાર કરે છે. માઇક્રોબાયોટિક અભ્યાસમાં આ મુજબની ચેતવણી આપવામાં આવી છે. શરીરમાં વધુ પાણી ખૂબ જ જરૂરી છે. પરંતુ જમતી વેળા વધુ પાણીનો ઉપયોગ યોગ્ય નથી. જમવાની સાથે પાણીના પ્રમાણને ઘટાડવામાં આવે તે જરૂરી છે. આનાથી એક બાજુ તરસ છુપાઈ જાય છે પરંતુ પાચન શક્તિને માઠી અસર થાય છે. મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો હાલના સમયમાં જમતી વેળા એક બે ગ્લાસ પાણી પી જાય છે. મોટાભાગના ભારતીયો પણ તેમના ભોજન માટે પાણી પીવે છે. સામાન્ય થીયોરી એ છે કે જમતી વેળા ફુડને સાફ કરી દેવામાં આવે છે.

### આપણી શિક્ષણ પ્રણાલી આજે એક અનોખી વર્ગ વિશિષ્ટતાનું પ્રતીક બનીને રહી ગઈ છે.

# વિદ્યાર્થીઓ પર ભારે પડતું પ્રતિસ્પર્ધી દબાણ

## નિ:સંદેહ, એન્જિનિયરો, ડોક્ટરો, કમ્પ્યૂટર અને તકનીકી વ્યવસાયીઓની હંમેશાં ભારે જરૂર રહે ચે અને તે ભવિષ્યમાં પણ બની રહેશે.

આ વર્ષના સૌથી દુ:ખદ સમાચારો રાજસ્થાનના કોટા શહેરથી આવ્યા, જ્યાં કેટલાક વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી. અકાદમિક દબાણ સમક્ષ યુવા છાત્ર-છાત્રાઓનું આ પ્રકારે તૂટી જવું બહુ જ દુ:ખદાયક છે. એનાથી પણ વધુ ચિંતાજનક એ છે કે શું આપણે આ સ્થિતિઓથી બચવા માટે પૂરતા પ્રયાસ કર્યા છે? આ તથ્યને સ્વીકારવામાં કોઈ સંકોચ નહીં કે ભારતમાં એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ માટે પરીક્ષા વિશ્વની કઠિનતમ પરીક્ષાઓમાંથી એક છે. ભલે અકાદમિક પરિદશ્ય ગમે તેટલું કઠિન કેમ ન હોય, પરંતુ આપણે તેની ગુણવત્તા સાથે કોઈ સમજૂતી ન કરી શકીએ. જો આપણે જ્ઞાનના આ યુગમાં ટોચ પર રહેવા માંગતા હોઈએ તો ગહન શિક્ષણનો કોઈ વિકલ્પ ન હોઈ શકે. વસ્તુસ્થિતિ એ છે કે અકાદમિક બોજને બદલે પ્રતિસ્પર્ધી દબાણ વિદ્યાર્થીઓ પર વધારે ભારે પડી રહ્યું છે. આ વિકરાળ થતી સમસ્યાના સમાધાન માટે જરૂરી છે કે આપણે વાસ્તવિક પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

દેશમાં ઉચ્ચ શિક્ષણના મોરચે માંગ અને પૂરવઠાની દૃષ્ટિએ ઊંડી ખાઈ જોવા મળે છે. લાખો આવેદકોની તુલનામાં ઉપલબ્ધ સીટોની સંખ્યા અત્યંત સીમિત છે, જેને કારણે સફળતાનો દર બહુ ઓછો છે. વિશેષ રૂપે સામાન્ય વર્ગના એ છાત્રો માટે જેમને કોઈ પ્રકારની અનામતનો લાભ નથી મળતો. એવામાં આપણે આપણું બુનિયાદી માળખું બહેતર બનાવવું પડશે. વધુ કોલેજ અને યુનિવર્સિટીઓ ખોલવી પડશે, જેથી વધુ સીટો સાથે વધુને વધુ છાત્રોને સમાવી શકાય. જે ગતિથી માંગ વધી રહી છે, તેની પૂર્તિ માટે પૂરવઠો કેટલાય ગણો વધારવો પડશે.

ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણની વ્યવસ્થા પણ અપેક્ષિત રૂપે ફળદાયી સાબિત નથી થઈ શકી. મોટાભાગની ખાનગી કોલેજો સાથે ગુણવત્તાની સમસ્યા છે, જે કારણે તે છાત્રોની પહેલી પ્રાથમિકતા નથી બની શકતી. પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ચુનંદી સીટોનું હોવું એક મુખ્ય પડકાર છે. એટલા માટે છાત્રોની પ્રાથમિકતા યાદીમાં શીર્ષ પર આવનારા શિક્ષણ કેન્દ્રોની ક્ષમતાઓને વધારવી અતિ જરૂરી છે. આપણે વધુ કોલેજોની જરૂરિયાત છે, વિશેષ રૂપે ટીયર-૨ અને ટીયર-૩ શહેરોમાં. ખાનગી ક્ષેત્ર સાથે સહયોગ, શિક્ષણમાં રોકાણ વધારવા અને વિદેશી યુનિવર્સિટીઓના સુગમ પ્રવેશ જેવી કેટલીક પહેલ છે, જેના પર તત્પરતાથી કામ કરવું જોઈએ. અન્ય ક્ષેત્રોની જેમ શિક્ષણમાં પણ ડિજિટલીકરણ કાયાપલટ કરનારું હોઈ શકે છે. વર્ચ્યુઅલ વર્ગો અને ઓનલાઈન ટેસ્ટ જેવા વિચારને હવે સાકાર સ્વરૂપ આપવાનો સમય આવી ગયો છે. તેમાં કેટલીક આરંભિક અડચણો આવી શકે છે, પરંતુ આપણે તેનાથી પ્રભાવિત થયા વિના વર્ચ્યુઅલ શિક્ષણના પરિદશ્યને વધુ વિકસિત કરવું જોઈએ.

આપણી શિક્ષણ પ્રણાલીની એક મોટી સમસ્યા એ છે કે તેમાં કોઈ એક પરીક્ષા વિશેષ પર હદથી વધારે જોર હોય છે. તે ચાહે એન્જિનિયરિંગ માટે જેઈઈ હોય કે પછી મેડિકલ માટે નીટ કે હાલમાં શરૂ કરવામાં આવેલ સંયુક્ત યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા એટલે કે સીયુઈટી, છાત્રોનું ભવિષ્ય કોઈ એક પરીક્ષા વિશેષમાં પ્રદર્શન પર ટકેલું હોય છે. એ બિલકુલ કોઈ ટી-૨૦ મેચની જેમ છે કે એક ખરાબ દિવસ તમને સ્પર્ધામાંથી બહાર કરી શકે છે. આપણી પ્રવેશ પ્રક્રિયાથી વિપરીત વિકસિત દેશોમાં પ્રચલિત પ્રવેશ પરીક્ષાઓની પ્રકૃતિ પર નજર નાખવાથી એક વૈકલ્પિક તસવીર ઉભરે છે. વિશ્વમાં અમેરિકી શિક્ષણ માળખું સૌથી ઉત્કૃષ્ટ માનવામાં આવે છે. આ જ કારણે અમેરિકા સર્વાધિક છાત્રોની પહેલી પસંદ હોય છે. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે અમેરિકામાં કોઈ છાત્રના ધોરણ-૯ થી ૧૨ના પ્રદર્શન, અકાદમિકથી ઈતર ખેલ અને અન્ય ગતિવિધિઓમાં છાત્રની રુચિ અને સ્તરની નોંધ લેવામાં આવે છે. કોલેજ બોર્ડ દ્વારા આયોજિત માપદંડ પરીક્ષાઓનું પણ મહત્ત્વ હોય છે. આવેદન પત્રની પ્રકૃતિ પણ એવી હોય છે, જેમાં છાત્ર માટે ખુદને અભિવ્યક્ત કરવાનો અવસર મળે છે. એનાથી પ્રવેશનો નિર્ણય કરનારી પરિષદ છાત્રનું સમગ્રતામાં આકલન કરી શકે છે. તેમાં વિભિન્ન માપદંડોનો સમાવેશ થાય છે તેથી છાત્રનું બહેતર મૂલ્યાંકન થઈ શકે છે, એટલું જ નહીં, તણાવને પણ અવકાશ ઘટી જાય છે. માત્ર એક જ પરીક્ષા અંતિમ હોઈને ભાગ્ય નિર્ધારક નથી બની જતી. શું આપણે સૌથી વિકસિત દેશ પાસેથી કંઈ શીખ લઈને પોતાની પરિસ્થિતિઓને અનુરૂપ તેમાં જરૂરી ફેરફાર કરી શકીએ છીએ?

આપણી શિક્ષણ પ્રણાલી આજે એક અનોખી વર્ગ વિશિષ્ટતાનું પ્રતીક બનીને રહી ગઈ છે. જે પ્રકારે દેશમાં એક આર્થિક અભિજાત્ય વર્ગ છે, તેવી જ રીતે શિક્ષણમાં એક કુલીન વર્ગ સ્થાપિત થઈ ગયો છે, જ્યાં શીર્ષ પર રહેનારા પાંચ ટકા કે તેની આસપાસ જ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ હાંસલ કરી શકે છે. બાકીના લોકોમાં જે વહન કરવામાં સક્ષમ હોય છે, વિદેશ ચાલ્યા જાય છે. જે વિદેશ નથી જઈ શકતા, તેઓ સમજૂતી કે સંઘર્ષ માટે વિવશ થઈ જાય છે. તેનાથી દબાણ પેદા થવું સ્વાભાવિક છે. એવામાં યક્ષ પ્રશ્ન એ થાય છે કે શું સરરાશ છાત્રો માટે પણ પોતાની પસંદ કે રુચિના ઉચ્ચ શિક્ષણ સુધી સહજ પહોંચ ન હોવી જોઈએ? તેમાં સમાજ અને વિશેષ રૂપે વાલીઓ, અધ્યાપકો અને સહપાઠીઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

નિ:સંદેહ, એન્જિનિયરો, ડોક્ટરો, કમ્પ્યૂટર અને તકનીકી વ્યવસાયીઓની હંમેશાં ભારે જરૂર રહે ચે અને તે ભવિષ્યમાં પણ બની રહેશે. ત્યાં જ આ તથ્યને પણ ભૂલાવી ન દેવાય કે ઓડિટરો, બેંકરો, વકીલો, નાણાંકીય સેવા પ્રદાતાઓ ઉપરાંત શિકો, કલાકારો અને લેખકો સાથે જ અન્ય બિન-તકનીકી લોકો માટે પણ અવસરોની અછત નહીં રહે. કોઈપણ શિક્ષણ અને વ્યવસાયમાં સૌથી મહત્ત્વપૂર્ણ બિંદુ ગુણવત્તાનું છે. ટેકનિકલ દક્ષતા એક મહત્ત્વપૂર્ણ કૌશલ અવશ્ય છે, તેમ છતાં પારંપરિક વિજ્ઞાનને લઈને આ ઝનૂન અટકવું જ જોઈએ.આ ચર્ચામાં નાગરિક સમાજ માટે પણ કેટલાક વિચારણીય પાસાં છે. શું આપણે આપણાં બાળકોને એક સંવેદનહીન સમાજનો સામનો કરવા માટે તૈયાર કરીએ કે પછી તેમને એવા તૈયાર કરીએ કે તે આ દુનિયાને વધુ સંવેદનશીલ બનાવે? આખરે આપણે કયા દોરમાં જીવી રહ્યા છીએ. આ એ સંદર્ભમાં પ્રાસંગિક છે કે આપણે અસફલને સાંત્વના આપવાને બદલે સફળને શુભેચ્છા આપવા માટે વધુ ઉત્સાહિત રહીએ છીએ.

# રણવીર સિંહ અને બોબી દેઓલ એક્શન ફિલ્મમાં સાથે જોવા મળશે

## આ એક મોટા બજેટની ફિલ્મ હશે, જેમાં બંને કલાકારો નવા અવતારમાં જોવા મળશે

એક તરફ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાલ સફળ ફિલ્મ અને નિષ્ફળ ફિલ્મના બંને અંતિમો વચ્ચે કોઈ રસ્તો શોધવાની કોશિશ કરી રહી છે. જેમા સ્ટાર પાવર મોટા ભાગે નકામો સાબિત થઈ રહ્યો છે, તો બીજી તરફ કેટલાંક ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એવા પણ છે, જેઓ હિરો હિરોઈનની જોડી હોય કે હિરો અને વિલનની જોડી, તેમાં નવા પ્રયોગો કરવાની હિંમત અને જોખમ બંને લઈ રહ્યા છે. આવી જ એક જોડીની તાજેતરમાં એક –બે દિવસથી ચર્ચા છે, એક મોટા બજેટની એક્શન ફિલ્મમાં રણવીર સિંહ અને બૉબી દેઓલ એક સાથે કામ કરી રહ્યા છે. આ એક મોટા બજેટની એક્શન ફિલ્મ છે, જેમાં બને ખાસ પ્રકારે બોડી ટ્રાન્સફોર્મેશન પર કામ કરી રહ્યા છે અને બંને ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે.


આ અંગે ઈન્ડસ્ટ્રીની સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, “એક મોટા પ્રોજેક્ટમાં રણવીર સિંહ અને બૉબી દેઓલ બંને સાથે કામ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ફિલ્મ માટે બંને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન માટે મહેનત કરી રહ્યા છે. લાંબા સમયથી બંને આ ફિલ્મ માટે કામ કરી રહ્યા છે. રણબીર કપૂર પછી હવે રણવીર સિંહ બૉબી દેઓલ સાથે કામ કરી રહ્યો છે. બંને ધુંરધર કલાકારો એક ફિલ્મમાં આવશે તો એ ફિલ્મ પણ મોટી જ હોવાની એ નક્કી છે.”

રણવીર સિંહ તેના વિવિધ પ્રકારના રોલ અને તેમાં ધારદાર અભિનય માટે જાણીતો કલાકાર છે, પડદા પર તેની હાજરીથી જ ફિલ્મમાં ઉર્જા આવી જાય છે, તાજેતરમાં જ તેની આવનારી ફિલ્મ ‘ધુરંધર’ માટે તે ઘણો ચર્ચામાં છે, તેના ટ્રેલરથી ઘણા લોકો પ્રભાવિત થયા છે. તે જે રીતે રોલ માટે પોતાનું સર્વસ્વ સોંપીને કામ કરે છે, તે મહેનત માટે તે ઈન્ડસ્ટ્રીમાં જાણીતો છે.

જ્યારે બૉબી દેઓલની આ બીજી ઈનિંગ ગણવામાં આવે છે અને છેલ્લાં કેટલાંક વર્ષમાં આવેલી તેની કેટલીક ફિલ્મ અને સિરીઝમાં લોકોને એક નવો જ બૉબી દેઓલ જોવા મળ્યો છે. પછી તે ‘એનિમલ’ હોય, સૂર્યાની ‘કંગુવા’ કે પછી ‘આશ્રમ’ સિરીઝ, તેણે પોતાની એક અલગ છબિ બનાવી લીધી છે.


હવે આ બંને કલાકારોની સાથે આવવાની વાતથી જ ફિલ્મી દર્શકો ઉત્સાહમાં આવી ગયા છે. આ ફિલ્મ વિશે હજુ વધુ માહિતી જાહેર થઈ નથી પરંતુ આ એક મજબુત પાત્રો સાથેને એક્શનમાં પણ કોઈ નવા પ્રયોગો જોવા મળે એવી મોટા બજેટની ફિલ્મ હશે, તે નક્કી છે.

રણવીરની આવનારી ફિલ્મોની વાત કરવામાં આવે તો, ‘ધુરંધર’નું ટ્રેલર તેના ૪૦ જન્મદિવસે લોંચ કરાયું હતું. ડિરેક્ટર આદિત્ય ધરની આ ફિલ્મમાં તેની સાથે સંજય દત્ત, સારા અર્જુન, આર માધવન, અર્જુન રામપાલ અને અક્ષય ખન્ના પણ છે. બૉબીની ‘એક બદનામ આશ્રમ’ સિરીઝની ૩ સીઝન આવી ગઈ છે, તેણે તાજેતરમાં ‘ડાકુ મહારાજ’ ફિલ્મથી તેલુગુ ફિલ્મ ડેબ્યુ કર્યું છે. વધુ એક તેલુગુ ફિલ્મ ‘હરિ હરા વીરા મલ્લુ’ ૨૪ જુલાઈએ રિલીઝ થવાની છે.





# પરેશ રાવલે સલમાન અને આમિરની સરખામણી કરી સલમાન ખાન તો ‘હવા કા ઝોંકા છે’



પરેશ રાવલ એવા ઘણા ઓછા કલાકારોમાંના એક છે, જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દાયકાઓથી સતત કામ કરતા રહ્યા છે. એવા કોઈ દિગ્ગજ કલાકારો નથી, જેણે પરેશ રાવલ સાથે કામ ન કર્યું હોય. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં પરેશ રાવલને સલમાન ખાન અને આમિર ખાન સાથે કામ કરવાના અનુભવ અને તેમાં શું ફરક છે, એ અંગે પુછાયું હતું.

આ પ્રશ્નના જવાબમાં પરેશ રાવલે બંને હિરોની કામ કરવાની અલગ શૈલી અંગે વાત કરી હતી અને બંનેના વખાણ કર્યા હતા. પરેશ રાવલે ઉલ્લેખ કર્યો કે સલમાન ખાન બહુ સરળતાથી કામ કરે છે અને પાત્રમાં ઘુસવામાં પણ એને બહુ સમય લાગતો નથી. તેમણે જણાવ્યું, “સલમાન ખાન કોઈ પણ સીનનો હાર્દ સમજી જાય છે. એ બહુ આકર્ષક વ્યક્તિ છે. પદડા પર તે જાદુની જેમ કામ કરે છે. એ સેટ પર આવે છે, તો એણે બહુ મહેનત કરવી પડતી નથી. એ જાણે હવામાં ભળી જાય છે અને કામ થઈ જાય છે.”


જ્યારે આમિરની કામ કરવાની રીત વિશે પરેશ રાવલે જણાવ્યું કે તે પોતાના પાત્ર માટે બહુ મહેનત કરે છે અને તેના ઊંડાણ સુધી પહોંચવા નોંધપાત્ર સમય પણ લે છે, જ્યારે સલમાન સહેલાઈથી કરી લે છે. પરેશ રાવલે જણાવ્યું, “આમિરને મહેનત કરવી પડે છે અને દરેક બાબતને ઊંડાણથી અને વિગતે જાણવી પડે છે. એટલે આમિર સાહેબ થોડો સમય લે છે. જ્યારે સલમાન “હવા કા ઝોંકા” છે, એ ક્યારે આવે, ઉડીને જતો રહે, ખબર પણ નહીં પડે.”

પરેશ રાવલે આ બંને કલાકારો સાથે ઘણી ફિલ્મમાં કામ કર્યું છે. તેણે સલમાન અને આમિરની ફિલ્મ ‘અંદાઝ અપના અપના’માં પણ એક મહત્વનો રોલ કર્યો હતો. સલમાન અને આમિરની આજ સુધીની એકસાથે કરેલી એ એકમાત્ર ફિલ્મ છે.

જો પરેશ રાવલની આવનારી ફિલ્મની વાત કરવામાં આવે તો તેઓ હવે ‘નિકિતા રોય’માં જોવા મળશે, જેમાં સોનાક્ષી સિંહા લીજ રોલમાં છે. તેઓ ‘હેરા ફેરી ૩’માં પણ હવે જોવા મળશે, તેનું કામ ૨૦૨૬માં શરૂ થવાનું છે. આ સિવાય પરેશ રાવલે અક્ષય કુમાર અને પ્રિયદર્શન સાથે ‘ભૂતબંગલા’માં પણ કામ કર્યું છે.

# સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિઆરા અડવાણીને ત્યાં દિકરીનો જન્મ

**સિદ્ધાર્થ અને કિઆરાએ બુધવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જાહેરાત કરી**




સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિઆરા અડવાણી મંગળવારે રાત્રે માતા-પિતા બની ગયાં છે. તેમણે બુધવારે સોશિયલ મીડિયા પર કરેલી જાહેરાત મુજબ તેમને ત્યાં દિકરીનો જન્મ થયો છે અને માતા તેમજ દિકરી બંનેની તબિયત સારી છે. એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં કિઆરાએ નોર્મલ ડિલીવરી દ્વારા દિકરીને જન્મ આપ્યો છે.

કિઆરા અને સિદ્ધાર્થે ફેબ્રુઆરીમાં ઈન્સ્ટાગ્રામ દ્વારા જાહેરાત કરી હતી કે તેઓ પોતાનાં પહેલાં બાળકને આવકારવાની તૈયારી કરી રહ્યાં છે. તેમણે સોશિયલ મીડિયા પર પોતાના હાથમાં નાના બાળકનાં પગનાં મોજાં સાથેની એક તસવીર શેર કરી હતી. તેની કેપ્શનમાં લખ્યું હતું, ‘અમારા જીવનની શ્રેષ્ઠત્તમ ભેટ..બહુ જલ્દી આવી રહી છે.’

જો સિદ્ધાર્થ અને કિઆરાની લવ સ્ટોરીની વાત કરવામાં આવે તો તેઓ બંને પહેલી વખત એક પાર્ટીમાં મળ્યાં હતાં. તેમની બંનેની એકસાથે કરેલી ફિલ્મ ‘શેરશાહ’ દરમિયાન તેઓ પ્રેમમાં પડ્યાં, જોકે, તેમણે જાહેરમાં ક્યારેય એકબીજા સાથેના સંબંધનો સ્વીકાર કર્યો નહોતો. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ તેમણે રાજસ્થાનમાં જેસલમેરમાં લગ્ન કર્યાં હતાં.

જો તેમની બંનેની ફિલ્મની વાત કરવામાં આવે તો સિદ્ધાર્થ અને કિઆરા બંનેની મહત્વની ફિલ્મ આવતા મહિને જ રિલીઝ થઈ રહી છે. સિદ્ધાર્થ જહાન્વી કપૂર સાથેની રોમેન્ટિક ફિલ્મ ‘પરમ સુંદરી’માં એક ઉત્તર ભારતના છોકરાનો રોલ કરી રહ્યો છે, જ્યારે જહાન્વી દક્ષિણની છોકરીના રોલમાં છે. જ્યારે કિઆરા યશરાજની સ્પાય યુનિવર્સની ફિલ્મ ‘વૉર ૨’માં રિકિત રોશન અને જુનિયર એનટીઆર સાથે જોવા મળશે, જે ૧૫ ઓગસ્ટના વીકેન્ડમાં રિલીઝ થઈ રહી છે. તે ફરહાન અખ્તરની ‘ડોન ૩’માં પણ કામ કરતી હોવાની અહેવાલો છે, પ્રેગનન્સીના બ્રેક પછી તે રણવીર સાથે શૂટ શરૂ કરશે.



## હવે અરિજિત સિંઘ ફિલ્મ ડિરેક્શન ક્ષેત્રે ડેબ્યુ કરશે

અરિજિત સિંઘ એક સૌથી લોકપ્રિય ગાયક તો છે જેના ગીતો વિશ્વભરમાં જાણીતા છે. તે એક એટલો લોકપ્રિય કલાકાર છે જેનું એક પણ ગીત જો ફિલ્મમાં ન હોય તો સમગ્ર મ્યુઝિક આલ્બમ અધુરું લાગે છે. હવે તે ફિલ્મ ડિરેક્શન ક્ષેત્રે ડેબ્યુ કરી રહ્યો છે. કેટલાંક અહેવાલો અનુસાર અરિજિત સિંઘ મહાવીર જૈનના પ્રોડક્શનની ફિલ્મ ડિરેક્ટ કરશે. આ અંગે એક સુત્રએ જણાવ્યું, “અરિજિત છેલ્લાં કેટલાંક વખતથી ડિરેક્શન ક્ષેત્રે કામ કરવા માગતો હતો. તેણે શાંતિથી પોતાની મહાત્વાકાંક્ષી સ્ક્રિપ્ટ પર કામ ચાલુ રાખ્યું હતું. તેની ડિરેક્ટર તરીકેની પહેલી ફિલ્મ એક અનોખી જંગલ એડવેન્ચર ફિલ્મ હશે, જે તેણે પોતે કોયેલ સિંઘ સાથે મળીને લખી છે.”સુત્રએ આગળ જણાવ્યું કે સ્ક્રિપ્ટ નક્કી થઈ ગઈ છે અને હાલ તેઓ કાસ્ટિંગના તબક્કા પર પહોંચી ગયા છે. સુત્રએ જણાવ્યું, “આ એક મહાત્વાકાંક્ષી મોટા બજેટની જંગલ એડવેન્ચર ફિલ્મ છે અને અરિજિત ક્રૂ અને પ્રી પ્રોડક્શનમાં વ્યસ્ત છે. આવાતા એક મહિનામાં ફિલ્મ માટે કાસ્ટિંગ શરૂ થશે, તે ઈચ્છે છે કે કોઈ ટોચના કલાકારને આ ફિલ્મ માટે પસંદ કરવામાં આવે.”આ એક પૅન ઈન્ડિયા ઓડિયન્સ માટેની ફિલ્મ હશે અને તેનું કાસ્ટિંગ પણ એવી રીતે કરાશે કે સમગ્ર દેશની વિવિધ ઈન્ડસ્ટ્રીમાંથી કલાકારોને લેવામાં આવશે. મહાવીર જૈન અને આલોકદ્યુતિ ફિલ્મ્સ દ્વારા તેમજ બ્લેસ એન્ટરટેઈમેન્ટ મળીને આ ફિલ્મ બનાવી રહ્યા છે.

# આ અઠવાડિયે ઓટીટી પર એન્ટરટેઈનમેન્ટનો વરસાદ

વરસાદી માહોલમાં ધીરે ધીરે તહેવારો અને રજાઓની મોસમ આવી રહી છે, ત્યારે ઓટીટી પર પણ ઘણી રસપ્રદ ફિલ્મ અને વેબ સિરીઝ આવી રહી છે. જેમાં થ્રિલર, કોમેડી, હોરર અને મ્યુઝિક સહિત વિવિધ જોનરનો સમાવેશ થાય છે. તો જો બિન્જ વોચ કરીને કોઈ સિરીઝની મજા લેવી હોય કે પછી કશુંક હળવું જોઈને મજા કરવી હોય તો આ મહિનામાં ઘણા વિકલ્પો છે, જે વિવિધ ઓટીટી પ્લેટફર્મ પર આવી રહ્યા છે.




### ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શર્મા શો સીઝન ૩

આ શોની ઓટીટી પર હવે ત્રીજી સીઝન આવી ગઈ છે, જે ૧૯ જુલાઈથી નેટફ્લિક્સ પર આવી રહી છે. તેમાં આ વખતે પણ તેનાં જુના કલાકારો અને જજીસ પાછા ફરશે. કપિલ શર્મા, અર્ચના પુરણસિંહ, નવજોતસિંહ સિધુ, કૃષ્ણા અભિષેક, કિકુ શારદા અને સુનિલ ગ્રોવર ફરી લોકોને પેટ પકડીને હસાવશે. પહેલા એપિસોડમાં અજય દેવગનની ફિલ્મ ‘સન ઓફ સરદાર ૨’ની ટીમ, વિજય કુમાર અરોરા, નીરુ બાજવા, વિંદ દારાસિંઘ, સંજય મિશ્રા, રવિ કિશન સહીતના કલાકારો ફિલ્મના પ્રમોશન માટે આવશે. ૧૯ જુલાઈથી આ શો નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવાનું શરૂ થશે.

### સ્પેશિયલ ઓપ્સ સીઝન ૨

હિન્દી સ્પાય એક્શન સિરીઝની આ બીજી સીઝન છે, જેમાં કે કે મેનન, પ્રકાશ રાજ, વિનય પાઠક, તાહિર રાજ ભસિન, કરણ ટેકર, સૈયામી ખેર અને મુઝમ્મિલ ઈબ્રાહીમ જેવા કલાકારો છે. કેકે મેનન આ સિરીઝમાં લીડ રોલમાં છે. ૨૦૨૦માં ૧૭ માર્ચે આ સિરીઝની પહેલી સીઝન રિલીઝ થઈ હતી. આ શોની પહેલી સીઝનમાં રો એજન્ટની વાત હતી, જે આતંકવાદી હુમલાઓની એક જ પેટર્ન જોઈને એક શંકાસ્પદ વ્યક્તિને શોધી કાઢે છે. ફરી કેકે મેનન હિમ્મત સિંહના લીડ રોલમાં જોવા મળશે. આ સિરીઝ પહેલાં ૧૧ જુલાઈએ રિલીઝ થવાની હતી, પછી તે ૧૮ જુલાઈએ પોસ્ટોન થઈ છે. આ વથતે રો એજન્ટ સાઈબર ક્રાઈમ સાથે બાથ ભિડશે, જે ડિજીટલ યુગમાં દેશની નેશનલ સુરક્ષા સાથે કામ કરશે.

આશ્લેષા ઠાકુર અને વિશેષ બંસલ આ સિરીઝમાં લીડ રોલમાં છે, જે ૧૭ જુલાઈથી એમએક્સ પ્લેયર અને પ્રાઈમ વીડિયો પર આવશે. આ ટીનેજ રોમેન્ટિક ડ્રામા સિરીઝ છે, જેમાં રિતુ અને રાજનો સ્કૂલ રોમાન્સ દર્શાવાયો છે. તેઓ મોટાં થાય છે અને તેમની લોંગ ડિસ્ટન્સ રિલેશનશિપના પડકારો તેમને સમજાય છે.

# ભારતની સૌથી મોંઘી ફિલ્મ, ૪૦૦૦ કરોડમાં બનશે ‘રામાયણ’

## મહાન કહાની હોવા છતાં હોલિવૂડની ફિલ્મો કરતાં ઓછો ખર્ચઃ પ્રોડ્યુસર

રણબીર કપૂર અને યશ સહિતની કાસ્ટ, તેમાં થયેલાં ગ્રાફિક્સ અને ટેક્નોલોજીના ઉપયોગ અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સનક્કે લઈને તો ‘રામાયણ’ ચર્ચામાં છે જ. સાથે જ તેમાં અમિતાભ બચ્ચન, સાઈ પલ્લવી, સની દેઓલ, લારા દત્તા સહિતના કલાકારોની પ્રભાવશાળી કાસ્ટ છે. બે ભાગમાં બની રહેલી આ ફિલ્મ ભવ્ય તો હશે જ, હવે આ ફિલ્મના બજેટ અંગે પણ નવા અહેવાલો આવી રહ્યા છે. જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ફિલ્મ લગભગ ૪૦૦૦ કરોડનાં બજેટમાં બની રહી છે, આમ તે ભારતીય ફિલ્મના ઈતિહાસમાં સૌથી મોંઘી ફિલ્મ બની જશે.

તાજેતરમાં આ ફિલ્મના પ્રોડ્યુસર નમિક મલ્હોત્રાએ આ ફિલ્મના બજેટ અંગે કેટલીક વાતો જાહેર કરી છે. પ્રાઈમ ફોકસ પ્રોડક્શનના સીઈઓ અને ‘ઈન્સેપ્શન’, ‘ઈન્ટરસ્ટેલર’ અને ડ્યુન જેવી ફિલ્મમાં રોકાણ કરનાર નમિત મલ્હોત્રાએ કહ્યું કે અમે કોઈ પાસેથી પૈસા લીધાં નથી, આ એક ઘણી મહત્વાકાંક્ષી ફિલ્મ છે. તે તેમના માટે કેમ એક અંગત મિશન જેવી ફિલ્મ છે, તે અંગે વાત કરતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું, “અમે અમારી ફિલ્મનો ખર્ચ અમારા પોતાના નાણાંમાંથી કરી રહ્યા છીએ. અમે જ્યારે છ-સાત વર્ષ પહેલાં, પેન્ડેમિક પછી અમે જ્યારે શરૂઆત કરી ત્યારે લોકોને લાગતું હતું કે અમે પાગલ છીએ. અત્યાર સુધીમાં કોઈ ભારતીય ફિલ્મ આ બજેટની નજીક પણ આવી શકી નથી.”

નમિત મલ્હોત્રાનો અંદાજ છે કે જ્યારે બંને ભાગ બની જશે, ત્યારે લગભગ ૫૦૦



મિલિયન ખર્ચ થશે, જે કેટલીક જાણીતી હોલિવૂડ ફિલ્મના ખર્ચ જેટલો છે. તેમણે આગળ જણાવ્યું, “અમે એક મહાન કહાણી માટે દુનિયાની સૌથી મોટી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ, એક એવું મહાકાવ્ય જે દુનિયાએ જોવું જોઈએ. હજુ પણ મને લાગે છે કે કેટલીક હોલિવૂડ ફિલ્મની સરખામણીએ આ ફિલ્મ ઘણી સસ્તી બની રહી છે.”

આવી મોટા બજેટની ફિલ્મ બનાવવાનાં સપનાની શરૂઆત અંગે વાત કરતા તેમણે કહ્યું કે બાળપણમાં તેમણે જુરાસિક પાર્ક ફિલ્મ જોઈ હતી, જેનાથી એક કાલ્પનિક પણ લોકોને વાસ્તવિક લાગે તેવી દુનિયાની શક્યતાએ તેમની કલ્પનાઓને પાંખો આપી. તેમણે ક્યારેય કોઈ ફિલ્મ ડિરેક્ટ કરી નથી પરંતુ તેમણે એક વિશ્વ કક્ષાનું પોસ્ટ પ્રોડક્શન અને વિઝ્યુઅલ ઈફેક્ટ પાવરહાઉસ ખડું કર્યું છે, જેમાં કેટલીક ઓસ્કાર વિજેતા ફિલ્મ બનીને તૈયાર થઈ છે. પરંતુ આ સપના સાથે ભારતીય ફિલ્મ માટે વિશ્વમાં સન્માનની ખામી પણ તેમને અકળાવતી હતી.

નમિતે આ અંગે કહ્યું, “એમણે આપણી જે પણ ફિલ્મ જોઈ છે, તેમાં આપણે તકલીફનો ભોગ બનેલાં હોઈએ, આપણે ગરીબ હોઈએ અને હંમશા દુનિયાએ આપણી સાથે કમનસીબ લોકો જેવું જ વર્તન કર્યું છે.” દુનિયાના લોકો પોતાને ભારતીય ફિલ્મ સાથે જોડી શકતાં નહોતાં. આ વાતથી જ નમિતને રામાયણ પર કામ કરવાનો જુસ્સો વધ્યો. તેઓ ઈચ્છે છે કે ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને અત્યાર સુધીના સૌથી મહાન મહાકાવ્ય રૂપે તેઓ વિશ્વ સમક્ષ મુકે.

# ભારત સામેની સફળતા છતાં WTCમાં ઇંગ્લેન્ડને નુકસાન થયું

પ્રવાસી ભારત સામેની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં ૨૨ રનના રોમાંચક વિજય સાથે ઇંગ્લેન્ડે વર્તમાન સિરીઝમાં ૨-૧ની સરસાઈ તો હાંસલ કરી લીધી હતી પરંતુ તેમ છતાં અંતે તેને નુકસાન થયું છે. લોર્ડ્ઝ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ઇંગ્લેન્ડની ટીમ ઓવર રેટ જાળવવામાં નિષ્ફળ રહી હતી અને તેને પરિણામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઇન્ટમાં તેને નુકસાન થયું છે કેમ કે તેના બે પોઇન્ટ કાપી લેવાયા હતા. આમ ઇંગ્લેન્ડ હાલમાં ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં ત્રીજા ક્રમે સરી ગયું છે.




બેન સ્ટોક્સની ટીમને માત્ર પોઇન્ટમાં જ નુકસાન થયું નથી પરંતુ સાથે સાથે ટીમ પર પેનલ્ટી પણ લાદવામાં આવી છે જે મુજબ તમામ ખેલાડીની મેચ ફીની દસ ટકા રકમ કાપી લેવામાં આવી છે.

આઇસીસીના મેચ રેફરી રિચી રિચર્ડ્સને ઇંગ્લેન્ડ પર પેનલ્ટી દાખલ કરી હતી. સોમવારે ભારતની બીજી ઇનિંગ્સ દરમિયાન ઇંગ્લેન્ડનો ઓવર રેટ સમયસરનો રહ્યો ન હતો અને તેણે તમામ એલાઉન્સ બાદ કર્યા બાદ પણ બે ઓવર ઓછી ફેંકી હતી. આ માટે ટીમને મેચ ફીની દસ ટકાની રકમ પેનલ્ટી કરવામાં આવી હતી અને આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના બે પોઇન્ટ કાપી લેવાયા હતા. આમ ઇંગ્લેન્ડ પોઇન્ટ ટેબલમાં ત્રીજા ક્રમે રહ્યું હતું તો લોર્ડ્ઝ ટેસ્ટમાં હારનારી ભારતીય ટીમ હાલમાં ચોથા ક્રમે છે.

આઇસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આઇસીસીની આચારસંહિતાની ૨.૨૨ કલમ હેઠળ ઇંગ્લેન્ડની ટીમ પર લઘુત્તમ પેનલ્ટી લાદવામાં આવી છે જેની અસર તમામ ખેલાડી ઉપરાંત સપોર્ટ સ્ટાફ પર પણ પડશે. આ નિયમ મુજબ એક ઓવર માટે મેચ ફીની પાંચ ટકા રકમનો દંડ હોય છે જે બે ઓવર માટે ઇંગ્લેન્ડ પર લાગું કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આઇસીસીની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની આચારસંહિતા પણ આ કિસ્સામાં લાગું કરી હતી જે મુજબ પ્રત્યેક એક ઓવર ઓછી ફેંકવા બદલ ટીમનો એક પોઇન્ટ કાપી લેવામાં આવે છે. આમ ઇંગ્લેન્ડના બે પોઇન્ટ કપાયા હતા.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઇન્ટ ટેબલમાં ઇંગ્લેન્ડના ૨૪માંથી ૨૨ પોઇન્ટ થયા છે. આ જ રીતે તેના પોઇન્ટ પર્સન્ટેજમાં પણ ફરક પડી ગયો છે જે હવે ૬૬.૬૭માંથી ૬૧.૧૧ થઈ ગયા છે. ઇંગ્લેન્ડને આટલું જ નુકસાન થયું નથી પરંતુ તેના બે પોઇન્ટ કપાતાં તેણે બીજો ક્રમાંક ગુમાવ્યો છે અને હવે પોઇન્ટ ટેબલમાં તેને બદલે શ્રીલંકા બીજા ક્રમે પહોંચી ગયું છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઇન્ટ ટેબલમાં ઓસ્ટ્રેલિયા હાલમાં મોખરે છે. વેસ્ટ ઇન્ડિઝ સામેની ત્રણ ટેસ્ટની સિરીઝમાં ૩-૦ના વિજય સાથે ઓસ્ટ્રેલિયા ૧૦૦ ટકાની ટકાવારી સાથે મોખરે છે જ્યારે ભારત હાલમાં ૩૩.૩૩ની ટકાવારી ધરાવે છે અને ચોથા ક્રમે છે. ઇંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આઇસીસીની આ પેનલ્ટીનો સ્વિકાર કરી લીધો હતો જેને પરિણામે આ સાથે ઇંગ્લેન્ડ હવે કોઈ અપીલ કરી શકશે નહી.

# ઇંગ્લેન્ડનો જો રૂટ આઇસીસી ક્રમાંકમાં મોખરાના ક્રમે પહોંચ્યો

ઇંગ્લેન્ડનો અનુભવી બેટ્સમેન જો રૂટ આઈસીસી મેન્સ ટેસ્ટ રેન્કિંગમાં ફરીથી ટોચના ક્રમે પહોંચી ગયો છે. ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં રૂટે ૧૦૪ તથા ૪૦ રનની ઇનિંગ રમી હતી. આ ઇનિંગ્સની મદદથી રૂટ આઠમી વખત પ્રથમ સ્થાને પહોંચ્યો છે. ૩૪ વર્ષીય રૂટ ૨૦૧૪ના ડિસેમ્બર બાદ અને શ્રીલંકાના કુમાર સંગાકરા બાદ મોખરાના ક્રમે પહોંચનારો સૌથી વયસ્ક બેટર બન્યો છે.




કુમાર સંગાકરા ૩૭ વર્ષની વયે નંબર-૧ બન્યો હતો. ગયા સપ્તાહે હેરી બ્રુકે રૂટને પાછળ રાખીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું અને રૂટ ન્યૂઝીલેન્ડના કેન વિલિયમ્સન બાદ ત્રીજા ક્રમે સરકી ગયો હતો પરંતુ હવે તે ફરીથી પ્રથમ સ્થાને પહોંચ્યો છે.

ભારતીય બેટર્સમાં ઓપનર યશસ્વી જયસ્વાલ અને ઉપસુકાની રિશભ પંત એક-એક ક્રમાંકની પીછેહઠ સાથે અનુક્રમે પાંચમા તથા આઠમા ક્રમે છે. સુકાની શુભમન ગિલ પણ ત્રણ ક્રમાંકની પીછેહઠ સાથે નવમા ક્રમે પહોંચી ગયો છે. લોર્ડ્ઝ ટેસ્ટમાં ૭૨ તથા અણનમ ૬૧ રનની ઇનિંગ્સ રમનારો ભારતનો રવીન્દ્ર જાડેજા પાંચ ક્રમાંકની આગેકૂચ સાથે ૩૪મા ક્રમે પહોંચી ગયો છે. લોકેશ રાહુલ પણ પાંચ ક્રમાંક આગળ આવીને જાડેજા બાદ ૩૫મા ક્રમે છે. ઇંગ્લેન્ડના સુકાની બેન સ્ટોક્સને બેટિંગ અને બોલિંગમાં ફાયદો થયો છે. બેટિંગમાં તે બે ક્રમાંકના ફાયદા સાથે ૪૨મા તથા બોલિંગમાં એક ક્રમાંક આગળ આવીને ૪૫મા ક્રમે પહોંચી ગયો છે. ભારતીય પેસ બોલર જસપ્રિત બુમરાહ ટેસ્ટ રેન્કિંગમાં મોખરાના સ્થાને જળવાઈ રહ્યો છે અને સાઉથ આફ્રિકાના કેગિસો રબાડા સામે ૫૦ પોઈન્ટની સરસાઈ સાથે પ્રથમ સ્થાનને વધારે મજબૂત કર્યું છે. ઓસ્ટ્રેલિયાના સ્કોટ બોલેન્ડે છ ક્રમાંકની આગેકૂચ સાથે કારકિર્દીના બેસ્ટ છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. ટોપ-૧૦માં ઓસ્ટ્રેલિયાના પાંચ બોલર્સ પેટ કમિન્સ (૩), જોશ હેઝલવૂડ (૪), સ્કોટ બોલેન્ડ (૬), નાથાન લાયન (૮) તથા મિચેલ સ્ટાર્ક (૧૦)નો સમાવેશ થાય છે. ભારતીય ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ૧૨ ક્રમાંકની આગેકૂચ સાથે ૪૬મા ક્રમે છે.

# લોડ્ર્ઝમાં શુભમન ગિલ તેનો ચાર્મ ગુમાવી બેઠો હતોઃ માઇકલ વોન

ઇંગ્લેન્ડ સામેની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં ખાસ કરીને બીજી ઇનિંગ્સ દરમિયાન ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ ટેકનિકલી પરફેક્ટ ન હતો તો સાથે સાથે તેનામાં એકાગ્રતાનો પણ અભાવ જોવા મળતો હતો. ટૂંકમાં તે પોતાનો ચાર્મ ગુમાવી બેઠો હતો તેમ ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ સુકાની માઇકલ વોને જણાવ્યું હતું,

માઇકલ વોનના મતે સામન્યપણે ગિલ એકદમ શાંતચિત્તે રમનારો બેટર છે અને તે અડગ રમત દાખવીને ટીમને આગળ લઈ જવા માગતો હોય છે. તેણે ભૂતકાળમાં પણ ઘણી વાર આમ કરેલું છે પરંતુ લોર્ડ્ઝમાં ભારતની બીજી ઇનિંગ્સ દરમિયાન તે રમવા આવ્યો ત્યારે તેનામાં એ શાંતિનો અભાવ જોવા મળ્યો હતો.

માઇકલ વોને ભારતના પરાજય છતાં લોર્ડ્ઝમાં અંતિમ દિવસે ભારતે જ રીતે લડત આપી હતી તેની પ્રશંસા પણ કરી હતી.






શુભમન ગિલ આ સિરીઝમાં શાનદાર ફોર્મ ધરાવે છે. તેણે લીડ્ઝ ખાતેની ટેસ્ટમાં સદી ફટકારી હતી તો એજબસ્ટન ખાતે બીજી ટેસ્ટમાં તો તેણે બેવડી સદી અને સદી ફટકારી હતી. જેમાં ભારતનો ૩૩૬ રનથી વિજય થયો હતો. જોકે ત્રીજી ટેસ્ટમાં તે બંને દાવમાં મળીને માત્ર ૨૨ (૧૬ અને છ રન) કરી શક્યો હતો અને યોગાનુયોગે એ મેચમાં ભારતનો ૨૨ રનથી પરાજય થયો હતો. જ્યાં રવીન્દ્ર જાડેજા સિવાયના અન્ય ભારતીય બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. માઈકલલ વોને જણાવ્યું હતું કે ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે મેચ રોચક બની રહી હતી ત્યારે મેં વિચાર્યું હતું કે ઇંગ્લેન્ડે હવે તેના સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરવા જોઈએ અને તો જ તેઓ આગળ વધી શકશે પરંતુ તેમની સામે શુભમન ગિલના રૂપમાં મોટો પડકાર હતો. જોકે અહી ગિલે નિરાશ કર્યા હતા. તે ટેકનિકલી ચુસ્ત જણાતો ન હતો અને તેનામાં એકાગ્રતા પણ જોવા મળતી ન હતી. તે સામાન્ય રીતે શાંત હોય છે પરંતુ તે દિવસે (ચોથા) ગિલ ઉતાવળમાં બેટિંગ કરવા આવ્યો હોય તેમ લાગતું હતું અને અંતે વિકેટ ગુમાવી બેઠો હતો. આમ છતાં પાંચમા દિવસે જાડેજાની મદદથી ભારતે સારી એવી લડત આપી હતી જેને કારણે મેચ રોમાંચક બની હતી. આ સાથે માઈકલ વોને ઇંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સની પણ પ્રશંસા કરી હતી. તેણે જણાવ્યું હતું કે ટીમને એવો કેપ્ટન મળ્યો છે જે જીતવાની માનસિકતા સાથે મેદાનમાં ઉતરે છે. ઇંગ્લેન્ડને સ્ટોક્સ જેવો આક્રમક કેપ્ટન અગાઉ ક્યારેય મળ્યો નથી. તે ક્યારેય હારવામાં માનતો નથી, પોતાની ટીમ હારે તે સ્ટોક્સને મંજૂર નથી, તેને એ પણ મંજૂર નથી કે ટીમ હાર્યા બાદ એક સપ્તાહ સુધી નિરાશામાં રહે. અને, તેથી પણ વિશેષ બાબત તો એ છે કે સ્ટોક્સ મેચને હારમાંથી જીતમાં ફેરવવા માટે હંમેશાં આતુર હોય છે અને પ્રયત્નશીલ રહે છે.

# સ્ટેટ ટીટીમાં રાધાપ્રિયા ગોયેલે વિમેન્સ ટાઇટલ જીતી લીધું



ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)ના નેજા હેઠળ અને આણંદ ડિસ્ટ્રિક્ટટ ટેબલ ટેનિસ એસોસિયેશન (એડીટીટીએ)ના ઉપક્રમે દસથી ૧૩મી જુલાઈ દરમિયાન આણંદ ખાતે યોજાયેલી રોટોમેગ ત્રીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ગાંધીનગરન રાધાપ્રિયા ગોયેલે અપેક્ષા મુજબનું પ્રદર્શન કરીને વિમેન્સ સિંગલ્સ ટાઇટલ જીતી લીધું હતું. તેણે ફાઈનલમાં અમદાવાદની ઓઇશિકી જોઆરદારને ૪-૧થી હરાવી હતી. આ સફળતા સાથે રાધાપ્રિયાએ અગાઉ ગાંધીધામ ખાતે યોજાયેલી સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટમાં ઓઇશિકી સામે થયેલા પરાજયનો બદલો લઈ લીધો હતો.

રાજકોટના દેવ ભટ્ટે ગાંધીધામની સફળતાનું પુનરાવર્તન કરીને આણંદમાં પણ બેવડી સિદ્ધિ હાંસલ કરતા અંડર-૧૫ અને અંડર-૧૭ ટાઇટલ પોતાના નામે કરી લીધા હતા. તેણે અંડર-૧૫માં અમદાવાદના દ્વિજ ભાલોડિયા અને અંડર-૧૭ની ફાઈનલમાં કચ્છના ધ્રુવ ભાંભાણીને હરાવ્યો હતો. બેવડી સિદ્ધિ હાંસલ કરનારી અન્ય પેડલર અમદાવાદની પ્રથા પવાર હતી. તેણે અંડર-૧૯ અને અંડર-૧૭ ગર્લ્સ ફાઈનલમાં અનુક્રમે નવસારીની સિદ્ધિ બલસારા અને સુરતની દાનિયા ગોદીલને હરાવી હતી. ભાવનગરની બીજા ક્રમની ચાર્મી ત્રિવેદીએ થોડા સંઘર્ષને અંતે સુરતની વિશ્રુતિ જાદવને ૩-૨થી હરાવીને ગર્લ્સ અંડર-૧૫ ટાઇટલ જીતી લીધું હતું. અંડર-૧૩ ગર્લ્સમાં મોખરાના ક્રમની અમદાવાદી ખનક શાહે ત્રીજા ક્રમની ધિમહી કાબરાવાલા સામે ૩-૦થી વિજય હાંસલ કર્યો હતો. વર્તમાન સિઝનમાં આ તેનું બીજું ટાઇટલ હતું. બોયઝ અંડર-૧૧ની ફાઈનલમાં બીજા ક્રમના નક્ષ પટેલે મોખરાના ક્રમના રેહાંશ સિંઘવીને ૩-૧ હરાવ્યો હતો તો ગર્લ્સ વિભાગમાં બીજા ક્રમની દિવ્યા પટેલે ફાઈનલમાં મોખરાના ક્રમની મિક્ષા લાખાણીને ૩-૧થી હરાવી હતી. બોયઝ અંડર-૯ ફાઈનલમાં ભાવનગરના બીજા ક્રમના રાઘવ દવે માટે મુકાબલો આસાન રહ્યો હતો કેમ કે તેણે ત્રીજા ક્રમના તનુષ ખિંદરીને ૩-૦થી હરાવ્યો હતો તો ગર્લ્સ ફાઈનલમાં કચ્છની યાના સિંઘવીએ તેના જ શહેરની અને બીજા ક્રમની અવિશી જૂનને ૩-૨થી હરાવીને ટાઇટલ જીત્યું હતું.

# પીવી સિંધૂ સિઝનમાં પાંચમી વાર પહેલા રાઉન્ડમાંથી જ આઉટ



ભારતની બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધૂ વધુ એક વખત પ્રથમ રાઉન્ડથી આગળ વધવામાં નિષ્ફળ રહી હતી. વર્તમાન સિઝનમાં સિંધૂ પાંચમી વાર કોઈ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાંથી જ બહાર થઈ ગઈ હતી. જોકે મેન્સ સિંગલ્સમાં લક્ષ્ય સેન તથા સાત્વિક અને ચિરાગની મેન્સ ડબલ્સની જોડી જાપાન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં આસાન વિજય સાથે બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ હતી.

ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ૩૦ વર્ષીય સિંધૂ કોરિયાની સિમ યૂ જિન સામે ૧૫-૨૧, ૧૪-૨૧ના સ્કોરથી હારી ગઈ હતી. આ સિઝનમાં હૈદરાબાદી ખેલાડી પાંચમી વખત કોઈ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડથી આગળ વધી શકી નથી. કોરિયન ખેલાડીએ સિંધુ સામે પ્રથમ વખત વિજય હાંસલ કર્યો છે.

મેન્સ ડબલ્સમાં ૧૫મો વર્લ્ડ રેન્કિંગ ધરાવતા સાત્વિક અને ચિરાગની ભારતીય જોડીએ કોરિયાના કાંગ મિન હ્યુક તથા ક્રિમ ડોંગ જૂની જોડીને ૪૨ મિનિટમાં ૨૧-૧૮, ૨૧-૧૦ના સ્કોરથી હરાવી હતી. પ્રથમ ગેમમાં ભારતીય ખેલાડીઓએ ધીમી શરૂઆત કરી હતી અને કોરિયન જોડીએ મજબૂત પડકાર ફેંક્યો હતો પરંતુ બીજા ગેમમાં સાત્વિક અને ચિરાગે રિધમ હાંસલ કરીને ઝડપથી મુકાબલો પોતાની તરફેણમાં કરી લીધો હતો.

છેલ્લા કેટલાક સમયથી આઉટ ઓફ ફોર્મ રહેલા લક્ષ્ય સેને ચીનના વાંગ ઝેંગ જિંગને ૨૧-૧૧, ૨૧-૧૮ના સ્કોરથી હરાવ્યો હતો. વિશ્વના ૧૮મા ક્રમાંકિત સેને ૧૧-૨ની સરસાઈ હાંસલ કર્યા ગેમ પોતાના નામે કરી હતી. બીજી ગેમમાં તેણે સંઘર્ષ કર્યો હતો પરંતુ તેણે સીધી ગેમમાં મેચ જીતી લીધી હતી.

# આન્દ્રે રસેલે ઈન્ટરનેશનલ ક્રિકેટને કહ્યું અલવિદા, આ દિવસે રમશે કરિયરની છેલ્લી મેચ

વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર ઓલરાઉન્ડર આન્દ્રે રસેલ ૨ ૨૦ મેચ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહેશે. આન્દ્રે રસેલને ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની T૨૦ સિરીઝ માટે વેસ્ટ ઈન્ડિઝ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

આન્દ્રે રસેલ આ સિરીઝની પહેલી ૨ મેચ રમશે અને તેની ૧૪ વર્ષના લાંબા કરિયર પર પૂર્ણવિરામ મૂકશે. આન્દ્રે રસેલે વેસ્ટ ઈન્ડિઝ માટે ૬ જૂને ઈંગ્લેન્ડ સામે છેલ્લી T૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી હતી. આન્દ્રે રસેલે અત્યાર સુધી વેસ્ટ ઈન્ડિઝ માટે કુલ ૧ ટેસ્ટ, ૫૬ વનડે અને ૮૪ T૨૦ મેચ રમી છે. કેરેબિયન ઓલરાઉન્ડરે એકલા હાથે ટીમને ઘણી મેચોમાં યાદગાર જીત અપાવી હતી.




વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક ઓલરાઉન્ડર આન્દ્રે રસેલે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય લીધો છે. મીડિયા રિપોર્ટ મુજબ રસેલ ઓસ્ટ્રેલિયા સામેની T૨૦ સિરીઝમાં છેલ્લી વખત વેસ્ટ ઈન્ડિઝની જર્સીમાં રમતો જોવા મળશે.

# ઈન્ડિયા અને ઇંગ્લેન્ડની મેચમાં બેન સ્ટોક્સની ભારત સામે સામ દામ દંડ ભેદની નીતિ

લોર્ડ્સના મેદાનમાં ભલે ઈંગ્લેન્ડની ટીમને જીત મળી હોય પરંતુ આખું ક્રિકેટ વિશ્વ એ વાતને સમજી ગયું કે ઈંગ્લેન્ડને ભારત સામે જીતવા માટે ખરા અર્થમાં આંખે અંધારા આવી ગયા હતા અને હિંમત હાથતાળી આપી ગઈ હતી. ત્યારે હવે ટેસ્ટ મેચમાં જીત માટે બેન સ્ટોક્સ અને જોફ્રા આર્ચરનો એક એક એવો પ્લાન સામે આવ્યો છે જે રમતની ખેલદિલી સામે સવાલ ઊભા કરે છે.



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સના મેદાનમાં રમાયેલ ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન ભારતીય ટીમના બે અનુભવી ખેલાડીઓએ ઈંગ્લેન્ડને જીત માટે રીતસર વલખાં મારતા કરી મૂક્યા હતા. આ બંને દિજજગ ખેલાડી એટલે જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજા. આ બંને ખેલાડીઓએ ભારત તરફથી શાનદાર રમત દેખાડીને ધીરે ધીરે ભારતને તેના લક્ષ્ય તરફ લઈ જવા માટે ડગલાં માંડ્યા હતા. આ બંને અનુભવી ખેલાડીઓની ચાલે ઈંગ્લેન્ડને ખુબજ હેરાન પરેશાન કરી મૂક્યા હતા ત્યારે ઈંગ્લેન્ડની ટીમ તરફથી બૂમરાહને રોકવા અંગે એક એવા સમાચાર સામે આવ્યા છે જે વિચારતા કરી મૂકે એવા છે.

લોર્ડ્સના મેદાનમાં રમાયેલ ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન ભારત ધીમે ધીમે તેની જીતની એકદમ નજીક આવી ગયું હતું અને ઈંગ્લેન્ડના કેમ્પમાં એક સન્નાટો છવાઈ ગયો હતો પરંતુ સિરાજના વિચિત્ર રીતે આઉટ થયા બાદ ઈંગ્લેન્ડની ટીમ ૨૨ રનથી ભારત સામે જીત ગઈ હતી. આ સમગ્ર મેચ દરમિયાન બેન સ્ટોક્સ અને ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે બુમરાહને ઈજા પહોંચાડીને મેચ જીતવાનો એક વરવો પ્લાન ઘડ્યો હતો જે વાતનો ખુલાસો ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે પોતાની યુટ્યુબ ચેનલ પર કર્યો છે.

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે લોર્ડ્સ ખાતે ચાલી રહેલ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ મેચ અંગે એક મોટો ખુલાસો કર્યો છે. ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે એક સોશિયલ મીડિયાના માધ્યમથી આ મોટું નિવેદન આપ્યું છે. મોહમ્મદ કૈફે પોતાની યુટ્યુબ ચેનલ પર એક ખુલાસો કરતાં કહ્યું છે કે લોર્ડ્સ ટેસ્ટ મેચમાં જ્યારે બુમરાહ અને જાડેજા વચ્ચે ધીમે ધીમે પાર્ટનરશિપ જામી રહી હતી એ દરમિયાન ઈંગ્લેન્ડની ટીમે જીતવા માટે બુમરાહ પર બાઉન્સર બોલથી પ્રહાર કરીને તેને ઘાયલ કરવાના મનસૂબા બનાવ્યા હતા.



# નવલકુંડ મ્યુનિસિપલ કાઉન્સિલનું પ્રતિનિધિ મંડળ સુરતની મુલાકાતે

## આસી. કમિશનર પી.આર. પ્રસાદે સુરતની વિવિધ સુવિધાઓનું પ્રેઝન્ટેશન કર્યું

સુરત, તા.૧૭

ગતરોજ કર્ણાટકના ધારવાડ જિલ્લાના નવલગુંડ શહેરના માન. ધારાસભ્ય શ્રી એન. એચ. કોનારેડ્ડી તથા ટાઉન મ્યુનિસિપલ કાઉન્સિલના ૨૧ ચૂંટાયેલા કાઉન્સીલરશ્રીઓ અને અધિકારીશ્રીઓનું એક પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાત માટે આવેલ. જેઓની સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ સાથે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા ખાતે મીટીંગ યોજાયેલ.

સદર મિટીંગમાં ઈ.ચા.આસી. કમિશનર શ્રી પી. આર. પ્રસાદે પ્રેઝન્ટેશન મારફત સુરત મહાનગરપાલિકાનો ઈતિહાસ,ચુટાંયેલી પાંખ, સુરત શહેર અને તેની માળખાગત સુવિધાઓ, ઓકસફોર્ડ ઈકોનોમિકસ ગ્લોબલ સિટીસના રીપોર્ટ મુજબ ૨૦૩૦માં ઝડપથી વિકસતા શહેરમાં સામેલ સુરત શહેર બાબત, ઈકોનોમિકલ કેપીટલ ઓફ ગુજરાત, સુરત શહેર ડાયમંડ સિટી અને ટેકસટાઈલ સિટી તરીકે ખ્યાતનામ છે. જે બાબતે, ગ્રોથ ઓફ સિટી, સુરત મહાનગરપાલિકાની ક્રમાનુસાર તથા ઝોન વાઈસ કામગીરીની વિગત, વોટર સપ્લાઈ સિસ્ટમ તથા સુરત મહાનગરપાલિકા સુએઝ ટ્રીટેડ વોટર દવારા વાર્ષિક રૂ.૧૪૦ કરોડની આવક મેળવનાર સમગ્ર ભારતમાં સુરત એક માત્ર શહેર છે જે માહિતી, તાપી શુધ્ધીકરણ પ્રોજેકટ,ક્રીક રિમોડલીંગ અને રીસ્ટ્રકચરીંગના કામો, પબ્લીક ટ્રાન્સપોર્ટ, રોડ અને બ્રિજોની માહિતી, પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે સાકારિત કરી ફાળવવામાં આવેલ આવાસોની માહિતી, રીન્યુએબલ સોર્સ ઓફ એનર્જી, હેરીટેજ સંરક્ષણ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, આરોગ્યની સુવિધાઓ, સાયન્સ સેન્ટર, સરથાણા નેચર પાર્ક અને ઝુ, એકવેરિયમ, ગોપી તળાવ, ગાર્ડન સહિતના મનોરંજનના સ્થળ, ડિજિટલ ગર્વનન્સ, સુરત મેટ્રો રેલ પ્રોજેકટ, સુરત હાઈ સ્પીડ રેલ કોરીડોર, તાપી રીવર બેરેજ [illegible], બાયો-ડાયવર્સિટી પ્રોજેકટ, ડુમસ-સી ફેસ ડેવલોપમેન્ટ, ડ્રીમ સિટી, સુરત મહાનગરપાલિકાનું આઈકોનિક ઓફિસ બિલ્ડીંગ સહિતના પ્રોજેકટો તથા સુરત મહાનગરપાલિકાને મળેલ વિવિધ સિધ્ધીઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપરોકત પ્રતિનિધિ મંડળને કોસાડ ટ્રાન્સફર સ્ટેશન, કોસાડ ઝશ્ઢ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ, ભીમરાડ- એર્ફો. હાઉસીંગ સુમન સ્મિત આવાસ, ભટાર પ્લાસ્ટીક વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ, ડ્રીમસીટી તેમજ બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ અને રી-યુઝ ફેશીલીટીસ પ્લાન્ટ (લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટ) સ્થળ મુલાકાત લીધેલ. માન. ધારાસભ્ય શ્રી એન. એચ. કોનારેડ્ડી તથા સમગ્ર પ્રતિનિધિ મંડળ ઘ્વારા સુરત મહાનગરપાલિકાની કામગીરીની પ્રશંસા કરી તેમજ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટો વિશે તથા વિકાસના કામોની સારી રીતે સમજૂતી આપી તે બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કર્યો અને તેઓના કાઉન્સીલરશ્રીઓને સુરત મહાનગરપાલિકાની વિવિધ માળખાગત સુવિધાઓ અંગે તેમના શહેરમાં અમલીકરણ કરાવવા બાબતની સૂચના આપી હતી.

# નગર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા કર્યુ સૈનિકોના પરિવારો માટે રૂ. ૨.૫૦ લાખનું દાન

## ઈશ્વર પેટલીકરકન્યા પ્રાથમિક શાળા ના બાળકોએ શહીદાંજલી બોક્સમાં એકત્ર કર્યું ૨.૫૦ લાખનું ફંડ

સુરત, તા.૧૭

સરકારી શાળામાં ભણતા બાળકોએ વીર જવાનોના પરિવારોને આપવા માટે રૂ. ૨.૫૦ લાખ રકમ એકત્ર કરી છે. એકત્ર કરેલ રકમ સૈનિકોના પરિવારોને આપવા માટે જય જવાન નાગરિક સમિતિને આજે અર્પણ કરવામાં આવી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શાળા ક્રમાંક ૨૧૬ ઈશ્વર પેટલીકર કન્યા પ્રાથમિક શાળાના બાળકોના જન્મ દિવસે ચોકલેટ કે ગીફ્ટ વહેંચવાને બદલે તે રકમ શાળામાં રાખવામાં આવેલ શહીદાંજલી બોક્સમાં નાખવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે શહીદાંજલી બોક્ષમાંથી રૂપિયા ૨ લાખ ૫૦ હજારની રકમ નીકળી છે. અત્યાર સુધીની સૌથી વધુ રકમ છે. નાના વરાછા ખાતે ચોપાટીની સામે આવેલ નગર પ્રાથમિક કન્યા શાળા ક્રમાંક – ૨૧૬ ના આચાર્ય વૈશાલીબેન સુતરીયા, તથા હંસાબેન હરેશભાઈ કાત્રોડીયા અને રમીલાબેન સાવલીયાની હાજરીમાં શાળાની તમામ બહેનો વતી સુતરીયા આધ્યા અને ગુજરાતી તન્વી એ રૂપિયા ૨.૫૦ લાખ જય જવાન નાગરિક સમિતિ સુરતને અર્પણ કર્યા છે.જય જવાન નાગરિક સમિતિ સુરત વતિ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતુ કે, સરકારી શાળાની દીકરીઓની રાષ્ટ્રીય ભાવનાને અમો વંદન કરીએ છીએ. શાળાના આચાર્યશ્રી અને શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થીનીઓમાં રાષ્ટ્રીય ચેતનાનું ઘડતર કર્યું છે તે અભિનંદનને પાત્ર છે. જય જવાન નાગરિક સમિતિ સુરત આ વર્ષે ૪૨ જવાનોને કુલ ૮૪ લાખ રૂપિયા અર્પણ કરનાર છે. શહીદાંજલી બોક્સની રકમ અર્પણ સમયે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ટ્રસ્ટીશ્રી રમેશભાઈ વાઘાણી અને જય જવાન નાગરિક સમિતિ સુરતના ટ્રસ્ટી ભીખુભાઈ ટીબડીયા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીની રાષ્ટ્રીય ભાવના અને સમજણને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રવિવારે કસ્તુરબા અધ્યાપન મંદિર હોસ્ટેલનું ઉદ્ઘાટન

## એલાઈન્સ કલબની આર્થિક સહાયની હોસ્ટેલ ભવનનું પુનઃ નિર્માણ કરાયું

સુરત, તા.૧૭

એલાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ,ડિસ્ટ્રિક્ટ ૧૪૧ માં આવેલ એલાઈન્સ ક્લબ ઓફ સુરત સેવન સ્ટાર દ્વારા તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં અંતરિયાળ ભાગમાં બોરખડી ગામમાં આદિવાસી વિદ્યાર્થીનીઓ માટે ચાલતી ગર્લ્સ પીટીસી કોલેજ -" કસ્તુરબા અધ્યાપન મંદિર" માં રહીને અભ્યાસ કરતી ૧૨૫ છોકરીઓ માટેની ૫ બાથરૂમ સાથેની હોસ્ટેલ નુ રૂપિયા સાડા આઠ લાખના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન તારીખ ૨૦/૭/ ૨૦૨૫ રવિવારને રોજ સવારે ડિસ્ટ્રિક્ટ ગવર્નર એલાય નરેશભાઈ પારેખ , પાસ્ટ ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ એલાય ભુપેન્દ્રભાઈ ચાહવાળા,મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન યોગેશભાઈ શાહ ના હસ્તે કરવામાં આવનાર છે આ પ્રસંગે ઈન્ટરનેશનલના મહાનુભાવો, ડિસ્ટ્રિક્ટ માઈક્રો કેબિનેટ ના સભ્યો, દાતાઓ શ્રી પ્રદ્યુમનભાઈ જોશી, પંકજભાઈ કાપડિયા અને અન્ય સભ્યો હાજર રહેશે .આ ઉપરાંત એલાયન્સ કલબ સુરત સનફ્લાવર તરફથી આ હોસ્ટેલમાં છોકરીઓ માટે ૧૨ પલંગ ,ગાદલા, ચાદર, ઓશિકા ની મદદ આપવામાં આવશે .આ પ્રોજેક્ટ ખૂબ ટૂંકા સમયમાં દાતાઓના સહકારથી પ્રોજેક્ટ ચેરમેન એલાય જયંતિ પ્રજાપતિ ,એમની ટીમ અને કોલેજના પ્રોફેસર ડૉ.પ્રતીક વ્યાસના અથાગ પ્રયત્નોથી સાકાર થઈ શક્યો છે.



# શહેરના બિસ્માર રસ્તાઓથી લોકો ત્રસ્ત : સલીમ ઘડીયાળી

## તૂટી ગયેલા રસ્તા અંગે ભાજપ શાસકો બેદરકાર

સુરત, તા.૧૭

સુરત શહેર કૉંગ્રેસના પ્રવક્તા સલીમ ઘડિયાળી એક અખબારી યાદીમાં જણાવે છે કે સુરત શહેર, ગુજરાતનું આર્થિક કેન્દ્ર અને "ડાયમંડ સિટી" તરીકે ઓળખાતું, આજે સુરત મહાનગરપાલિકાની બેદરકારી અને ભાજપ શાસકોના ભ્રષ્ટાચારને કારણે ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. શહેરના રસ્તાઓની હાલત અત્યંત દયનીય અને કફોડી બની ગઈ છે, જેના પરિણામે નાગરિકોનું જનજીવન ખોરંભે થઈ ગયું છે. સુરતના મુખ્ય અને આંતરિક રસ્તાઓ ખાડાઓથી ખરાબ થઈ ગયા છે, ખાડાઓ અને અસમતળ રસ્તાઓને કારણે ટ્રાફિક જામની સમસ્યા નિત્યક્રમ બની ગઈ છે. નાગરિકોને સમયસર તેમના ગંતવ્ય સ્થાને પહોંચવું મુશ્કેલ બન્યું છે, જેની રોજગાર, વ્યવસાય અને દૈનિક પ્રવૃત્તિઓ પર ગંભીર અસર થઈ રહી છે. ખરાબ રસ્તાઓને કારણે વાહનોના ટાયર, સસ્પેન્શન અને અન્ય ભાગોને વારંવાર નુકસાન થાય છે, જેના લીધે મેન્ટેનન્સ ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. આનાથી ખાસ કરીને મધ્યમ અને નીચલા વર્ગના લોકોનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું છે. ખરાબ રસ્તાઓ પર વાહન ચલાવવાથી અને ખાડાઓમાંથી પસાર થવાથી લોકો, ખાસ કરીને વૃદ્ધોમાં હાથ-પગના સાંધાઓનો દુખાવો, કમરનો દુખાવો અને અન્ય શારીરિક સમસ્યાઓ વધી રહી છે. આ ઉપરાંત, રસ્તાઓ પરની ધૂળ અને પ્રદૂષણથી શ્વાસની બીમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે.




**સારંગ જીમના સંચાલક રાકેશ સારંગ દ્વારા તૈયાર કરાયેલા સંજય ઠક્કરે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયોલી ઓપન એશિયા પાવર લિફ્ટીંગ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. જેમાં સંજય ઠક્કરે ૧૦૭.૫ કેજી ઉંચકીને માસ્ટર-૨માં ગોલ્ડ મેડલ મેળવી સારંગ જીમનું ગૌરવ વધાર્યું હતું તે માટે સંજય ઠક્કરને તેમના ગુરૂ રાકેશ સારંગ અને મિ.ગુજરાત આરીફ બાબાએ શુભેચ્છા પાઠવી હતી.**

### ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને ખાડાઓ માટે જવાબદાર

# કોન્ટ્રાક્ટરો સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશથી રાજ્ય સરકારની કડક કાર્યવાહી

## ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાની મરામત કામગીરી સત્વરે અને સ્વખર્ચે પૂર્ણ કરવા સંબંધિત કોન્ટ્રાક્ટરોને નોટીસ અપાઈ

સુરત, તા.૧૭

રાજ્યની મહાનગરપાલિકાઓમાં વરસાદને કારણે રસ્તાઓ પર પડેલા ખાડાઓને કારણે પ્રજાજનોને પડતી હાલાકીને ગંભીરતાપૂર્વક ધ્યાને લેતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકાર દ્વારા જવાબદાર રોડ કોન્ટ્રાક્ટરો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ આદેશથી રોડ કોન્ટ્રાક્ટરો દ્વારા નિર્મિત અથવા જાળવણી હેઠળના રોડ-રસ્તાઓમાં ખાડા પડ્યા હશે તેવા, કોન્ટ્રાક્ટરોને તાત્કાલિક અસરથી અને નિર્ધારિત સમયમર્યાદામાં સમારકામ પૂર્ણ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક કોન્ટ્રાક્ટરોને દંડ પણ કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ડિફેક્ટ લાયાબિલિટી પીરિયડ (DLP) હેઠળના કેટલાક મહત્વપૂર્ણ રસ્તાઓ બિસ્માર બનતા સુરત મહાનગરપાલિકા દ્વારા સુનીલ દોમડીયા, કે. કે. બી. પ્રોજેક્ટ્સ પ્રા.લી., એસ. ઝેડ. પટેલ, એ. કે. પટેલ, અંબિકા કન્સ્ટ્રક્શન, ભવાની કન્સ્ટ્રક્શન, જે. એમ. શાહ, એમ. એ. પટેલ તેમજ શ્રીજી કન્સ્ટ્રક્શનને મળીને કુલ ૦૯ રોડ કોન્ટ્રાક્ટરોને દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા શહેરમાં કેટલાક રસ્તાઓનું પુનઃ નિર્માણ કાર્ય સૂચવ્યા મુજબની ગુણવત્તા ધરાવતું ન હોવાથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડી. બી. પટેલ, મે. જે. એન. પી. ઈન્ફ્રા., એ. કે. મેક ઈન્ફ્રા., મે. એસ. કે. મકવાણા એન્ડ કં., મે. રાજ ઈફ્રાસ્ટ્રકચર, મે. શિવાલય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રો.પ્રા.લિ, મે. શિવમ કન્સ્ટ્રક્શન, મે. બિંજલ જે. ગાંધી, મે. ગાયત્રી કન્સ્ટ્રકશન, મે. શ્રી હરી કન્સ્ટ્રકશન, મે. ભાવિન એન્ટરપ્રાઈસ તેમજ મે. હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ સહિતના કુલ ૧૨ રોડ કોન્ટ્રાક્ટરોને નિયમાનુસાર દંડ ફટકારવામાં આવ્યો છે. ડિફેક્ટ લાયાબિલિટી પીરિયડ (DLP) દરમિયાન રોડ પર થયેલી ક્ષતિઓની જવાબદારી રોડ કોન્ટ્રાક્ટરની હોવાથી તેમની સામે પણ રાજ્ય સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. DLP હેઠળના રોડ પર ક્ષતિ અથવા ખાડા પડવાના કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પવન કન્સ્ટ્રકશન અને ક્લાસિક કન્સ્ટ્રકશન સહિતના કોન્ટ્રાક્ટરોને નોટિસ આપીને તેમના પોતાના ખર્ચે રોડ રિસરફેસિંગનું સંપૂર્ણ કામ સત્વરે પૂર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. હજુ પણ રાજ્યમાં વિવિધ કોન્ટ્રાક્ટરો DLP હેઠળના રોડનું નિર્ધારિત સમયમર્યાદામાં સમારકામ પૂર્ણ નહી કરે અથવા તેમની બેદરકારીના કારણે કોઈ અકસ્માત કે જાનહાનિ થશે, તો તેમની સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર પ્રજાની સલામતી અને સુવિધા માટે કટિબદ્ધ છે. બેદરકારી દાખવનાર કોઈપણ કોન્ટ્રાક્ટરને બક્ષવામાં આવશે નહીં અને તેમની સામે કાયદા મુજબ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# તક્ષશિલા વિદ્યાલયમાં પ્લાસ્ટીક વેસ્ટ અંગે અનોખો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## દરેક વિદ્યાર્થીઓને છોડના બીજ અને પેન્સીલ ભેટમાં અપાઈ

અંકલેશ્વર, તા.૧૭

ભરૂચ જિલ્લામાં વધતા પ્લાસ્ટિક વેસ્ટને ધ્યાનમાં રાખીને, બોરભાઠા સ્થિત તક્ષશિલા વિદ્યાલયમાં અનોખો અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓને પ્લાસ્ટિક વેસ્ટના અસરકારક નિપટારા અને યોગ્ય વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમ Petronet LNG દ્વારા શરૂ કરાયેલા "સ્વચ્છતા પખવાડા" અંતર્ગત આયોજિત થયો હતો, જેમાં જિલ્લા શિક્ષણ કચેરી, ભરૂચની સહભાગિતા રહી. કાર્યક્રમનું સંચાલન ફાર્મબ્રિજ સંસ્થાની અંજલીબેન ચૌધરી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિદ્યાર્થીઓએ તેમના ઘર અને આસપાસથી પ્લાસ્ટિકના કચરાનો સંગ્રહ કરીને રિસાયક્લિંગ માટે આપવાનો સંકલ્પ લીધો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા અને માઈક્રોપ્લાસ્ટિકના સંકટ વિશે જાગૃતિ ફેલાવવાનો રહ્યો. સંગ્રહિત પ્લાસ્ટિકને યોગ્ય રીતે છાંટણી અને રિસાયક્લિંગ માટે મોકલવામાં આવશે, જેથી તેના દ્વારા પ્રકૃતિપરની અસર ઘટાડી શકાય. સાથે ઉત્તમ તથા સુંદર સવાલ-જવાબમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીમીત્રોને "છોડના બીજ સાથેની રિસાઈકલ પેપર પેન્સિલ" ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ ગુમાનભાઈ પટેલ, ચેરમેન વિમલભાઈ પાઠક, શૈક્ષણિક સલાહકાર પી.બી.પટેલ, શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ પટેલ તથા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલપાડ તાલુકાના રસ્તાઓની સફાઈ અને સમારકામ હાથ ધરાયું

## રસ્તાના સોલ્ડર ક્લિનિંગ તેમજ ખાડાને પેચવર્કનું કામ હાથ ધર્યુ

સુરત, તા.૧૭

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા આદેશ અનુસાર રાજય સહિત સુરત જિલ્લામાં યુધ્ધના ધોરણે રોડ રસ્તાને મરામત કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. વરસાદે વિરામ લીધા બાદ માર્ગ અને મકાન પેટા વિભાગ-૩ હસ્તકના ઓલપાડના તમામ રસ્તાઓના માર્ગ મરામત તથા રિસર્ફેસિંગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. નાગરિકોની સુરક્ષા તેમજ સુવિધા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર જિલ્લામાં વરસાદથી ક્ષતિરગ્રસ્ત થયેલા રસ્તાઓને પુર્વવત કરવામાં આવી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ-૨ હેઠળના પેટા વિભાગ-૩ના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પી.સી.ખીમાણીએ જણાવ્યું હતું કે, પેટા વિભાગ-૩ હસ્તકના તમામ રસ્તાઓના પેચવર્કથી લઈને કલિનીગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. ખાસ કરીને સુરત-ઓલપાડ-સાહોલ, ઓલપાડ-અસનાદ-મંદરોઈ, ઓલપાડ-સાયણ-કઠોર સુધીના રસ્તાઓના પેચવર્કની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. સુરત-ઓલપાડ-સાહોલ રોડ પર સાઈડ શોલ્ડર પરની માટીના નિકાલની કામગીરી તથા ડિવાઈડરના સફાઈની કામગીરી કરવામાં આવી હતી. ઓલપાડના રસ્તા પર વરસાદી પાણી ભરાવાની સમસ્યા રહેતી હતી. હવે જ્યારે વરસાદમાં થોડો વિરામ મળ્યો છે ત્યારે ટ્રેક્ટર અને જેસીબી દ્વારા સાઈડની માટી હટાવી 'સોલ્ડર ક્લિનિંગ'ની કામગીરી કરવામાં આવી છે. જેનાથી પાણીનો નિકાલ સરળતાથી થઈ શકશે અને રસ્તા પર પાણી ભરાશે નહિ. વધુમાં તેમણ ઉમેર્યું કે, રસ્તા પર માટી જમા થવાને કારણે થરમો પ્લસના પટ્ટાઓની સફાઈ કરવામાં આવી હતી. ઉપરાંત, ઓલપાડ-મંદરોઈ રોડના ફાટા પાસે ખાડો પડતાં ત્યાં તાત્કાલિક બ્લોક બેસાડી માર્ગને સમતળ બનાવવામાં આવ્યો છે. જેના પરિણામે વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર વધુ સરળ બની છે.

# બૌધાન ગામના રસ્તાનું યુધ્ધના ધોરણે રિપેરિંગ હાથ ધરાયું

સુરત, તા.૧૭

માંડવી તાલુકાના બૌધાન ગામના સ્થાનિક રહેવાસી ગોપાલભાઈ ભરવાડ છેલ્લા કેટલાય વર્ષોથી ગામમાં રહે છે. તેઓ કહે છે કે, ખાસ કરીને ઘલા પાટિયાથી અરેઠ તરફ જતા મુખ્ય માર્ગ પર સતત ભારે વાહનોની અવરજવર અને વરસાદ દરમ્યાન પાણી ભરાવાના કારણે સર્જાતી ગ્રામજનો મુશ્કેલી ભોગવતા હતા. વરસાદ દરમિયાન રસ્તાના ખાડાઓમાં ભરતા પાણીના લીધે પણ ગ્રામજનો ઘણી મુશ્કેલી વેઠવી પડતી હતી. વધુમાં ગોપાલભાઈએ કહ્યું કે, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આપવામાં આવેલા આદેશ અનુસાર બૌધાન ગામમાં રોડ રિપેરિંગનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરાયું છે. છેલ્લા ચાર દિવસથી વરસાદ વિરામ લેતા તંત્ર દ્વારા રોડ રિપેરિંગનું ત્વરિત કામગીરી હાથ ધરાતા ગ્રામજનોમાં ખુશી જોવા મળી છે. રસ્તા રિપેરિંગથી માત્ર બૌધાન ગામને જ નહી પરંતુ આસપાસના ગામોને પણ લાભ થશે.

---

### દિલ્હીની

પહેલા પાનાનું ચાલુ

ધમકીભર્યા ઈમેલ મોકલ્યા હતા. પોલીસ અધિકારીનું કહેવું છે કે, આ કેસમાં હજુ પણ કેટલાક લોકોની શોધ ચાલી રહી છે, પરંતુ અત્યાર સુધી મળેલા ઈમેલની ભાષા પરથી એવું લાગે છે કે આ તોફાની કૃત્ય બાળકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, બાળકની ઓળખ કર્યા પછી, તેને પકડી લેવામાં આવ્યો હતો અને તેના માતાપિતાની હાજરીમાં તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને પછી તેને છોડી મૂકવામાં આવ્યો હતો. આ કેસમાં એક સગીર બાળકનો સમાવેશ થતો હોવાથી, પોલીસે આ કેસમાં કાર્યવાહી કરી હતી.

### ૩૬ કલાકથી

પહેલા પાનાનું ચાલુ

સડક સંગઠન-બીઆરઓએ કામ પુરૂ કરવા માટે માર્ગ પર ભારે સંખ્યામાં લોકો અને મશીનો તૈનાત કરાયા છે જેથી બાલતાલ અને પહેલગામ બન્ને આધાર શિબીરોથી યાત્રા ફરીથી શરૂ કરી શકાય.

ઉલ્લેખનીય છે કે, ૩ જુલાઈથી શરૂ થયેલી યાત્રા બાદ અત્યાર સુધીમાં ૨.૪૭ લાખ તીર્થયાત્રી ૩૮૮૦ મીટર ઊંચા આ મંદિરમાં દર્શન કરી ચૂકયા છે.

### બેલ્જિયમમાં

પહેલા પાનાનું ચાલુ

છે કે નહીં.ધ સનના એક અહેવાલ મુજબ, ઘટના સમયે કોઈ જાહેર જનતા હાજર ન હતી, પરંતુ શુક્રવારે ઉત્સવના ઉદઘાટન દિવસની તૈયારી માટે આશરે ૧,૦૦૦ સ્ટાફ સ્થળ પર કામ કરી રહ્યા હતા.અધિકારીઓએ નજીકના રહેવાસીઓને ધુમાડો શ્વાસમાં ન જાય તે માટે સાવચેતીના પગલા તરીકે, આગ સંપૂર્ણપણે કાબુમાં ન આવે ત્યાં સુધી તેમની બારીઓ અને દરવાજા બંધ રાખવા વિનંતી કરી છે.આ તહેવાર રદ થશે કે મુલતવી રાખવામાં આવશે તે જાણી શકાયું નથી. અધિકારીઓના સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

ટુમોરોલેન્ડ વિશે ટુમોરોલેન્ડ તેના વિસ્તૃત સ્ટેજ ડિઝાઈન, વિવિધ ડીજે લાઈન-અપ અને જીવંત વાતાવરણ માટે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત છે. નવીનતમ સંસ્કરણ બે સપ્તાહના અંતે લગભગ ૪૦૦,૦૦૦ ઉપસ્થિતોને આવકારે તેવી અપેક્ષા છે, અને આયોજકો હવે ઈવેન્ટના પ્રારંભ માટે મુખ્ય સ્ટેજનું સમયસર સમારકામ કરવાનો પડકારનો સામનો કરી રહ્યા છે.આ વર્ષે, તે બૂમમાં બે સપ્તાહના અંતે યોજાવાનું છેઃ ૧૮-૨૦ જુલાઈ અને ૨૫-૨૭ જુલાઈ.

### બીજી પત્નિ

પહેલા પાનાનું ચાલુ

મૃત્યુ બાદ તે પોતાના બે પુત્રોનું એકલી પાલનપોષણ કરી રહી હતી. એ સમયે આ વ્યકિતએ તેના બાળકોની સારસંભાળ અને પિતાનાં પ્રેમનો વાયદો કરીને તેની સામે લગ્નનો પ્રસ્તાવ મુકયો હતો.

જેની વિપરીત એ વ્યકિતએ દાવો કર્યો હતો કે તેની પત્નિ સ્વેચ્છાએ સાસરૂ છોડીને ચાલી ગઈ હતી તેણે પરત ફરવાનો કે સુલેહ કરવાનો કોઈ પ્રયાસ નહોતો કર્યો.

### ચાંગરુ

પહેલા પાનાનું ચાલુ

ટૂંક સમયમાં એજન્સી આ મામલે વિગતવાર માહિતી અને આગળની કાર્યવાહી અંગે પ્રેસ રિલીઝ જારી કરી શકે છે. આ મામલો રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ માટે સંવેદનશીલ બની ગયો છે. તેથી, એવું માનવામાં આવે છે કે આગામી દિવસોમાં વધુ ધરપકડ થઈ શકે છે.

### સીરિયામાં

પહેલા પાનાનું ચાલુ

છે. ઈઝરાયલી સંરક્ષણ પ્રધાને કહ્યું, હવે અમારી ચેતવણીઓ પૂરી થઈ ગઈ છે. હવે અમે દમાસ્કસમાં પીડાદાયક હુમલો કરીશું. ઈઝરાયલી સંરક્ષણ દળ સુવૈદામાં બળપૂર્વક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.ઈઝરાયલી સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે કહ્યું હતું કે, IDF સીરિયન સુરક્ષા દળો પર હુમલો કરવાનું ચાલુ રાખશે જ્યાં સુધી તેઓ તેમના પ્રદેશમાંથી પાછા ન હટે. જો આ કરવામાં નહીં આવે, તો ટૂંક સમયમાં વધુ ઘાતક હુમલા કરવામાં આવશે.

### ઈઝરાયેલમાં

પહેલા પાનાનું ચાલુ

હતો.બંને પક્ષોનું કહેવું છે કે ધાર્મિક વિદ્યાર્થીઓને સેનામાં ભરતી કરવાથી તેમની ધાર્મિક જીવનશૈલી જોખમમાં મુકાશે. જોકે, ઘણા અન્ય યહૂદી ઈઝરાયલીઓ આને એક ખાસ વિશેષાધિકાર તરીકે જુએ છે અને તેનો વિરોધ કરે છે.ગાઝા યુદ્ધ દરમિયાન આ મુદ્દો વધુ ગંભીર બન્યો છે, જેમાં સેંકડો ઈઝરાયલી સૈનિકો માર્યા ગયા છે, જેના કારણે આરોપો લાગ્યા છે કે અતિ-રૂઢિચુસ્ત સમુદાય એવા લોકોને પાછળ રાખી રહ્યો છે જેમણે બીજાઓ માટે યુદ્ધમાં પોતાનો જીવ આપ્યો છે.નિષ્ણાતો કહે છે કે ગઠબંધન વિવાદ તાત્કાલિક નેતન્યાહૂની સરકારને ઉથલાવી દેશે નહીં. જોકે, તે ઈઝરાયલી રાજકારણમાં વધુ અસ્થિરતા લાવશે, ખાસ કરીને ગાઝામાં યુદ્ધવિરામ અને લેબનોન અને સીરિયામાં ચાલી રહેલા સંઘર્ષોને લઈને નેતાઓ વચ્ચે અથડામણ થઈ રહી છે.

### ઉત્તરાખંડની

પહેલા પાનાનું ચાલુ

ધો.૯ થી ૧૨ ના અભ્યાસક્રમોમાં ભગવત ગીતાનું ચેપ્ટર સામેલ કર્યુ હતું.કર્ણાટક ઉપરાંત મધ્યપ્રદેશ તથા હિમાચલ પ્રદેશ સરકારે પણ આવી જાહેરાત કરી હતી. શિક્ષણમંત્રીએ કહ્યુ કે, દુનિયાભરમાં ભારતીય વૈદિક જ્ઞાન સૌથી પુરાણુ છે. વિદ્યાર્થીઓનાં નૈતિક આધ્યાત્મિક તથા શારીરીક વિકાસમાં મદદરૂપ બનશે ઉપરાંત શિસ્ત પણ શિખવશે. વૈજ્ઞાનિક ઉત્કંઠા વધારવામાં પણ મદદરૂપ થશે.

### કોંગ્રેસ વિરોધ

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રતિબદ્ધ છે અને જો આવનાર દિવસોમાં યુનિવર્સિટી દ્વારા આ બાબતના ગેરબંધારણીય કૃત્ય કરવામાં આવશે તો સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તેનો સખ્ત વિરોધ કરવામાં આવશે આ કાર્યક્રમમાં સુરત શહેર કોંગ્રેસ ના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### સુરત મહાનગર

પેજ-૨ પાનાનું ચાલુ

દ્વારા ૩,૫૦૦ CCTV કેમેરા અને પોલીસ વિભાગ દ્વારા ૮૦૦ કેમેરા લગાવવામાં આવ્યા છે. એમ કુલ ૪,૩૦૦ કેમેરાના ફૂટેજ દ્વારા રસ્તાઓ પર પડેલા ખાડા કે અવરોધોને ઓળખવા માટે A I ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે પણ CCTV ફીડમાં કોઈ જગ્યા પર ખાડાની માહિતી મળી આવે છે, તાત્કાલિક ત્યાંની વિગતો ફિલ્ડ ટીમને મોકલવામાં આવે છે અને માર્ગ સુધારાની કામગીરી હાથ ધરવામાં આવે છે."

તેમણે કહ્યું કે, ટેકનોલોજીના ઉપયોગથી શહેર વ્યવસ્થાપનમાં પારદર્શિતા અને ઝડપ બંને હાંસલ થઈ રહી છે. છૈં આધારિત સિસ્ટમ રસ્તાઓની સમસ્યાઓને પોતે ઓળખી તંત્ર સુધી પહોંચાડે છે. આ અભિગમ નાગરિક સુખાકારીની દિશામાં મહત્વપૂર્ણ છે."

અંતે તેમણે ઉમેર્યું કે "સુરત શહેરમાં આવા સ્માર્ટ ઈનોવેટિવ સોલ્યુશનનો અમલ સતત પ્રગતિ પામે એવી દિશામાં આગળ વધી રહ્યા છીએ. છૈં આધારિત સિસ્ટમ દ્વારા ડેટાની મદદથી ભવિષ્યમાં માર્ગ વિકાસ અને જાળવણી માટે વધુ સફળ આયોજન કરી શકાશે."

સુરત મહાનગરપાલિકાના વેસુ સ્થિત ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) માં ૨૪૮૭ કલાક કામગીરી ચાલી રહી છે, જ્યાં ૮૦થી વધુ લોકો સતત નગરની વિવિધ સેવાઓનું મોનિટરિંગ કરે છે. હાલના વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રસ્તા પર પડેલા ખાડાઓનું વિશેષ મોનિટરિંગ હાથ ધરાયું છે. ખાસ કરીને ખાડા ઓળખવા માટે ૧૦ લોકોને સમર્પિત ટીમ તરીકે નિયુક્ત કરવામાં આવી છે, જે CCTV ફૂટેજ અને AI ટેક્નોલોજીની મદદથી ખાડાની ઓળખ કરી સંબંધિત ફિલ્ડ ટીમ સુધી માહિતી પહોંચાડે છે.

### એનર્જી બેંન્કીંગ

પેજ-૨ પાનાનું ચાલુ

જૂન ૨૦૨૫ના રોજ ઓરલ ઓર્ડર મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમના તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના પત્ર નં. GUVNL/૦૦૭૯/૦૮/ ૨૦૨૪ દ્વારા જાહેર કરાયેલા એનર્જી બેન્કીંગ નિયમ અંગે તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ઈન્ટરીમ સ્ટે આપવામાં આવ્યો છે.

ઉપરોકત ઓર્ડરમાં નામદાર ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ગુજરાત ઉર્જા વિકાસ નિગમના એનર્જી બેન્કીગ નિયમને સ્ટે આપવામાં આવ્યો છે. નામદાર ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ખાસ કરીને તેના ઓર્ડરમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજના ઓર્ડર કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ ગ્રીન એનર્જી ઓપન એકસેસ રૂલ્સ ૨૦૨૨ના રૂલ નંબર ૮ ના જોગવાઈની વિરૂદ્ધ છે.

ઉપરોકત ઓર્ડર ગુજરાત હાઈ કોર્ટ દ્વારા તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ જારી કરેલ ઓર્ડરનો લાભ ગુજરાતના તમામ ઉદ્યોગકારો કે જેઓએ પોતાનો પ્રોજેકટ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ પહેલા રજિસ્ટર્ડ કરેલ હોય અથવા ચાલુ કરેલ હોય તેઓને થશે. હાલ આ સ્ટે ઈન્ટરીમ છે, જેની વધુ સુનાવણી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કરાશે.

### ન્યૂ રાંદેર રોડ

પેજ-૨ પાનાનું ચાલુ

છે. આદરણીય ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ.કારિયા તથા આચાર્યા કુ. દીપિકા શુકલના વરદ હસ્તે સવારે ૮:૦૦ વાગ્યે શુભારંભ થયેલ વિજ્ઞાન પ્રદર્શનની આદરણીય ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા.

### ગુરુવર્ય

પેજ-૨ પાનાનું ચાલુ

ઉત્સવનો લાભ લીધો હતો.વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પ.પૂ.સત્ય સંકલ્પદાસજી સ્વામીશ્રી પુરુષ સભામંડપમાં પધાર્યા ત્યારે ખુબ જ અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.પ.પૂ.સત્ય સંકલ્પદાસજી સ્વામીશ્રીએ દિવ્ય વાણીનો લાભ આપ્યો હતો.તેમણે મહારાજ પોતાનો રાજીપો સત્પુરુષ દ્વારા આપણા સુધી પહોંચાડે છે તથા આ લોક,પરલોકમાં સુખી થવું હોય એને સત્પુરુષની જરૂર પડે છે,ભોમિયા વિના મારે ભમવા તા ડુંગરા કાવ્યના ઉદાહરણથી સત્પુરુષ શોધવાથી ના મળે એ તો કૃપાથી મળે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

ગુરૂવાર, તા.૧૭ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સ્વચ્છ સર્વેક્ષણ-૨૪માં સુરત શહેરે સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરી નવો ઈતિહાસ રચ્યો

**દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, સુરતના મેયર દક્ષેશ માવાણી, કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ સમ્માનિત થયાં**





**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ એવોર્ડની આજે ૧૭ જુલાઈના રોજ જાહેરાત કરવામાં આવી છે. ૧૦ લાખથી ઉપરની વસ્તી ધરાવતાં સૌથી સ્વચ્છ શહેરોમાં ગુજરાતના અમદાવાદે બાજી મારી છે. ૨૦૧૫માં અમદાવાદનો નંબર ૧૫મો હતો, જ્યાંથી આ વર્ષે પ્રથમ નંબરે આવ્યું છે.દિલ્લી ખાતે રાષ્ટ્રપતિભવન ખાતે યોજાયેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ના એવોર્ડ સમારંભનું લાઈવ પ્રસારણ થયું હતું.

ભારતના સૌથી સ્વચ્છ શહેરે તરીકે, સુરત શહેરે "સુપર સ્વચ્છ લીગ" માં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે ૧૭ જુલાઈ ૨૦૨૫ના રોજ આયોજિત સ્વચ્છ ભારત મિશનના વિશેષ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના ઉત્તમ સ્વચ્છતા કાર્ય માટે માનનીય રાષ્ટ્રપતિ મહોદયાએ એવોર્ડ એનાયત કર્યો. માનનીય રાષ્ટ્રપતિ મહોદયાએ ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી દક્ષેશ મવાણી અને કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલ IASને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કર્યા.

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ના દિશાનિર્દેશો મુજબ અન્ય શહેરોને પ્રેરણા આપવા માટે "સુપર સ્વચ્છ લીગ" નામની નવી શ્રેણીની શરૂઆત કરવામાં આવી છે, જે પરંપરાગત રેન્કિંગ કરતાં વધુ મહત્વ ધરાવે છે.

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં સુરત શહેરે ઈન્દોર સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ના સ્વચ્છ સર્વેક્ષણમાં સુરતે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સુપર સ્વચ્છ લીગમાં તેવા શહેરોને સામેલ કરવામાં આવ્યા છે, જેઓએ છેલ્લા ત્રણ સર્વેક્ષણમાંથી ઓછામાં ઓછા બે વખત ટોચના ત્રણમાં સ્થાન મેળવ્યું હોય.આ શ્રેણીમાં દેશભરના કુલ ૧૨ શહેરોને વસ્તી આધારિત પાંચ વર્ગોમાં વહેંચી પસંદ કરવામાં આવ્યા હતા.

સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરોની શ્રેણીમાં સુરતએ સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## ગુજરાતના સૌથી મોટા કરોડોના સાયબર ફ્રોડ કેસની તપાસમાં ઈડીની એન્ટ્રી

**ફોરેક્સ ટ્રેડિંગ કનેક્શન કૌભાંડનો પર્દાફાશ ઉધના પોલીસે કર્યો હતો**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

આંતરરાષ્ટ્રીય ફોરેક્સ ટ્રેડિંગના રેકેટમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ સત્તાવાર તપાસમાં ઝંપલાવી દીધું છે.જેમાં ૨૦૦૦ કરોડથી વધુના આ કૌભાંડમાં મની લોન્ડરિંગ તથા હવાલા કનેક્શન પર પણ ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં જ ઉધના પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડ અને ફોરેક્સ ટ્રેડિંગનો ગુનો નોંધાયો હતો. આ સાયબર ફ્રોડનો આંકડો અંદાજિત ૨૦૦૦ કરોડથી વધુને પાર જાય છે. પોલીસે આ પ્રકરણમાં તબક્કાવાર દીપ મુકેશ ખેની ,કિરાત જાડવાણી અને મીત ખોખર જેવા સાયબર માફિયાઓની પણ ધરપકડ કરી છે. આ કૌભાંડમાં હવાલા કનેક્શનની સંડોવણી હોય તે માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટે(ઈડી)એ પણ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ઈડીએ તમામ ૧૬૪થી વધુ કરંટ એકાઉન્ટ્સની સઘન તપાસ શરૂ કરી છે, જેનો ઉપયોગ આ રેકેટમાં થતો હોવાનું મનાય છે. ખાસ કરીને, હવાલા મારફતે આ પૈસાનો ઉપયોગ કઈ રીતે થતો હતો તે અંગેની તપાસ EDની પ્રાથમિકતા છે. પોલીસે અત્યાર સુધી એકત્રિત કરેલા તમામ નિવેદનો, ડોક્યુમેન્ટ્સ અને અન્ય પુરાવા EDને સોંપવામાં આવ્યા છે, જે આધારે ED પોતાની તપાસને આગળ વધારી રહી છે.

આ રેકેટનું આંતરરાષ્ટ્રીય જોડાણ ક્યુબા દેશ સાથે હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ અલગ-અલગ બેંકોમાં કરંટ એકાઉન્ટ ખોલીને ક્રિપ્ટોકરન્સી અને સાયબર ફ્રોડના ટ્રાન્ઝેક્શન કરી રહ્યા હતા. આ બાબત કૌભાંડની ગંભીરતા અને વ્યાપકતા દર્શાવે છે.

## ધો.૧૨ (સા.પ્ર.)ની પુરક પરીક્ષાનું પરિણામ ૫૧.૫૮ ટકા જાહેર થયું

**૩૩૭૩૧ વિદ્યાર્થીમાંથી ૧૭૩૯૭ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયાં**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ૨૦૨૫ની તાજેતરમાં જ જુન જુલાઈ મહિનામાં વાયેલી સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે સવારે ગાંધીનગર શિક્ષણ વિભાગ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

સુરત શહેર જિલ્લા સહિત રાજ્યભરમાંથી પુરક પરીક્ષાના કુલ ૪૦,૮૬૫ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૩૩,૭૩૧ વિદ્યાર્થીઓએ પુરક પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૭,૩૯૭ ઉત્તિર્ણ થયા હતા. રાજ્યનું કુલ પરિણામ ૫૧.૫૮ ટકા આવ્યું હોવાનું બોર્ડ વેબસાઈટ ઉપરથી જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૨૪,૬૬૫ કુમાર અને ૧૬,૨૦૦ કન્યા પુરક પરીક્ષા માટેના ફોર્મ ભર્યા હતા જેમાંથી પરીક્ષામાં ૨૧,૪૯૫ કુમાર ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ૧૨,૨૩૬ કન્યાઓએ પુરક પરીક્ષા આપી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, પુરક પરીક્ષાની દિવસે સુરત શહેર જિલ્લા સહિત દ.ગુજરાતમાં અતિભારે વરસાદ ખાબક્યો હતો. જેને પગલે રસ્તા બ્લોક થવા સાથે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. પરીક્ષા કેન્દ્ર સુધી કેટલાક વિદ્યાર્થીઓ પહોંચી પણ શક્યા ન હતા. દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા જે વિદ્યાર્થીઓ પરીક્ષા નથી આપી શક્યા તેમની માટે બીજી પણ વ્યવસ્થા ગોઠવી દેવાઈ હતી.

## ચોમાસાની ઋતુમાં શહેરભરમાં સાપ નીકળવાની ઘટનામાં વધારો

**જહાંગીરાબાદ, કાપોદ્રા, ડીંડોલી, પુણા ગામ સહિતના વિસ્તારોમાંથી સાપને ફાયર બ્રિગેડે રેસ્ક્યુ કર્યા**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

શહેરમાં વરસાદી માહૌલ વચ્ચે સાંપ નિકળવાના બનાવો વધી રહ્યા હોય તેમ વિતેલા ૨૪ કલાકમાં શહેરના જહાંગીરાબાદ, કાપોદ્રા, ડિંડોલી, પુણાગામ તેમજ કામરેજ સહિતના ૧૦ અલગ-અલગ વિસ્તારમાંથી સાંપ નિકળવાના કોલ ફાયર બ્રિગેડને મળતા ફાયરની ટીમોએ રેસ્ક્યુ કરી જીવદયા સંસ્થાઓને શરીરસૃપોને સોંપી દીધા હતા. ઉલ્લેખનીય છે કે, ફાયર બ્રિગેડને પણ સાંપોને રેસ્ક્યુ કરવા માટેની ટ્રેનીંગ અપાઈ હોય ફાયરના જવાનો સ્ટીકનો ઉપયોગ કરી ૧૦ સાંપોનું રેસ્ક્યુ કર્યું હતું.

સુરત ફાયર વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર ગઈ કાલે રાત્રે ૧૨ વાગ્યાથી આજે સવારે સાડા દશ વાગ્યા સુધીમાં સુરત ફાયર કંટ્રોલને સાંપ નિકળવાના અલગ-અલગ જગ્યાએથી ૧૦ કોલ મળ્યા હતા. રહેણાંક વિસ્તાર ઉપરાંત ઝાંડી ઝાંખરા અને નદી કિનારે તેમજ તળાવો નજીક આવેલા વિસ્તારોમાંથી સાંપ નિકળવાના કોલ ફાયર બ્રિગેડને મળતા ફાયરના જવાનોએ શરીરસૃપોનું રેસ્ક્યુ કર્યું હતું. સ્ટીક વડે સાંપને પકડીને અલગ-અલગ જીવદયા સંસ્થાઓને સોંપી દેવામાં આવ્યા હતા.

ફાયર સુત્રોના જણાવ્યા પ્રમાણે વિતેલા ૧૦ જ કલાકમાં જહાંગીરાબાદ સુભાષ ગાર્ડન પાસે સુત્રાલી એપાર્ટમેન્ટ પાસેથી સાંપ નિકળ્યો હતો. આ ઉપરાંત પુણાગામ કિરણ ચોક પાસેથી, કામરેજ નંદસાડ રોડ ઉપર શિવ દર્શન સોસાયટી નજીકથી, મોરાભાગળ હનુમાન ટેકરી, કોસાડમાં અંજની ઈન્ડસ્ટ્રીઝ, કાપોદ્રામાં રવિપાર્ક પાણીની ટાંકી પાસે, ડિંડોલી સમુખ સર્કલ ઉપરાંત ડિંડોલી ફાયર સ્ટેશન પાસે અંબિકા પાર્ક, કાપોદ્રા પોલીસ સ્ટેશનની પાસે ધારૂકા કોલેજ પાછળ અને ડિંડોલી કૃષ્ણકુંજ સોસાયટી પાસેથી સાંપ નિકળવાના કોલ ફાયર કંટ્રોલને મળતા સાંપોને રેસ્ક્યુ કરાયા હતા.

## મુંબઈની બોસ્ટન એજ્યુકેશનનું ઉઠમણું, અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડ્યું

**વિવિધ કોર્ષના નામે જોબ ગેરન્ટી આપી રૂા.૫૨ લાખનું ફુલેકું ફેરવ્યું**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

મુંબઈના અંધેરી ખાતે ટ્રેડ સ્ટાર બિલ્ડીંગમાં બોસ્ટન ઈન્સ્ટીટ્યુટ ઓફ એનાલીટીક્સ ગ્લોબલ એજ્યુકેશન પ્રા.લી.નું સંચાલન કરતા હેડ અને ડિરેક્ટરો સહિત ૩ જણાએ સુરતના ઉત્રાણ વિસ્તારમાં રહેતા યુવક સહિત વિદ્યાથીઓ પાસેથી કુલ રૂ.૫૦.૮૭ લાખ મેળવી લઈ અભ્યાસ અને ટ્રેનીંગ બાદ ૩૫૦ કંપનીઓ સાથે ટાય અપ હોય નોકરીની લાલચ આપી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઉત્રાણ પોલીસ મથકે મુળ જુનાગઢના વતની અને હાલ પુણાગામ સંતકૃપા સોસાયટીમાં રહેતા હિરસાગર કાનાભાઈ ચાંડેરા ઉ.વ.૨૫ ઉત્રાણ મોટા વરાછા ખાતે પનવેલ પોઈન્ટ પાસે મધુવન એડટેક પ્રા.લિ. તથા દેવેશ પ્રા.લિ.ની ઓફીસમાં મુંબઈની બોસ્ટન ઈન્સ્ટીટ્યુટ ઓફ એનાલીટીક્સના ગ્લોબલ એજ્યુકેશન પ્રા.લી.ના હેડ અશ્વીન મલીક મેશ્રામ, તેમજ ડીરેક્ટર સુફીઆ ખાન અને વિજય જગન્નાથ દોઈફોડેને મળ્યા હતા. આ ત્રણેય જણાએ તેમની કંપનીના બ્રોશરમાં ૧૦૦ ટકા નોકરી આપવાની લાલચ આપી તેમજ તેમની સંસ્થાનું ૩૫૦ કંપનીઓ સાથે ટાય અપ હોય હિરસાગર સહિત અન્ય વિદ્યાર્થીઓને અલગ-અલગ કોર્ષ કરાવવાનું જણાવી તેની ટ્રેનીંગ અને ત્યારબાદ નોકરીની લાલચ આપી કુલ રૂ. ૫૨.૨૭ લાખ ઉંસેટી લીધા હતા. ત્યારબાદ ૪ મહિના જેટલા સમય સુધી કલાસીસ ચાલુ કરી પોટલા બિસતરા સમેટી લેવાયા હતા. આ છેતરપિંડી અંગે ગઈકાલે ઉત્રાણ પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## મગદલ્લા ગામમાં તસ્કરોએ ત્રણ દુકાનના તાળા તોડ્યાં

**રૂા.૭૮ હજારની મત્તા ચોરાઈ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

મગદલ્લા ગામ ભાવિદર્શન સંકુલ પાસે મામા ભાંજા નામની દુકાનમાં ઉપરાંત અતુલ બેકરીમાં તેમજ તિરૂપતી કુરીયરની ઓફીસમાં બે ચોર પ્રવેશી ગયા હતા અને ત્રણેય દુકાનોના ડ્રોવરમાંથી કુલ રૂ.૭૮ હજારની મત્તાની ચોરી કરી ગયા હતા.

ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વેસુ આંગન રેસીડેન્સીમાં રહેતા દિપક જેન્તીભાઈ ગિનોયા ઉ.વ.૩૯ મગદલ્લા ગામમાં ક્રિષ્ના ડેરી (મામા ભાંજા)ના નામથી ડ્રેરી પ્રોડક્સનું વેચાણ કરે છે. દરમિયાન ગઈકાલે રાત્રિના સમયે તેમની ડેરી ઉપરાંત બેકરી અને કુરીયરની ઓફીસમાં પ્રવેશી ગયેલા બે અજાણ્યા તસ્કરો કુલ રૂ.૭૮ હજારની મત્તાની ચોરી કરી ગયા હતા. આ મામલે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, એચ.કે.ઓટોમોબાઈલ નામની દુકાનને પણ નિશાન બનાવી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## મજાકમાં બે કિશોર બાખડ્યાં, માથામાં સળિયો ફટકારતા ૧૯ ટાંકા આવ્યાં

**વરિયાવ બસ સ્ટેન્ડ પાસે ઘટના બની હતી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

વરીયાવગામ બસ સ્ટેન્ડ પાસે રહેતી એક મહિલાના પુત્ર તેના મિત્ર સાથે મજાક મસ્તી કરતો હતો તે સમયે ૧૪ વર્ષિય સગીરને તેની મજાક કરી રહ્યા હોવાનું માની લઈ સગીરે લોખંડના રોડથી મહિલાના પુત્રને માથામા ઉપરા છાપરી ફટકા મારી દેતા તેને ૧૯ ટાંકા આવ્યા હતા. સિટીસ્કેન રિપોર્ટમાં પુત્રને માથાના પાછળના ભાગે ક્રેક થઈ ગયું હોવાનું નિદાન થયું હતું. આ મામલે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર વરીયાવ ગામ બસ સ્ટેન્ડ પાસે બે મિત્રો બેસીને મજાક મસ્તી કરતા હોય આ સમયે અહીં હાજર એક ૧૪ વર્ષિય સગીરને એવું લાગ્યું હતું કે તેની મજાક કરી રહ્યા છે જેથી સગીરે જનૂનમાં આવીને લોખંડના રોડથી બે મિત્રો પૈકી એક ઉપર હુમલો કરી દીધો હતો. જેમાં એક મિત્રને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં તેને માથાના પાછળના ભાગે ૧૯ ટાકા આવ્યા હતા. ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયેલા મિત્રને માથાના પાછળના ભાગે ક્રેક થઈ ગયું હતું. હાલ તે સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

## જૂના કોસાડ રોડના ખેતરમાં યુવકે ઝેર પી આપઘાત કર્યો

**મોટા વરાછાના ભાવિન વલ્લભ સવાણીએ અગમ્યકારણર અંતિમ પગલુ ભર્યુ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

મોટા વરાછા ખાતે રહેતા યુવકે જુના કોસાડ રોડ ખાતે આવેલા એક ખેતરમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. મૃતકે ક્યાં કારણોસર પગલું ભર્યું તે જાણી શકાયું નથી.

મુળ ભાવનગરના શિહોર તાલુકાના બુઢણાગામના વતની અને હાલ મોટા વરાછા લજામણી રોડ અનમોલ રો-હાઉસમાં વલ્લભ લાલુ સવાણી પરિવાર સાથે રહે છે. વલ્લભ સવાણીનો દીકરો ભાવિન(ઉ.વ.૩૮) ટેક્સટાઈલ માર્કેટમાં મજુરી કામ કરી પત્ની, ૧૧ માસની દીકરી સહિતના પરિવારનુ ગુજરાન ચલાવતો હતો. ગઈ કાલે મોડી સાંજે અમરોલી સ્ટાર હોમ્સ અને સહજાનંદ સ્ક્વેર ની વચ્ચે જુના કોસાડ રોડ ખાતે આવેલા એક ખેતરમાં ભાવિન સવાણીએ ઝેરી દવા પી લીધી હતી. તાત્કાલિક તેને સારવાર માટે હોસ્પિ.માં લઈ જવાતા દાખલ કરાયો હતો. જો કે, ટુંકી સારવાર બાદ તેનુ મોત નિપજ્યું હતું. મૃતક ભાવિને ક્યાં કારણોસર પગલું ભર્યું તે જાણી શકાયું નથી ભાવિનના અણધાર્યા પગલાથી માસુમ બાળકીએ પિતાની હૂંફ ગુમાવી હતી.

## ચેક રિટર્ન કેસમાં યાર્નના વેપારી હિમાંશુ શાહને એક વર્ષની સજા

**રૂા.૮ લાખનો ચેક રિટર્ન થતા ભરત ભટ્ટે ફરિયાદ કરી હતી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

૮ લાખના ચેક રિટર્ન કેસમાં કોર્ટે યાર્નના વેપારી હિમાંશુ શાહને તકસીરવાર ઠેરવીને એક વર્ષની સજા ફટકારી છે.

ફરિયાદની હકીકત મુજબ, ભરતભાઈ ભટ્ટ અને હિમાંશુ શાહ બંને યાર્નના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને એકબીજાને લાંબા સમયથી ઓળખતા હતા. આરોપી હિમાંશુ શાહે ફરિયાદીનો સંપર્ક કરી, પોતાના ધંધાકીય કામકાજ માટે ૧૧ લાખ રૂપિયાની હાથ ઉછીની માંગણી કરી હતી. જેથી ફરિયાદીએ RTGS દ્વારા ૧૧ લાખ રૂપિયા આરોપીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

આરોપીએ આ રકમની આંશિક ચુકવણી તરીકે ફરિયાદીને ૮ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. જ્યારે ફરિયાદીએ આ ચેક બેંકમાં વટાવવા મૂક્યો, ત્યારે તે રિટર્ન થયો. આથી, ભરતભાઈએ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન, ફરિયાદી તરફે એડવોકેટ વત્સલ કેતન રેશમવાલા અને અકીબ એમ. રેતીવાલાએ દલીલો કરી. કોર્ટે તમામ પુરાવાઓ અને દલીલોની ચકાસણી કર્યા બાદ આરોપી હિમાંશુ શાહને એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

## શહેરમાં સવારના તાપમાનમાં બે દિવસથી વધઘટ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૭**

શહેરમાં આજે સવારે છુટા છવાયા વરસાદી ઝાંપટા વચ્ચે બપોર થતા જ મહત્તમ તાપમાનનો પારો ૩૨ ડિગ્રીને આંબી ગયો હતો. સવારનું લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતા એક ડિગ્રી વધીને ૨૭.૧ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૯ ટકા રહ્યું હતું.

સુરત શહેર જિલ્લા સહિત સમગ્ર દ.ગુજરાતમાં મેઘરાજા ધીમા પડ્યા હોય તેમ વિતેલા એક અઠવાડીયાથી વરસાદ થંભી ગયો છે. બીજી તરફ દિવસે મહત્તમ તાપમાન વધવા સાથે ગરમી પડવાનું શરૂ થઈ ગયું છે. દરમિયાન આજે સવારથી જ સુર્યનારાયણ નિકળવા સાથે બપોર પડતા જ તાપમાનનો પારો ઉંચો ગયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૨.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે લઘુત્તમ તાપમાન ફરી એક ડિગ્રી વધ્યું હતું. લઘુત્તમ તાપમાનમાં બે દિવસથી એક-એક ડિગ્રીનો વધારો ઘટાડો થઈ રહ્યો છે ત્યારે સવારથી બફારાવાળું વાતાવરણ રહ્યું હતું.



**પુણા તરફના રોડ સમ્રાટ સ્કૂલની સામે એચટીસી-૨ પાસે બીઆરટીએસ રૂટમાં એક ભારે ભરખમ ટેન્કર ઘુસી ગયું હતું. આ ટેન્કરના ડ્રાઈવરની બેજવાબદારીને કારણે બીઆરટીએસ બસ સ્ટેન્ડની કેબિનના કાચ, લોખંડની ગ્રીલ, બોર્ડને ટક્કર લાગતા તૂટી-ફૂટી ગયું હતું. (તસવીર : હનીફ મલેક)**